
# અશ્રુઘર

-રાવજી પટેલ



# અશ્રુઘર

રાવજી પટેલ

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

*we share, we celebrate*

Ekatra Foundation

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ વીજાણુ પ્રકાશન-ebook-ના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ www.ekatrafoundation.org પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

## આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature. For more information, Please visit: http://www.ekatrafoundation.org.

# પ્રકાશન માહિતી


PATEL, Ravji
ASHRUGHAR, Novel

**કૉપીરાઈટ રમણ છો. પટેલ**

પહેલી આવૃત્તિ : સપ્ટેમ્બર 1966
ચોથું પુનર્મુદ્રણ : જુલાઈ 1995
રૂ. 55–00

**પ્રકાશક**
ભગતભાઈ ભુરાલાલ શેઠ, આર. આર. શેઠની કંપની
મુંબઈ 400 002 * અમદાવાદ 380 001

**મુદ્રક**
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી, સોનગઢ 364 250



સર્જક રાવજી પટેલ

# સર્જક-પરિચય

સર્જન કરવાની શક્તિ કેવી તો જન્મજાત હોય છે એનો એક દાખલો આપણા નવલકથાકાર પન્નાલાલ પટેલ છે તો બીજો એક દાખલો કવિ રાવજી છે – રાવજી છોટાલાલ પટેલ. જન્મ 15 નવેમ્બર 1939 અને, નાની વયે જ આ ઉત્તમ સર્જકનું અવસાન : 10 ઑગસ્ટ 1968.

ડાકોર પાસેના નાનકડા ગામ વલ્લવપુરામાં જન્મેલો આ સામાન્ય સ્થિતિનો ખેડૂત-પુત્ર અમદાવાદ આવ્યો, સ્કૂલમાં ભણ્યો, કૉલેજમાં બે વર્ષ કર્યાં; નિર્વાહ માટે મીલમાં, પુસ્તકાલયમાં નાની-સરખી નોકરીઓ કરી. આ એક સંઘર્ષ, ને શહેરમાં ગામ-ખેતર તીવ્રતાથી યાદ આવ્યા કરે એ બીજો મનોસંઘર્ષ. રાવજીનાં સંવેદના ને ચેતના એટલાં તો વેગવાળાં કે ગુજરાતીના કવિઓની કવિતા વાંચતાં વાંચતાં જ કવિતાનું ઝરણું ફૂટ્યું – ને જોતજોતામાં રાવજી પટેલ તે સમયની આધુનિક કવિતાનો એક મહત્ત્વનો કવિ બની ગયો – અદમ્ય સર્જકશક્તિનો જાણે ચમત્કાર ! ભણ્યો, વાંચ્યું, લખ્યું તે બધું જ તરવરાટથી ને વલવલાટથી – ઊંડે ડૂબકી મારીને. નાનપણના અપોષણને કારણે ક્ષય થયો, લાગણીની તીવ્રતાવાળા આ કવિએ એ ગણકાર્યું નહીં, રોગ વકરતો ગયો, એને હોસ્પિટલમાં દાખલ કરાયો – પણ એ બચ્યો નહીં. 30 વર્ષની નાની વયે આપણી વચ્ચેથી એ વિદાય થયો...

જીવ્યો એ દરમ્યાનમાં, કૃષિ-ચેતના તેમજ આધુનિક ચેતનાનાં ખેંચાણવાળી – લાગણી અને સમજના અદ્ભુત સમન્વયવાળી કવિતા લખી. અવસાન પછી એનો, કવિમિત્રોએ, સંગ્રહ કર્યો : ‘અંગત’ (1970). એ ઉપરાંત બે નવલકથા લખી ‘અશ્રુઘર’(1966) અને ‘ઝંઝા’ (1967). વાર્તાઓ લખી – ‘વૃત્તિ અને વાર્તા’ (1977). એક રોગગ્રસ્ત અશક્ત વ્યક્તિ, એક સશક્ત સર્જક.

*

# નવલકથા 'અશ્રુઘર'

આ નવલકથાના નાયકનું નામ છે – સત્ય. એ ક્ષયગ્રસ્ત છે, પણ મન એનું તરવરાટવાળું, તીવ્ર રીતે સંવેદનશીલ છે. હોસ્પિટલ અને ગામડાનું ઘર – એની વચ્ચે પસાર થતા એના દિવસો વિસ્મયભરેલા, લાગણીમય, ઉશ્કેરાટવાળા, વેદના-ને-પ્રસન્નતાવાળા પ્રેમ-અનુભવથી ભરેલા છે. હોસ્પિટલમાં લલિતા સાથેનો પ્રેમ, ગામમાં ગયા પછી સૂર્યા સાથે લગ્ન, વળી છેલ્લી ઘડીઓમાં લલિતાનું ક્ષણિક સાન્નિધ્ય...

નવલકથામાં લેખકની શૈલી રમતિયાળ છે, એની ભાષા શિક્ષિતની તેમજ ગ્રામજનની એવા બેવડા સ્વાદવાળી છે. લેખકની રમૂજવૃત્તિ – sense of humour – પણ સંવાદોમાં ને વર્ણનોમાં દેખાય છે. ક્યાંક તો નરી કવિતા છે એ.

કરુણ અંતવાળી આ નાનીસરખી નવલકથા એવી તો કથા રસવાળી ને સર્જનાત્મક ભાષાના કસવાળી છે કે એમાં એકવાર પ્રવેશ કરીશું એ પછી આંખો સામેથી એ ખસશે જ નહીં.

# અર્પણ

શ્રી જશવંતલાલ ઠાકરને

# લેખકનું નિવેદન

મારી આ પ્રથમ કૃતિ વાંચતાં વાંચતાં તમને એ તમાર હૃદય નજીક લઈ જશે તો તમારું તમારી સાથેનું એ મિલન પરોક્ષ એવા મને પણ આનંદશે. 'અશ્રુઘર'ના પ્રકાશનમાં કવિમિત્ર રઘુવીર ચૌધરીનો સ્નેહ સક્રિય બન્યો છે.

પ્રકાશક રમેશભાઈ દેસાઈનો આભારી છું.

મારા પ્રિય શિક્ષક શ્રી અમુભાઈ પંડયા શાળાકીય વર્ષો દરમિયાન મને શબ્દ સાથે અટકચાળાં કરતો જોઈ ગયા અને પછી તમાકુના છોડને ઉછેરવા જેવી મારા વિશે એ કાળજી લેવા લાગ્યા.

રાવજી.

•••

અમે અજાણ્યા ક્યાં લગ રે'શું
કહો તમારા ઘરમાં ?
હમણાં હડી આવશે પ્હોર–
રાતના ઘોડા ગોરી,
સાગ ઢોલિયે પાંખ ફૂટશે;
કમાડ પર ચોડેલી ચકલી
શમણું થઈ ઘરમાં ફડફડશે.
જુઓ પણે પરસાળ સૂંઘતો ચાંદો.
અમને ઘડીવાર તો ગંધ ઊંઘની આલો,
આલો શ્વાસ તમારો ઓઢું
જંપું.

અશ્રુઘર

# 1

દૂરથી ઘોડાગાડી જોતાં સત્યના મનમાં અનેક તર્ક-વિતર્ક આવી ગયા. એમાં લાલ સાડી પહેરેલી કોક સ્ત્રી પણ છે એ જોતાં જ એ પોતાની સાથે શરત લગાવી બેઠો :

'બોલ લાગી ? મારે ઘરેથી જ કોક આવે છે.'

શિયાળુ તડકા આડેથી કોઈ પડછાયો ખેસવી લેતું એને લાગ્યું. અમદાવાદથી પોતાને મામા અહીં મૂકી ગયા ત્યાર પછી બાપુજી અને મા એકાદ-બે વખત જ આવી ગયાં. આ આંબા નીચે બાપુજી માને કહેતા હતા : હવે તો એને સારું છે !

એમને લાગણીની જીભ જ ક્યાં છે ? પેલા જન્નુના કાકા દર વખતે આવે છે; આવે છે ત્યારે ઘી અને મગજ લેતા આવે છે. છે ને ઘોડા જેવો !

મધ્યાહ્નનું એકાંત જોઈને સ્રીવૉર્ડમાંથી કૂતરાંને હાંકતીહાંકતી પેલી નલિની બગીચામાં પેઠી. ભૂરીને જ્યારથી જથ્થાબંધ ગલુડિયાં આવ્યાં છે ત્યારથી નલિનીને એના પર ઝેર ચડે છે. એ બગીચામાં સાવધાનીથી પેઠી. એને ગુલાબની કળીઓ ચૂંટવાની આદત છે. આખો દિવસ વાળમાં ફૂલ ખોસીખોસીને બન્ને વૉર્ડમાં ડૉક્ટરની અદાથી રાઉન્ડ માર્યા કરવા, વિરોધીઓ તરફ જોઈ બેફિકર હસવું–ચાળા પાડવા; ક્યારેક પોતાના અપ્રિય લ્હેકામાં 'દિલ અભી ભરા નહીં' ગાયા કરવું; આમ કરવામાં જો કોઈ વિક્ષેપ કરે તો એનાં માબાપ વિષે અરુચિકર અભિપ્રાય આપી દેવો. આ જ એનું કામ હતું, અશ્વની ઓચિંતી હેષા સાંભળી ઝટપટ આ વિચિત્રા બગીચામાંથી બહાર આવી.

સત્ય જોતો હતો : આઘું ઓઢેલી–પણ મા ઓઢે છે એટલું બધું નહીં એવી કોઈ યુવતી–સાડી ન પહેરી હોય તો છોકરી જ જોઈ લો. એવી એ ઘોડાગાડીમાંથી ઊતરી. દેખાવે તે શિક્ષિત જણાઈ. એની સાથેનો એના વડીલ જેવો લાગતો પુરુષ ઘોડાગાડીમાંના દર્દીને નીચે ઉતારવા લાગ્યો હતો. પેલી યુવતીને મૂંઝાતી જોઈ સત્ય ત્યાં જઈ પહોચ્યો.

મરવાને વાંકે દર્દીને અહીં લાવવામાં આવ્યો હતો. દુર્ગંધના પોટલામાં કંઈ ઝાઝું વજન ન હતું.

દરવાજામાં નલિની ખોબામાં કળીઓ લઈને આગંતુકો ભણી કરડાકીથી કે એવા

અ-કશા ભાવથી જોઈ રહી હતી.

બીજાઓની પેઠે આ પણ પોતાને ફૂલ કળી લેવાની મના તો નહિ કરે ને ! પેલી યુવતી નાક સાફ કરીને અંદર પ્રવેશવા જ જતી હતી ત્યાં—

'તમે પણ અહીં જ રહેવાના છો ?'

એણે એને દરવાજા વચ્ચે રોકી.

'હા.' તે ખમચાઈ.

'તમને વાળમાં ફૂલ નાખવાં ગમે છે ?'

એણે સ્હેજ વાંકા વળી નીચેના પગથિયાં ઉપર ઊભેલી પેલી યુવતીના અંબોડાની સાદાઈ જોઈ લીધી.

તેટલામાં એને ઉત્તર પણ મળી ચૂક્યો હતો.

'ના.'

'તો તો મને ખૂબ ગમ્યું.' એના હર્ષનો પાર નહોતો. બીજું પગથિયું ચડવા જતી પેલી આગંતુકાને એણે રોકી : 'તમારે ધણી નહીં હોય ! નહીં તો તમે ફૂલ....'

ને સડસડાટ વૉર્ડ માં જતી રહેતી એને નલિની આશ્ચર્યથી જોઈ રહી. 'નહીં તો એ અંબોડામાં ફૂલ ન નાખે ?' સ્રી વૉર્ડમાંથી આવતી રૂગ્ણા તરફ જોઈ એણે પૂરું કર્યું.

* * *

નવા દર્દીને 11નંબરના ખાટલા પર સુવાડવામાં આવ્યો. એના પિતરાઈ કાકાને સત્ય આશ્વાસન આપતો હતો. જુદાજુદા દર્દીઓનાં ઉદાહરણ આપીને રોગનો પરાભવ કઈ રીતે શક્ય છે, એવું બધું. 'ચિંતા ના કરશો.' નંબર 11ની પત્ની તરફ જોતાં એમણે ફાળિયું માથે મૂક્યું અને સત્યને પાછી ભત્રીજાની ભાળવણ કરતાં કહ્યું : 'ખ્યાલ રાખજો. ભૈ. પાછું આંમને કંઈ જોયે કરે તે આલજો. હમણાં તો ડાગતરે અઠવાડિયું દસ દિવસ રહેવાની પરવાની આલી છે; પાછો તે હોરો હું ય આઈ જૈશ.' પાછું નંબર 11ની પત્ની તરફ જોઈ કહે—

'આ શે'રમાં ઊછરેલાં પાછરેલાં ખરાંને એટલે આવામાં રે'તાં ના ફાવે એટલે એમને ચોપડી-બોપડી આલજો. ગાંમની નેહોરમાં પાછાં મ્હેતી છે !'

બોલતી વખતે એમના બે મોટી ઉમરના દાંત હોઠ બ્હાર આવી જતા, એને વારંવાર હોઠથી છુપવવા પડતા હતા.

આ જોઈને ક્યારનોય નંબર 9 મૂંછમાં હસતો હતો.

'આવજો તો.' કહીને નંબર 11ના પિતરાઈ વડીલ રોપેલી તમાકુમાં પાણી વાળીને ઘર તરફ જતા ખેડૂતની જેમ હવે કંઈ કરવાનું ના હોય એમ ભત્રીજાવહુ પર નજર નાખતા જતા રહ્યા.

ત્યારે નંબર 9 જન્નુના ખાટલા પર જઈ ફસાક કરતો હસી પડયો. નંબર 11 અને એની પત્ની આ રોગવિશ્વમાં આવી ચડીને પરસ્પરનું મુખદર્શન કરતાં બેઠાં હતાં.

સત્યને પત્રલેખન સિવાય કંઈ લખવાનું ડૉક્ટરે ના કહ્યું હતું એટલે તે પણ નવા રોગીને અને એની આ યુવાન પત્નીને જોઈ રહ્યો. નંબર 11 પડયોપડયો દર્દીઓનાં મોં જોવામાં પડયો ત્યારે લલિતા એની પાસે સ્ટૂલ પર બેસીને કંઈક લખતી હતી-પત્ર હશે. સત્યની આંગળીઓમાં કશુંક લખવનો સળવળાટ જાગ્યો. બારીના કાચમાંથી પરાવર્તન પામી સૂર્યપ્રકાશ લલિતાના મોં પર પડતો હતો. એથી ગાલની રાતી ટેકરીઓમાંથી મનુષ્યને ગાંડો કરી નાખે એવી સુગંધ પ્રગટતી હતી. એનો રંગ ઘઉંવર્ણો હતો. એને રંગ જેવું સાહિત્યિક નામ ન આપવું હોય તો તમે તંદુરસ્તી કહી શકો. સત્યની આંખો એની ઘઉંવર્ણી તંદુરસ્તીને સૂંઘવા લાગી હતી. એ વખતે સત્યનું મન એની આદત પ્રમાણે લલિતાની લખ્યે જતી વચ્ચેવચ્ચે સળવળતી આંગળીઓને ઘઉંની ઊંબીઓની ઉપમા આપતું હતું. છોભીલો પડેલો સૂર્યપ્રકાશ સોનેરી ખોળા પર બેસીને એના મોંને, એના સુંદર-અક્ષરોને જોઈ રહ્યો. સત્ય જાગૃત થયો.

ઓશીકાનો ટેકો લેવો નહોતો તોય લીધો. બગીચામાંથી કોદાળી ઉલાળતા ઉલાળતા ઘર તરફ જતા માળીને જોઈ રહ્યો.

લલિતા એના દર્દી પતિને લઈ આવી ત્યારનો નંબર 7 વલુરતો વલુરતો વૉર્ડમાં આંટા માર્યા કરતો હતો

જન્નું પત્તાં રમતાં રમતાં હી હી કરતો હતો,

ખાટલાઓમાં પડેલા સમયના ટુકડાઓ પાસાં બદલતા હતા, છતાંય દિવસ કેમ કર્યો રોગના જંતુ જેવો ખસતો નહોતો.

નહીં તો શિયાળુ દિવસ સેનેટોરિયમની બહાર તો પતંગિયાની જેમ ઘડીક બેસીને ઊડી જાય.

બપોરે તો કેવળ સઢ જેવી મચ્છરદાનીઓનો આછો આછો ફફડાટ જ સાંભળ્યા કરવાનો. નલિની એકલી ગાયા કરતી. નર્સરૂમમાં ઘરડી નર્સ દર્દીઓના રજિસ્ટરમાં માથું નાખીને કંઈક લખતી હોય અને નં. 10 ઉપર સત્ય બેઠોબેઠો એના કવિમિત્ર બાદશાહને કે પ્રોફેસર મૅયોને લાંબોલચ પત્ર લખતો હોય કે અહેમદ કે એની માને યાદ કરી જીવ બાળતો હોય. બાકીના દર્દીઓ સેનેટૉરિયમના નિશ્ચલ સમુદ્રની મધ્યમાં પોતાનાં જહાજોને અધ્ધરતાલ લાંગરીને રોગવગરની દુનિયામાં પહોંચી જતા.

સત્યને લલિતા વિશે કશુંક લખવાનો વિચાર આવ્યો. પણ કશુંક તે શું લખે એને માટે ? અપરિચયમાં લખાય પણ કેવું ! ભવિષ્યમાં વાર્તા લખવા માટે કામ લાગે એટલે અનેક પ્રકારની વ્યક્તિઓના સ્કેચ એને અહીં મળી રહેતા. એ પાંજરા પર મૂકેલી મટકીમાંથી જલપાન કરવાને બહાને લલિતાને એની રીતે જોતો ઊભો થયો. બહાર આંબાના વૃક્ષ નીચે એના થડને ટેકો દઈને એ પુષ્ટદેહા કોઈ રવીન્દ્ર કલ્પના જેવી બંગકન્યાના પરિવેશમાં કંઈક વાંચતી હતી. સત્ય જોતો હતોઃ એ વાંચતી હતી કે નિજમાં ઊતરી પડી હતી ?

બપોરી ઊંઘનું મોજું સરકતું થાય એટલામાં તો ડૉક્ટરના રાઉન્ડનો સમય થઈ જતો. આજે એમનો મૂડ હંમેશ કરતાં સાવ જુદો હતો. બે દિવસ પહેલાં સત્ય સાથે ટૉલ્સ્ટૉય વિષે વાત કરતા ઝઘડી પડેલા. ‘તારો દોસ્તોયવસ્કી જેટલો કલાકાર છે એના કરતાં ટૉલ્સ્ટૉય મારે મન મહાન છે, કેમ કે એને જીવનમાં દોસ્તોયવસ્કી કરતાં વિશેષ રસ છે. જે કલામાં જીવનનો ધડકાર નથી એવી કલા સરસ્વતીની શિરકલગી હોય તોય મને મંજૂર નથી.’

‘પણ એ પણ...’

ને ડૉક્ટર પટેલ ઊકળી પડેલા –

‘પણ બણ ન ચાલે. આપણે મનુષ્ય છીએ યમદૂત નથી. અને હું તો એટલું સમજું કે મનુષ્યને જીવવું જ ગમે.’

‘તો હું ક્યાં મૃત્યુની વાત કરું છું ?’

આજે ડૉક્ટર આવતાંની સાથે સત્યના ખાટલા પાસે આવીને બેસી પડયા.

‘કેમ કંઈ નવું વિચાર્યું કે ?’

‘ના.’

‘વિચાર. એની પર મારું કશું નિયંત્રણ શક્ય નથી’

પાછું કંઈ યાદ આવતાં તેમણે કહ્યું :

‘મારી પાસે કામૂની એક સુંદર નવલ હમણાં આવી છે. સુંદર એટલા ખાતર કે એ તને ગમે એવી છે. બાકી મા મરી ગઈ હોય ને જાણે રોજની જેમ આ પણ કશુંક નવું બની ગયું છે એમ વર્તતો તારો પિત્રાઈ મને તો ન ગમ્યો. તું વાંચજે. કાલે લેતો આવીશ. શું કરે છે અત્યારે ?’

ડૉક્ટર, તમે રોજ એક જ રાઉન્ડ લો છો એના કરતાં બે વખત આવો તો સારું. બાકી ટેસ છે. રસોડા પાછળ ભૂરીએ સાતેક ગલુડિયાં જણ્યાં છે. વ્હાલાં લાગે એવાં છે તે – ગઈકાલે એનું એક બચ્ચું લાવ્યો હતો. ભૂરીએ મારું ખમીશ ફાડી નાખ્યું, જુઓ.’

સત્યે ઓશીકા નીચેથી શર્ટ કાઢ્યું.

ડૉક્ટર ખડખડાટ હસ્યા. પાસે ઊભેલી નર્સને કહે :

'જોયું ? હૃદયદાસ છે. હૃદય કહે એમ કરનારો.'

પછી સત્ય તરફ વળ્યા.

'તું સ્રીનું દિલ પિછાની શકતો નથી, એમાંય માતાનું તો નહીં જ.' એ ઊભા થયા ને વૉર્ડમાં ફરતાં કુરકુરિયાં તરફ દૃષ્ટિ નાખી તે નંબર 11 ના ખાટલા પાસે ગયા.

એ વખતે નંબર 11 ઘસઘસાટ ઊંઘતો હતો.

ડૉક્ટરનો રાઉન્ડ હતો એટલે લલિતા બહાર હતી. ડૉક્ટર પાછા વળીને સત્યને ખૂબ ધીમેથી કહેવા લાગ્યા :

'એનો શ્વાસ સાંભળ્યો તેં ? He is very serious. He should sleep soundly.

એ બીજા દર્દી પાસે જતા હતા ત્યાં સત્યે એમને રોક્યા.

'ડૉક્ટર, એક મિનિટ પેન આપોને. મારા એક પ્રોફેસરને પત્ર લખવો છે.'

'Very bad habbit ! You must keep it.'

પેન આપતાં સલાહ આપી :

'Don't use it roughly.'

લલિતા એની બારી પાસે ઊભી હતી. સત્યે પાંજરામાંથી પ્રો. મૅયોનો થોડાક દિવસ પર આવેલો પત્ર કાઢ્યો. ઉત્તર આપવા માટે ફરી વાર વાંચી લેવાનું મન થયું હતું. એ વાંચવા લાગ્યો :

'પ્રિય ભાઈ,'

મને લાગે છે, તારામાં કંઈક જોસ અને સ્ફૂર્તિનો વધારો થયો છે. હજી ઈશ્વર તને સંપૂર્ણ તંદુરસ્ત થવા દે.

અહીં પરીક્ષા ચાલે છે. થોડા દિવસો પછી રજાઓ. અને રજાઓમાં આણંદ આવવાનો મારો વિચાર છે જ. તારું ક્ષયકેન્દ્ર નવું લાગે છે. દશેક વર્ષ ઉપર હું ત્યાં હતો ત્યારે એક જ ડૉ. કૂકનું દવાખાનું હતું–એમાં એક ભાગ ટી. બી.નો હતો. એ સમયે એ ઘણું સારું ગણાતું. ગુજરાતીના અધ્યાપક કહેતા હતા હજી એ ચાલુ જ છે.

તારે સદા આનંદિત રહેવું જોઈએ.

સૌથી મોટો આનંદ બીજાને આનંદી કરવામાં છે. દુનિયા તેજછાયાથી મિશ્રિત છે. તેજને જરા વધુ વિસ્તાર આપવો અને છાયાનો નાશ કરવો. એનું પરિણામ તે સુખ. એને તું આનંદનું નામ આપ. જોકે છાયા કદીય નાશ પામતી નથી એ આસુરી તત્ત્વ છે. પ્રત્યેક ચીજને એની છાયા હોય છે. સદ્અસદ્ એ મનુષ્યનાં બે વિભિન્ન પાસાં છે. પરસ્પર પૂરક

છે. આપણે હંમેશા છાયાનો નાશ કરીએ છીએ એ પ્રવૃત્તિ જ વાસ્તવમાં ભ્રામક છે.

તું આરામ કરજે. હું ધારું છું, તારી જરૂરિયાતો પૂરી પાડવા માટે તારી પાસે કોઈ સંબંધી તો હશે જ. કોઈ વસ્તુની જરૂર પડે તો જણાવજે. હું તારી પડખે છું.'

સત્યે બાજુમાં જોયું. જોવાઈ ગયું. લલિતા પતિના ઊંઘછાયા મોંને એકટશ જોઈ રહી હતી.

સત્યે પત્ર લખવાનું શરૂ કર્યું.

પત્ર લખાઈ ગયો. હજીય લલિતા એના રૂગ્ણ સૌભાગ્યને જોઈ રહી છે. સત્યને થયું : આ સ્રી કેટલી કાળજી રાખે છે એના પતિની ! પોતાને કોઈએ આ રીતે સસ્નેહ તાક્યું નથી ! અરે, આવે છે જ ક્યાં ? વાર પર્વની જેમ કોક દિવસ વિવેક બતાવીને ચાલ્યાં જાય છે બધાં. રમેશનો પત્ર હતો. એ એની સાયકોલોજીમાંથી ઊંચો આવે તો ને ! અધ્યાપકો કહે છે સાયકોલોજી માનવીના મનનો અભ્યાસ કરે છે... એ વળી કેવું. રમેશે આજ લગીમાં કેવળ એક જ પત્ર લખ્યો. એમાં સમાચાર આપે છે, 'મારી વિવાહિતા પણ મારી કૉલેજમાં જ છે.'

નંબર 11 જાગ્યો. એના ગળાનો પરસેવો લલિતાએ લૂછ્યો. ભૂરીનું પેલું ટિલિયું કદકદ કરતું વૉર્ડમાં આવ્યું. પોતે નાનો હતો ત્યારે રમેશ સાથે ખેતરમાં કપાસ વીણવા જતો. પવનમાં કપાસનો લોચો ખેતરમાં ઊડે એ એને ખૂબ ગમતું. ટિલિયાનો રંગ રૂ જેવો હતો. સત્યને થયું, એને ઉપાડી લે ને સૂંઘી લે. રૂમાંથી આવતી હતી એનાથી પણ વિશિષ્ટ પ્રકારની સજીવ વાસ એમાંથી આવે. આવે જ વળી કેમ.

સત્ય લલિતાની મૂક ઉપસ્થિતિથી સહેજ મૂંઝાયો, શિક્ષિકાઓ કંઈ મૂંગી નથી હોતી. આમેય સ્રીઓનો સામાન્ય ગુણધર્મ વાચાળતા જ હોય છે ને !

સત્યે પોતાના મનોખંડમાં સંવાદ રચ્યો.

'......'

'......'

...હંઅ...

'હંઅ નહીં. સ્પષ્ટ કહો. ગમે કે નહીં ?'

'પણ શું...તમને સાંભળવામાં તો હું તમારો પ્રશ્ન જ ભૂલી ગઈ ?'

'મેં એમ કહેલું–ના પૂછેલું કે તમને હું સ્વભાવિક રીતે પુછાઈ જાય એવા પ્રશ્નો કરું તો ગમે કે નહીં ?'

'એ વળી કેવું...મને કહો છો એ સમજાતું નથી.'

'તમે સમજી શકો એવું હું બોલી શકતો નથી, જોઈ શકું છું.'

‘......’

‘હસો નહીં,’ સત્યથી મોટેથી બોલાઈ ગયું. લલિતાએ એની સામે જોયું એટલે કે પૂછ્યું.

‘હું ક્યાં હસું છું ?’

સત્ય થોડીવાર સુધી સંક્ષોભ અનુભવી રહ્યો.

‘તમે હમણાં હસ્યાં નહીં. ત્યારે ? હમણાં તમે તમારા પતિના ગળેથી પરસેવો લૂછતાં હતાં ત્યારે જ વળી,’

‘એ તો બહુ વાર થઈ.’

ને પાછું વધારે બફાઈ ન જાય એટલે એણે હસીને આ વાસ્તવિક સંવાદનું સમાપન કર્યું.

મેંતરાણી કાછડો લગાવીને વૉર્ડ સાફ કરવા આવી. એની ઊજળી જાંઘ પર રૂપિયા જેવું લાખું જોઈને સત્યને મનમાં હસવું આવ્યું. જન્નુના મનોવિકારનું એ લાખું તો ઘર છે. સત્ય નવોસવો આવેલો ત્યારે જન્નુના ખાટલા નીચે વધારે ને વધારે તે પોતું કરતી એટલે એણે સહજ પૂછ્યું :

‘તમે’ બેન ત્યાં કેમ બહુ ઘસઘસ કરો છો ? અમે પણ છીએ હોં, એના ખાટલા નીચે જ કચરો પડે છે એમ ન માનતાં.

એને કટાક્ષ લાગતાં સત્ય પર ઊછળી પડેલી :

‘તેં મારી મશ્કરી કરી મૂઆ ટીબલા.’

નં. 7ની આદત જોઈને સત્યને એની ખડકીવાળા લાલાકાકા યાદ આવ્યા, ગામ આખામાં એમના હાથે ખાંડેલી ગડાકુ પિવાય છે. એક દિવસ સત્ય એમને પૂછી બેઠેલો :

‘કાકા, ખાંડો છો એટલી તમાકુ ખાઈ તો નથી જતા ને ? બધી કંઈ ઓછી વેચાતી હશે ?’

ત્યારે લાલાકાકાની બોખી મુખમંજુષામાંથી જીવનનું ઘૂંટાએલું રહસ્ય નીકળેલું.

‘બધ્ધુંય જાય ભૈ, પણ માંણહની તલબ ના જાય ! એની મેંઠાસ પાંમવી ને ગુમડાંની ચોફેર વલુર્યા કરવું બેય હરખું.’

અચાનક સત્યની સમાધિને નં. 11ની પત્નીએ ખંડિત કરી.

‘આ તમારો કાગળ લો.’

સત્યને પત્ર લેવાનો ગમ્યો.

ખૂબ હોંશથી પત્રવાચન કરવા લાગ્યો. એના મિત્ર-અહેમદનો હતો. લખતો હતો.

'તારાં મા તને યાદ કરીકરીને જીવ બાળે છે.'

'જોયું મારી મા મને યાદ કરીકરીને જીવ બાળે છે બિચારી.' એવું કહેવા જતો હતો પણ ત્યાં સાંભળે એવું કોઈ નહોતું. ખાટલા પાસેથી નર્સ પસાર થતી હતી. એને કહેવાનું મન થયું પણ પોતે સામાન્ય લાગશે એમ લાગવાથી પાછું વાંચવામાં ચિત્ત પરોવ્યું. 'એમનાથી હમણાં અવાય એમ નથી; કેમ કે તમારી ભેંસ વિયાઈ છે, પાડી આવી છે.' આ વખતે તો એ પોતાને કાબૂમાં ન રાખી શક્યો.

નં. 9ને ખુશાલીના સમાચાર કહ્યા.

'મારી ભેંસને પાડી આવી, ગોબરકાકા.'

'તંયે કુલેર ખવડાવો સતિભૈ. મારે ચાંદરીને તીજી ફરાય એને વાવડ આવે કદચીયો જ આયો. માંનાવારી પ્હેલવેતરી સે, શિકોતરને જેતાની માએ ઢેબરાંની ઉજાંણી માંની તોય કમરનો લશેલો પાડો આયો. ફતે લંગડી વરતગાડેલી એને વાવડ આવે તે લંગડીનેય પાડો. સતિભૈ કૌ' ત્યણે ભેંહોને શું હુઝયું ? એમણે મને લાગે હંપ કરેલો હશે. નૈ ? મેં એક જ વરહમાં ત્યણ કદચીયા પાડા રમતા મેલ્યા. એક ગાંમઈ પાડો તો છે ગાંમને લમણે.'

ગોબરકાકા જાડા ધોતિયાની કોરથી નાક લૂછતા સત્યના ખાટલા પર ચડી બેઠા.

'જેતાની મા તો એકને છોડે ને એને મરે બીજો દોયડું તોડતોક વછૂટે, લંગડીને ચાંદરીનો ધાવ્યા વરજી પડે ને, ચાંદરીને માંનાવારી પ્હેલવેતરીનો ચૂહવા મંડે. મારા ભૈ ત્યણેય એક સખાના. ઓરખાય જ નૈ એને વાવડ આવે.'

સત્યે પત્ર પૂરો કર્યો. આનંદ વ્યક્ત કર્યા બદલ મનોમન પસ્તાયો. ગોબરકાકાનું પાડાપુરાણ હજી અસ્ખલિત વ્હેણમાં ચાલતું હતું. 'દિવારીને દન ચાંદરીવારો પાડો મૂઓ શું ય જોઈ ગયો તે એને વાવડ આવે મોકલયો તે મારી જેતાની માનો પગ ગૉલી નાશ્યો એને—' 'બસ બસ ગોબરકાકા. મારી ભેંસને પણ પાડો આવ્યો.' સત્ય હવે ત્રાસ્યો.

'ના હોય ? ખાવ શિકોતરના હમ ?! પાડી આઈ એ ભેંહ પ્હેલવેતરી સે કે બીજવેતરી ? પાડો આયો એની મા હબદી હુક્યલી ? મારે ચાંદરી સિવાય બીજી બેય હુકયલી. પણ દૂધ ચાંદરી કરતાં દોઢશેર વધારે હોં કે! તમે ગા રાખો કે ? મારે —'

સત્ય ઊભો થઈને જતો રહ્યો બહાર.

# 2

'લોને આ કવર પોષ્ટમાં નાખવાનું છે. સડક પર જાવ છો તે કોઈ સાઈકલીસ્ટને આપી દેજો.'

સત્યને લલિતાએ પરબીડિયું આપ્યું.

'સડક પર તો નથી જતો, પણ એ તો આપી દઈશ કોઈને.' સત્ય એના મરોડદાર અક્ષરો જોતો જોતો વૉર્ડ બહાર ગયો. લલિતા પતિનાં બેત્રણ કપડાં ધોવા બાથરૂમમાં ગઈ.

રોગીઓ જમીપરવારી ખેતરમાં, સડક પર છૂટાંછવાયાં વેરાઈ જતાં. પેલો જન્નુ બસસ્ટેન્ડ પાછળના વડ નીચે થડ પાછળ લપાઈ ગયો. હવે નિરાંતે બીડીના દમ લગાવશે. ડૉક્ટરે એના હોઠ જોઈને એક દિવસ પૂછેલું.

'તું બીડી પીએ છે ને ?'

ત્યારે બે હાથે કાનની બુટ પકડીને દશશેરી હલાવી હતી,

'ઉંહુ.'

'તો આ હોઠ કેમ ધૂણીવાળા થયા છે ?'

એણે સોગન પણ ખાધા હતા.

'મહીસાગરના.'

નંદાડીને જોતાંવેંત એ પાડાની જેમ મલકાતો. જન્નુની એ બીજી બીડી હતી. નર્સ કહેતી હતી કે જન્નુ તો જૂનો દર્દી છે. ગયે મહીને અમદાવાદ વાડીલાલ હૉસ્પિટલમાંથી ઑપરેશન કરાવીને. આવેલો. પેલો ઉસ્માન માસ્તર બેચાર દર્દીઓને ભેગા કરીને પોતાના ઑપરેશનની 'ટેપ' સંભળાવતો હતો.

એને આંખો મચકારવાની આદત છે. રાતની નર્સ નં. 7ને કહેતી હતી :

'પેલો ઉસ્માન લુચ્ચો છે.'

સત્યને ઉસ્માન ભાઈ જેવો લાગતો હતો. ઉસ્માન શાયર હતો. એની આંખ

મીચકારવાની આદત સત્યને નોંધપાત્ર લાગી હતી.

તિવારી વૉચમેન ગોફણ ખભે નાખીને,

‘રામઝરુખે બૈઠ કે સબુકા ,મુઝરા દેખ

જયસી જિનકી ચાકરી વૈસા ઉનકો દેત.’

ગાતો નર્સની કેબિન તરફ વૉચ કરવા સરકી ગયો.

લલિતા કપડાં ધોઈ-સુકવીને બહાર આવી. આંબા નીચે સત્યને એકલો નિમગ્ન સ્થિતિમાં બેઠેલો જોઈ એની પાસે પહોંચી.

‘કેમ કશે ફરવા નથી જવું ?’ સત્યને એણે જાગૃત કર્યો.

‘ના લલિતાબેન, મને આ આંબા નીચે બેસી રહેવાની મજા આવે છે. મારા એક ખેતરમાં રસ્તા ઉપર જ આંબાનું વૃક્ષ છે. હું હંમેશ ત્યાં જઈ બેસતો. રજાઓ પૂરી થતાં અમદાવદ જતો રહું ત્યારે મારા બાપુજીનું સ્મરણ પછી થતું, પ્રથમ એ—’

‘ખેડૂતના પુત્ર છો એટલે વૃક્ષપ્રીતિ વધારે હશે.’

‘વધારે નહિ, છે.’

સત્ય આમ્રઘટાને લાગણીભરી નજરે જોવા લાગ્યો.

એ સમયે દરવાજાનાં પગથિયાં પર નાની નાની દેડકીઓ કૂદાકૂદ કરતી હતી. એને જોઈ રમતમાં જામી પડેલું ગલુડિયું મીઠા અવાજ કરતું હતું.

લલિતાનું ધ્યાન એના તરફ ગયું. એને ડચકારાથી બોલાવવાનો પ્રયત્ન કરી જોયો પણ એ ક્ષુબ્ધ પ્રાણી ન સમજ્યું.

‘કેટલું વહાલું છે !’

લલિતાએ સત્ય ભણી જોયું. ‘નહીં ?’

‘મને પણ એ ખૂબ ગમે છે.’

‘ગમે એવું જ છે.’ કહીને લલિતા એને પકડી લેવા ગઈ. સત્ય એકલો એકલો કહેતો હતો :

‘ખરું છે એ ?’

લલિતાએ બૂમ પાડી :

‘એ...આ તો દેડકામાર નીકળ્યું. જુઓ’ને’ એ ત્યાં જ ઊભી ઊભી મરેલી દેડકીઓ ગણવા માંડી. આઠની સંખ્યા થતાં થતામાં સત્ય ત્રાસી ગયો.

*

અહેમદ આવવાનો હતો. ચાર દિવસ ઉપર પત્ર હતો. એમાં તો એ ગઈકાલે આવવાનો છે એમ લખ્યું હતું. સત્યે એની ખૂબ વાટ જોઈ. રીંગણાંમરચાંમાંથી જ નવરો આવતો હોય તો ને ! 'અમદાવાદવાળું મિત્રમંડળ આવી ગયું પણ એ કાછિયો ન દેખાયો.' એ બબડયો. પાસે મેંદીની વાડમાં સંતાઈ ગયેલા કાંચિડાને સૂંઘીસૂંઘીને ખોળવાનો મિથ્યા પ્રયત્ન કરતું ટિલિયું ભસ્યું. લલિતાએ આવીને એને ઊંચકી લીધું. કેડમાંથી વાંકી વળેલી લલિતા કન્યાના સૌંદર્યને પ્રગટાવી રહી. એણે સ્મિત ન કર્યું હોત તોય ચાલત. સત્ય બે દિવસ ઉપર મનમાં એને સ્મિતવતી કહીને સંબોધતો હતો. એ આઘું ઓઢે એવું સત્યે ઇચ્છયું પણ પોતે ઓછો કંઈ એનો જેઠ છે-હતો ! આ વિચારથી તેને હસવું આવ્યું.

કુરકુરિયાને માથે હાથ ફેરવતાં લલિતાએ પ્રશ્ન કર્યો : વાત કરવાનો આરંભ કરવાની એની આ પ્રશ્નરીતિ આકર્ષક હતી :

'કેમ હસવું પડયું ? મારું એવું કયું વૈચિત્ર્ય તમે જોઈ ગયા ?'

'તમે સાદ્યંત સરલ છો. બીજી ભાષામાં એનું એ જ કહું તો તમે નરી સરલતા છો; સજીવ સરલતા.'

સત્યને થયું પોતાના આ સાહિત્યવેડાથી એને હસવું તો નહીં આવે ? એણે વિષયસંક્રાન્તિ કરી :

'તમે લાજ કાઢો છો ત્યારે સુંદર લાગો છો.'

લલિતા જોરથી હસી પડી.

'મારો અભિપ્રાય તમને કટાક્ષ તો નથી લાગ્યો ને ? લાજના પણ પ્રકાર હોય છે. આડી લાજ, ઊભી લાજ, મૂંગી લાજ, ચૂંવાળી લાજ.' સત્યને થયું લલિતા પોતાને ગાંભીર્યથી સાંભળશે પણ હવે તો એના હાથમાંથી પેલું ગલુડિયું પણ નીચે ઊતરી ગયું હતું.

'મેં કંઈ – લલિતાબેન તમારી સાથે વાત કરતાં મેં કંઈ વ્યંજનાનો ઉપયોગ નથી કર્યો.'

'હું સરલ નથી પણ તમે સરલ છો નહીં તો....'

'હં હં બોલો.'

'પેલું ગલુડિયું કેટલું સરસ છે.' વાતને બદલી નાખીને એણે ગલુડિયાને બુચકારા કર્યા. એ કદકદ કરતું પાછું આવ્યું. એટલે વાતને સાંધી :

'આ પ્રાણી પણ કેવું સમજણું છે ! તમે – આપણે આનું નામ પાડીશું ?' એને પકડી સુંવાળા ગળાની આસપાસ હળવાસ ફેરવવા લાગી. વચ્ચે વચ્ચે મનુષ્યનો કઠોર સ્પર્શ ભળી જતાં તે બાલપ્રાણી કૂણું કૂણું ભસી પડતું. સત્ય ચૂપ હતો. લલિતાને સમજતો હશે.

'એ રાજકુંવર ! સાંભળો છો ?'

લલિતાને ગલુડિયાની મુલાયમતાનું વ્યસન લાગ્યું એમ એમ તે વધારે હાથ ફેરવવા લાગી. ઓચિંતું એની આંગળીએ એણે બચકું ભર્યું.

'ઓય...'

કેવળ બે જ મનુષ્ય સાંભળી શકે એટલી તીણી મીઠાસ વાતાવરણમાં પ્રસરી ગઈ.

લલિતાએ એને નીચે છોડી દીધું.

સત્ય ચમક્યો.

'તમને બચકું ભર્યું ને એણે ?'

'હા. ક્યાં ગયા હતા ? હું પૂછતી'તી આપણે એનું નામ પાડીશું ?'

'નામ પાડવું છે? સર્વદમન રાખો. શકુન્તલાના પુત્રનું નામ સર્વદમન હતું.'

'ખબર છે. પણ...'

'કેમ ન પડાય એ નામ ?'

'પણ આ બાપડું તો નિર્દોષ છે. કોઈને ક્યાં સતાવે છે ?'

'કેમ, તમને હમણાં એ લુચ્ચે બચકું ન ભર્યું ?'

ને બન્ને હસી પડયાં.

થાળીઓ ખખડી – વૉર્ડ ભૂખ્યો થઈ ગયો હતો.

'જમવા નથી જવું ?' લલિતાએ પૂછ્યું.

'આજે ડૉક્ટરની મહેરબાની મારા પર વરસી પડી હતી. પેટ ભરાઈ ગયું છે. ફળો અને શીખંડપૂરીથી. બાકી હતું તે તિવારીએ ઊંધિયું ખવડાવ્યું. ડૉક્ટરે તો મારામાંથી પણ ભાગ પડાવ્યો. સરસ હતું. કહે છે સુરતની છોકરીઓ રસોઈની રાણી – ના, પાવરધી હોય છે.'

'હું સુરતી છું. મારા હાથની રસોઈ તમે ચાખી નથી હજી,'

'એટલે શું ડૉક્ટરનો મેં કહેલો અભિપ્રાય વજુદ વગરનો છે ? ' લલિતા હસી. 'હું એમ ક્યાં કહું છું. મને પણ સરસ વાનગીઓ તૈયાર કરતાં આવડે છે, એમ કહું છું.'

'ઓહો એમ !'ને એણે પશ્ચિમઆકાશમાં મીટ માંડી.

'આકાશમાં શું જુઓ છો ? હજી તો એકે તારો ઊગ્યો નથી.'

'નથી કેમ ? જુઓ પે...લો રહ્યો શુક્ર.' લલિતા સત્યના મોં ભણી જોતી હતી.

'જોયો ? વીજળીના બીજા તારની ઉપર પેલું પક્ષી ઊડે છે ત્યાં. હું છે ને લલિતાબેન, પાંચમાં ધોરણમાં હતો ત્યારથી એને ઓળખું છું. અમે સાથે ભણેલા.'

'શુક્ર સાથે ?'

'ના.' સત્યની વાતચીતમાં અહેમદનું સ્મરણ ભળી ગયું હતું.

'ના. સૌથી પહેલાં અહેમદ એને ઓળખી લાવેલો. એ મારો મિત્ર છે. શુક્રને જોઈજોઈને અમે તળાવની પાળ પર બેઠા બેઠા વાતો કરતા.'

પાછું જમવાનો સમય યાદ આવતાં એણે લલિતાને જમવા અંગે પૂછી લીધું.

'ના. મારે ગુરુવાર છે.' ને કેળાંનો નાસ્તો કરી લીધો હતો.

'પછી ?'

'પછી તો એ વકીલ થવાના મનસૂબા ઘડતો ને હું સંન્યાસી થવાનું કહેતો.'

'સંન્યાસી ?' લલિતા ભડકી.

'હા. અત્યારે એ ખેડૂત છે. શિક્ષિત ખેડૂત. આપણે ત્યાં બહુ ઓછા છે એના જેવા. એ તો પરણી પણ ગયો ને આપણે રામ હજી એના એ છીએ. સંન્યાસી.'

આમ્રપત્ર હાથમાં લઈ તે હાથ-મોં આગળ લાવીને ગોળ ગોળ ફેરવવા લાગ્યો.

'તો હવે પરણજો.'

લલિતા એના મુખભાવ જોવાની ઇચ્છાને ન રોકી શકી.

'હવે તો પરણ્યા ! ટી. બી. ફરીથી ઊથલો મારે તો બિચારી આવનારીને...'

સત્ય એકાએક અટકી પડયો. કંઈક યાદ આવ્યું હોય એમ લલિતાના ચહેરા તરફ જોઈ લીધું અને...

'પણ લલિતાબેન, તમે કશી ચિંતા ન કરશો હોં ! આ વ્યાધિ કંઈ હવે અસાધ્ય નથી; તમારા પતિ બે-ત્રણ માસમાં તો મારી જેમ હરતાફરતા થઈ જશે.'

સત્ય આંબાનો ટેકો દેવા પાછળ ખસ્યો. એનો પગ લલિતાને અડી ગયો.

સાંજમાં બેઠેલું એ સ્ત્રીશરીર ભયજન્ય કંપારી અનુભવી રહ્યું.

'ડૉક્ટર તો કહે, તમે ગભરાશો નહિ.'

સત્યના એ વાક્યને પૂર્ણવિરામ મળે તેટલી ક્ષણોમાં તો લલિતાની ઉપસ્થિતિ વૉર્ડમાં પ્રવેશી ચૂકી. પતિના ખાટલા પાસે – ખાટલા ઉપર બેઠી. બેઠી કે તરત જ ઊઠી અને ઊંઘતા પતિના કપાળે હાથ મૂક્યો. હાથ નહીં વ્યાકુળતા. ધીરે ધીરે ઊઘડતી પતિની પાંપણો પૂરી ઊઘડી રહે તે પહેલાં તો એ માંદી આંખોમાં પ્રવેશી ચૂકી.

# 3

સામેના જાળિયામાં એક અજાણ્યું કબૂતર બેઠું હતું.

અજાણ્યું એટલા માટે કે તે શ્વેત હતું. આવું કબૂતર અહીં પહેલી જ વખત આવ્યું હોઈ સત્યે ખૂબ ધ્યાનથી જોયું. બિચારાની એક પાંખ ઘવાઈ હતી. તિવારીની ગોફણનો તો પ્રતાપ નહીં હોય ? એની પાંખ હમણાં ખરી પડશે એમ લબડતી હતી. સત્યની દષ્ટિ લલિતાના મોં પર ગઈ. એ વાંચતી હતી. આજે તે મજામાં હતી. આજે નહીં અત્યારે, હા, અત્યારે તે ખુશમિજાજમાં હોય એમ લાગતી હતી. પાછું એણે ઘવાએલા કબૂતર ભણી જોયું. આવતી કાલે એ એક – પાંખાળું જઈ જશે. એક પાંખે તે કેટલુંક ઊડી શકશે ? અત્યારે તો બિચારું થઈને સનેટૉરિયમના જાળિયામાં બેઠું છે. એને એની કબૂતરી હશે ? પણ એ જ પોતે કબૂતરી હોય તો ? તો એને પોતાનો કબૂતર હશે ? હોય તો એ સાથે કેમ નથી ? કદાચ તે વિધવા...

સત્યને પોતાના મન પ્રત્યે ક્રોધ આવ્યો. બાજુમાં વાંચતી લલિતાને એનાથી પુછાઈ ગયું :

‘શું વાંચો છો ?’

‘હણાતાં હીર.’

સત્ય પાછો કબૂતરની લબડતી પાંખને જોઈ રહ્યો. પોતે બનુસ નહોતું ઓઢવું તોય ઓઢીને બેઠો. નં. 7 અને નં 9 રાત્રિની નર્સને લેવા બસસ્ટેન્ડ પર ગયા હતા. એમની બીડીઓનાં સળગતાં લાલ ટપકાં હલનચલન કરતાં હતાં. સત્ય બોલ્યો નહીં એટલે લલિતાએ વાત આરંભી :

‘તમે આ પુસ્તક વાંચ્યું છે ? ના વાંચ્યું હોય તો ખાસ વાંચવું જોઈએ. રોગ મટયા પછી દર્દીએ ખોરાકપાણી અને કામ-શ્રમથી નિયંત્રણ રાખવાનું આ પુસ્તક સૂચવે છે. પોતાના ઉદાહરણ દ્વારા એક રોગી અસાધ્ય રોગ સાધ્ય કેવી રીતે બને તે શીખવે છે.’

‘મને ઊંઘ આવે છે.’

નંબર અગિયારે મોંઢેમાથે ઓઢીને લંબાવ્યું હતું. એને જોતાં કહ્યું :

'તે ઊંઘી જાવ ને ' લલિતાએ કહ્યું, 'હું ક્યાં રોકું છું !'

'પણ હું ઊંઘવાનો ડોળ ન કરું ત્યાં લગી મને ઊંઘ નથી આવતી. મને રાતનું અજવાળું ગમતું નથી. કોઈ જાગતું હોય ને મને ઊંઘતો જુએ એ હું પસંદ નથી કરતો. અને એટલા કારણસર હું રાતના અજવાળાને આવકારતો નથી. હું અહીં આવ્યો ત્યારથી જ આ રોગ મને વળગ્યો છે. એટલા ખાતર ડૉક્ટરના કહેવા-સમજાવ્યા છતાં હું દિવસની નિદ્રા લેતો નથી. સાચું પૂછો તો મને અજવાળું નથી ગમતું એ હકીકત કહેવાનીય મને ગમતી નથી. મને ડૉક્ટર ઘણી વખતે આશીર્વાદ આપે છે 'તું સુખી થાય-થશે' ત્યારે મને એમ થાય છે 'ઘણું જીવ' એમ કહે તો સારું. પહેલાં હું વડીલોનાં વચનની અવમાનના કરતો હતો. હવે મને વડીલજન અત્યંત આદરપાત્ર લાગે છે. વડીલો કહે તે બધું સત્ય નથી હોતું પણ સાંભળવા લાયક તો હોય છે. ડૉક્ટર કહે છે મને – ટૉલ્સ્ટૉયનો ખૂબ આદર કરું છું. ડૉક્ટરે મને લખવાની મનાઈ કરી. હું એક અક્ષર પણ લખતો નથી. હા, પત્ર લખવાની છૂટ છે.'

સત્યે જોયું તો પોતાના ખાટલા ઉપરથી લાઈટ બંધ થઈ ગઈ હતી. એને તેનો હવે જ ખ્યાલ આવ્યો. વૉર્ડમાં ફક્ત એક જ લાઈટ હતી. જન્નુના ખાટલા પરની.

લલિતા હજીયે બેઠી હતી. એને હજી સાંભળવું હતું. નંબર 11 ઘસઘસાટ ઊંઘતો હતો.

'કેમ એકદમ ચૂપ થઈ ગયા ? કોઈ યાદ આવ્યું ?'

'લલિતાબેન મારે કપાળે હાથ મૂકશો ?'

'કેમ તાવ આવ્યો છે ? ' લલિતાએ સત્યના કપાળ પર હાથ મૂક્યો.

'શરીર તો ટાઢું છે. શું થાય છે ?'

એના અવાજમાં ચિંતા ઊતરી આવી હતી. લગીર.

સત્યનું મૌન જોઈ એ પાછી એની બેઠક પર બેસી ગઈ.

સત્યે પોતાને હાથ મૂકવાનું કહ્યું એ હવે એના મનમાં ખેડણ જમીનમાં દાણો નાખ્યા જેવું લાગવા માંડયું. એ બેઠી થઈ, પતિએ બનુસ ઓઢયું હતું એના ઉપર નર્સ પાસેથી બીજું માગી લાવી ઓઢાડયું. લાઈટ કરીને પતિનું ઊંઘલ્યું મોં નીરખી લીધું. પાછું આછું પાતળું અંધારું સત્ય પર ઓઢાડી નર્સ રૂમમાં સૂવા જતી રહી.

જન્નુના ખાટલા પરની લાઈટ પણ બંધ થઈ ગઈ.

તિવારીની રામધૂન પણ ટૂંટિયું વાળીને સૂઈ ગઈ.

નં. 7 સપનું વલૂરતો હશે.

નર્સરૂમમાંથી કૉફીના ઘૂંટડા આવતા પણ ક્યારના બંધ થઈ ગયા. બહાર તમિસ્રનો મહાસાગર ઘુઘવતો હતો. એમાં લોહીની ઊલટી જેવી શિયાળવાંની લાળી હતી, ક્વચિત

સડક પર જતાં-આવતાં વાહનોનો દિવસ જેવો ભ્રાન્ત પ્રકાશ હતો, આણંદસ્ટેશન પરથી ઊપડી ચૂકેલી છેલ્લી ટ્રેનની વિદાય વખતે વળીવળીને પાછળ જોતા સ્વજન જેવી ગતિ હતી, બળદની ખરીઓ જેવું અંધારું જલ સત્ય પાંપણ પર છલકાતું અનુભવી રહ્યો.

મા કેવળ બે વાર પોતાની ખબર જોવા આવી ગઈ. બે જ વખત ફક્ત ! માત્ર પહેલી વખત અને છેલ્લી–ના, બીજી વખત ! મામાને ઘેર પોતાને અભ્યાસ કરવા મૂક્યો ત્યારે કેટલું રડી હતી એ ! સત્યની નજરમાંથી એક પ્રસંગ ફૂટી આવ્યો. ત્યારે એ છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો હશે. ઓટલા પર બેઠો બેઠો એ કવિતા ગોખતો હતો. ગામમાં એક ગાંડી હતી. સ્રીઓ એને રોટલો-છાશ આપીઆપીને દળણાં દળાવતી. સત્યને ખીજવવાનો એક પ્રકારનો આનંદ આવતો હતો. કવિતા ગોખવાનું પડતું મેલીને તે વખતે ગાંડીનો સાલ્લો ખેંચવા ગયેલો. પછી જો થઈ છે ! આ ઘરમાંથી પેલા ઘરમાં પકડદોડ શરૂ થઈ હતી. માનો જીવ પણ એ ગાંડી પાછળ પંખીની જેમ ઊડતો હતો. મા ન હોત તો તે દિવસે પોતે હેમખેમ ન બચત.

સર્વદમનના ભસવાનો અવાજ આવ્યો.

સર્વદમનને ટાઢ વાતી હશે. આમ ને આમ ભસ્યા કરશે તો કો શિયાળવું એને ફેંદી નાખશે. એને ખરી માયા લાગી છે હમણાંની ! સત્યે બનુસ બહાર મોં કાઢ્યું. પોતાના શરીરની ગરમીમાંથી પગને બહાર કાઢી પોતાના ખાટલા પાસે પડેલા નં. 11ના સ્ટૂલ પર મૂક્યો. આંખ મીંચી, ખોલી. આંધળુંકિયું કરતી કોક મુક્તકેશા જેવો અંધકાર પોતાના શરીર પર વાંકો વળેલો લાગ્યો. અંધકારને જાણ્યે–અજાણ્યે સજીવ માની બેસીને હવે તેને સ્પર્શવાની અભિલાષા સેવી રહ્યો. એણે પોતાની ઘ્રાણેન્દ્રિય નજીક કશોક સંચાર થતો સાંભળ્યો. સત્ય બેઠો થઈ ગયો. વૉર્ડ ની મચ્છરદાનીઓના ફરકાટમાં કોક સંચલન કરતું હતું. અંધકાર. એણે આંખને વધારે શ્રમિત કરી. વૉર્ડમાં મચ્છરદાનીઓનો અસ્પષ્ટ ફરકાટ એણે દીઠો. અસંખ્ય અનારકારોનો સંચાર એની દૃષ્ટિમાંથી બહાર આવ્યો.

પોતે નાનો હતો ત્યારે ગામનો પાડો વીફરેલો. મા કહેતી હતી – પોતાને તો એનું સ્મરણ પણ નથી – કે રસ્તા વચ્ચે પોતે કિલ્લો બનાવતો હતો ત્યારે રમણે ચડેલા પાડાની હડફેટે આવતાં આવતાં માત્ર એક ચીસ પાડે એટલામાં બચી ગયેલો. સત્યવાનને લેવા યમ પાડા પર આવ્યા હતા. સારું થયું પોતાની ભેંસને પાડી આવી.

નં. 9 બબડતો હતો. રબારીઓ બબડતાં હશે કે આખો દિવસ તે સીમમાં રહેતા હોય છે ને એકલા હોવાથી તે ઘેટાં, બકરાં; ગાયો, ભેંસોને નામ પાડી પાડીને બોલાવતા હોય છે. નં. 9ને ઊંઘ જોડે વાત કરવાની આદત એટલે જ પડી હશે. દિવસે જો એના હાથમાં વાતો કરનારું–ના, સાંભળનારું મળે તો ઢોરના કોટે ડહેલું વરગાડી દે. કોઈ કોઈ વાર એને વાડામાં પેસી જતી પારકી ગાય જેવી ઊંઘ લાગતી. કોઈ વાર એની વઢકણી ‘જેતાની મા’ જેવી લાગતી. કોઈ વાર તો ઊંઘના લાગણીશીલ મૃદુ ખભા પર માથું ઢાળી દઈ સડસડ રડી પણ લેતો અને તે વખતે ‘જેતાની મા’ના સઘળા અપરાધ બુદ્ધ

ભગવાનની જેમ એ માફ કરી દેતો.

માફી ઉપરાંત વ્યાજ પણ આપવાનું વચન આપી દેતો.

‘આવતી હોળીએ તને અઢીશેરની ચાંદીનાં કલ્લાં કરાઈ આલેશ હોં ! અને પોતે ને પોતે પાછો એને કહેતો, ‘પાસા મને છાંઇયું તો નૈ કરો ને !’ ને રડી પડતો. આજે વળી કંઈ જુદું જ હતું. વાતે ચડયો હતો :

‘માંના, આવ્વા દે, આવ્વા દે. એક રાટું ડુલ કરી નાંખેસ જા. પણ એક ફરા આવ્વા દે એ ગટોરપટોર ગનુડીને. ભુરીભટ કાવલી કાવલી મારી ગનુડી.’

સત્યે ગોટપોટ ઓઢી લીધું. આવતીકાલે પોતે વૉર્ડમાં ‘ગોબરકાકાની ગનુડી’ની વાર્તા માંડશે. મજા આવશે.

ડૉક્ટરે લખવાની મનાઈ કરી છે, થોડું વળી કહેવાનું ના કહ્યું છે. ટેસ પડશે. ‘ગોબરકાકાની ગનુડી’ બપોરે જ માંડીશ. લલિતા તો પેટ પકડીને હસી પડશે. ડૉક્ટર પટેલને નં. 11 સિરિયસ લાગ્યો ? એને કશું થવાનું. નથી. ડૉક્ટર કંઈ ઈશ્વર નથી. એ તો કહે ! મટી ગયું જુઓને લલિતાબેન.

સત્ય પડખું ફર્યો. નં. 11 ઘરર ઘરર ઘોરતો હતો. આટલું બધું ઘોરે છે ? આટલું બધું ? આટલું ? અરે આ તો ઉપરથી વિમાન પસાર થઈ ગયું ! ‘હું ય કેવો છું ?’ અત્યારે વિમાન પસાર થયું, ભય તો ખરો જ વળી ! વૉર ચાલે છે. પાકિસ્તાન સમજતું નથી બિચારું એનાં સ્વજનો ભારતમાં જ પોષાય છે. અહેમદનો મસીઆઈ ભાલેજમાં ચાર વર્ષથી છે. થાપણામાં જ સિરાજચાચા ક્યાં નથી ?

કુટુંબ લઈને વસે છે. સિરાજચાચાનો જમાઈ પાકિસ્તાનપક્ષે સિપાઈ છે, અને પુત્ર ભારતપક્ષે કેપ્ટન છે. સાળો-બનેવી કોને પ્રથમ ગોળી મારશે ? સિરાજચાચા કુરાન લઈને ખેતરમાં જતા રહે છે એમ અહેમદ કહેતો હતો. આખો દિવસ કુરાનને ખાટલામાં મૂકીને આકાશનું કુરાન વાંચે છે.

બબડે છે એકલા એકલા. અહેમદ જેવું કોઈ મળી જાય તો વાતે ચડે છે : જમાઈ મારી પુત્રવધૂને વિધવા જોવા ઇચ્છે છે. પુત્ર મારી પુત્રીને વિધવા જોવા ઇચ્છે છે. તમારો હેતુ સ્ત્રીઓને અનાથ કરવાનો હોય તો પછી કર્યે જાવ, લડયે જાવ, મર્યા પછીય લડો, લડયા પછીય લડો. પણ ધીમેધીમે ન લડો. ઉતાવળ કરો. જેથી વિધવા પુત્રીને માથે હાથ મૂકી આશ્વાસન આપતી વિધવા સાસુને કોઈ બચી ગયેલો રાક્ષસ બદનજર કરતો ન જુએ.

અમદાવાદમાં પેલો ‘બાદશાહ’ શાયર પોતાના એક પત્રમાં લખે છે, ‘મેરા બાપ પાકિસ્તાન પાકિસ્તાન બોલતા હૈ ઔર પાન ચબાતા હૈ, ઉનકે તીન લડકે અપને એક ભાઈકે સામને બંદુક ચલાતે હૈં વો ઉનસે સહા નહીં જાતા.’ પછી એક શેર લખે છે :

પાછળ પ્રવાસીઓમાં ઘણા મિત્ર પણ હતા;

કોણે કર્યો પ્રહાર મને કંઈ ખબર નથી.

એ પાછો પોતાને કહે છે, દોસ્ત સત્યા, મરને દો ઉનકો. અપન બાદશાહકો તો શાયરો પર રાજ્ય કરના હૈ, તુમ્હે મૈં અપના વડાપ્રધાન બનાઉંગા. હિંદુસ્તાન પાકિસ્તાન જબ લડલડકે થક જાયેં તબ મૈં શાયરીસ્તાન રચુંગા. જિસમેં લડે તો મગર દો લડે, એક મૈં ઔર દૂસરી મેરી અકલમંદ બીબી. તુઝે લડના હો તો યાર લડનેવાલી ઢૂંઢ લેના વરના મેરી રચી શાયરી ગાની પડેગી.

સત્યે પડખું બદલ્યું.

પોતાને અનિદ્રાનો રોગ તો નથી થયો ને ! રમેશે પત્રમાં લખ્યું હતું, ખૂબ નિદ્રા લેજો. રાત્રે જો ઊંઘ ન આવે તો ખુલ્લી બારીમાંના અવકાશને એકટશ તાક્યા કરજો. અવકાશ જોવાથી અવકાશમય બની જવાય છે. શરત માત્ર એટલી કે અવકાશને પોતાના સમગ્રથી જોવાનો હોય છે. ઊંઘ એટલે જ કદાચ અવકાશમાં ભળી જવું. પોતાની ઉપસ્થિતિનો અખ્યાલ. સત્યને થયું જો એમ જ હોય તો ભલે પોતે આ રીતે યુગપર્યંત જાગૃતદશામાં રહે. જે સ્થિતિ પોતાની ઉપસ્થિતિને દબાવી દે, લુપ્ત કરી દે એવી સ્થિતિ જો નિદ્રાસ્થિતિ હોય તો અખંડ જાગૃતિ સારી.

સત્યે આંખ ખોલી. બળી.

કારખાનું બોલી ઊઠ્યું.

ટ્રેઈન કોક શહેરને લઈ આવી. અમદાવાદ આવ્યું તો નહીં હોય.

મામી બહુ ચોખ્ખી. ટી. બી.થી તો બાર ગાઉ ભાગે.

મામા કંઈ ઓછા નથી. આજ લગી એ પોતાને – સૌને ગાંધીજી જેવા દયાવાન લાગતા હતા. ભાણેજને ભણાવવાથી પુણ્ય પણ મળે અને બહેનની અનાર્થિકતા પોષાય. સમાજ જાણે મામાએ ભાણેજ ભણાવ્યો. સત્ય હસ્યો. ટી. બી. માં રાક્ષસત્વ છે, નહીં. એને બિઝનેસમેન બનાવવો છે મારે.' પણ પોતે અપલક્ષણો નીકળ્યો. મામાનું કહ્યું માનવું જોઈએ.

સવાર પડયું.

નં. 9 રોજની જેમ સત્યની મચ્છરદાની ઊંચે ચડાવવા ગયો. જાગ્યો. એવો જ એ સત્યની સેવામાં લાગતો. પણ આજે તો મચ્છરદાની પડી હતી જ ક્યાં ? સત્ય આઠ વાગવા છતાં ઊંઘે એથી એને આશ્ચર્ય થયું.

ઉઠાડયા વગર 'છો ઊંઘે ત્યારે' કહીને એ દાતણ ચાવતો ચાવતો વૉર્ડ બહાર નીકળી ગયો. નર્સ રિપોર્ટનાં પાટિયાં ખખડાવી ખખડાવીને સવારની ગોળીઓ દરેકના

ઓશીકે મૂકી ગઈ ત્યારેય તે ન જાગ્યો. નલિની તાજાં ફૂલ વાળમાં ખોસીને ‘માછીડા રે હોડી હલકાર...’ ગાવા મંડી. તિવારી ગરમ ધાબડો ઓઢીને દાંતમાં બીડી દબાવતો જન્નુને ‘કૈસી રહી દોસ્ત ?’ કહી ગયો. નં. 7નું વલુરવું પાછું આરંભાઈ ગયું. રાતની નર્સ સફેદ વસ્રોમાં અને નં. 7ને તાજાં ખીલેલાં ફૂલ જેવું સ્મિત આપતી ગઈ. નં. 7ને ખમીશ પહેરવું નથી ગમતું. આખો દિવસ બંડી પહેરી વૉર્ડના મુખીની પદવી શોભાવે. પડછંદ શરીર જેવો પડઘંદ અવાજ એ કાઢી શકતો અને નવા દર્દીને પોતાનો રાવણીઓ બનાવી દેતો. નવા દર્દીને હજૂરિયા બનાવવાની એની રીત અનોખી હતી, નવા દર્દીનો સગો બની જતો એ. લલિતા આગળ એનું ન ચાલ્યું. લલિતાએ પતિને દાતણ કરાવ્યું. ગોળીઓ ગળાવી. ભીના અંગૂઠાથી એનાં હાથમોં લૂછયાં. પછી વૉર્ડ બહાર ભીના વાળને સૂકવતી ઊભી. એણે જોયું હજીય સત્ય ઊંઘે છે. એકદમ પોતાની દૃષ્ટિ વાળી લીધી. સત્યને કોઈ સૂતેલો જુએ એ ગમતું નથી ને ! પણ પોતે ક્યાં...છે. એણે પાછું જોઈ લીધું. સત્યને ઊંધા ઊંઘવાની ટેવ છે. રાતનું અજવાળું એમને પસંદ નથી, પણ અત્યારે તો સૂર્યપ્રકાશ છે. એ ઊંધા કેમ ઊંઘતા હશે, ચતા સૂનારને કોઈ જીવતો મનુષ્ય શું કલ્પતો હશે ?...એમને અત્યારે બધાંય જોતાં હશે. નંદાડી મુઈ નફ્ફટ ત્યાં ઊભી છે ! મોંમાં સાલ્લાનો છેડો દાબીને ખીખીઆરી કરે છે પાછી ! સવારના પહોરમાં આમ સાથળ લગીના ઉઘાડા પગે એને રાંડને ટાઢશરમેય – ને એવાય પણ એમને સૂતેલા જુએ છે...લલિતા ઝટપટ વૉર્ડમાં દોડી ગઈ. ‘ઊઠો’ કહીને એણે સત્યના શરીર પરથી બનુસ ખેંચી લીધું. નં. 11ની નબળી આંખો મરદ થઈ ગઈ. સત્ય દાતણપાણી કરવા ગયો ત્યારે એણે લલિતાને પાઈની કરી નાખી. સૂર્ય ખાસ્સો ઊંચે ચડી ગયો હતો.

# 4

સત્ય તડકામાં લટારતો લટારતો સર્વદમનને જોતો હતો.

એના પગમાં આજે તોફાન નહોતું, સુક્કા ઘાસમાં તે ચૂપ થઈને ચોમેર જોયા કરતું હતું. બસસ્ટેન્ડ તરફથી તિવારી આવ્યો :

'કૈસે હો સત્યભાઈ ?'

ઉત્તર ન મળતાં તે પાછો આવ્યો. સત્યની આગળ જઈ, 'ક્યું ઉદાસ લગતે હો ?'

'ઠીક હું તિવારી ભૈયા.'

સત્ય ગલૂડિયાં તરફ વળ્યો.

'અરે, યે ગલૂડિયા કા પાંવ મુજસે દબ ગયા રાતકો. બેચારા સારી રાત રોયા હૈ. ' તિવારીએ વાંકા વળી એને સ્પર્શ કર્યો.

'આઉંઉઉં...' કરતું તે બેઠું થતુંક દોડી ગયું. સત્ય એને લંગડાતું લંગડાતું ક્યાંય સુધી આઘું જતું જોઈ રહ્યો.

આજનું વાતાવરણ સત્યને અવસાદમય લાગતું હતું.

આંબા નીચે આજે જ એને બેસવાનો અણગમો થઈ આવ્યો. લલિતા સર્વદમનને લેવા જતી હતી – બોલાવી તોય ન આવી. નં. 7 વલુરતોવલુરતો સડક પર જઈ ઊભો રહ્યો. ડૉક્ટરે બેચાર દિવસ પછી ઘેર જવાની રજા આપી એટલે આ તેમાં તો નહિ થતું હોય ?

હોતું હશે એવું. ઘેર જવાનું તો આજે હોય તો એ સાંજે જવાને બદલે અત્યારે જાય. કલાક બગાડે એ બીજા.

નલિની આવી.

'જુ પેલો નટુ... શું કરે છે ?'

અને તે હીહી કરતી હસી પડી.

‘નલિની કેમ ?’

‘એંહ મારી મમ્મીએ મને છૂટ આપી.’ એ એના વાળને સુંઘવા મંડી.

‘શેની ?’

ચોટલાને પીઠ પર ફંગોળીને અંગૂઠો દબાવતી કહે :

‘પ્રેમ કરવાની વળી. ‘ ને ત્રાંસી આંખોમાં કામણ લાવીને સત્ય સામે બેઠી.

‘સરસ. પછી ?’

‘પછી શું ? એટલીય ખબર નથી ? એંહ પછી આમ.’ એણે બે હાથ ભેગા કરીને લગ્નની સંજ્ઞા બતાવી, ‘ને પછી મને સરસ ટીનો આવશે. કમુમાસીની સુરેખાને બીજી સુવાવડમાંય માતા આવી. અને આપણે તો એં હ જોજોને...જનકને હજી તમે જોયો નથી !’

ને આંખોમાં લીંબુ ઉછાળતી તે બગીચામાં સરકી ગઈ.

સત્ય પાછો એની સગીવહાલી સૃષ્ટિને વાગોળવામાં લાગી પડયો. પોતાનો બાલમિત્ર અહેમદ પણ ન આવ્યો. માબાપ તો દેખાતાં જ નથી. આલ્યા ભાઈ, પૈસા કોણ માગે છે તમારી પાસે ? કેવળ લગણી આપો. બીજાની મને કશી અપેક્ષા નથી. જીવવા માટે મનુષ્યની લાગણી મળે એટલે બસ. ત્રણ માસ થયા. ના, ત્રીજો જાય છે. પ્રો. મૅયો સેનેટોરિયમનું ખર્ચ મોકલાવ્યે જાય છે. ગયે અઠવાડિયે મ. ઓ. આવ્યો. પાછા પુછાવે છે, ‘કોઈ વસ્તુની જરૂર પડે તો જણાવજે,’ મારે મા જોઈએ છે, બાપુજી જોઈએ છે. હાસ્તો ! માતાપિતા વસ્તુ બની ગયાં છે. એમનોય શો વાંક છે ? નથી પેલી કહેવત, ‘વસુ વિના નર પશુ’ એટલે પશુ. પશુઓને પણ લાગણી હોય છે. કંઈ નહીં અહમ્ બ્રહ્મ અહમ્ સત્ય.

પણ તોય માણસને માણસ જોઈએ એટલે જોઈએ.

નલિની આવી :

‘તમારા વિવાહ થયા છે ?’

સત્ય એના પ્રશ્નને વીસરી જવા– વીસરાવવા સામો પૂછે છે.

‘તને ગાતાં આવડે છે ?’

‘ત્યારે નહીં ?’

ને એણે ‘જૂનું તો થયું દેવળ જૂનું તો થયું’ નો રાગડો તાણવો આરંભ્યો.

‘બસ બસ, નલિની. નહીં તો તારો જનક દોડી આવશે.’

સત્યે હાથ જોડયા.

‘સત્યભાઈ, અદલ તમારા જેવું એ કરતો. મેં એને કિસ પણ કરેલી.’

સત્ય એને બોલતી જ રહેવા દઈ ત્યાંથી વૉર્ડમાં આવ્યો.

એના ખાટલા પર 'આઉટસાઈડર' પડી હતી. ડૉક્ટર મૂકી ગયા હતા એમ લલિતાએ કહ્યું. સત્યે તે લીધી. નવલકથાનો પ્રારંભ હતો–'Mother died.'

સટ દઈને એણે બંધ કરી. પાંજરા પર મૂકી દીધી. નંબર 11 ભણી જોઈ લીધું. એની આંખો એકટશે જોતી હતી. કશુંક તાકતી હતી. સત્યે નજર વાળી લીધી. જન્નુ લહેરથી મગજનું ચગદું ખાતો હતો. લલિતા વાંચતી હતી. એને બોલાવવાનો વિચાર આવ્યો પણ એને રોકી રાખ્યો. અહેમદને બદલે એનો પત્ર આવ્યો. સત્ય છોટે અહેમદનો 'કાકો' બન્યો છે–એવા સમાચાર હતા. ઘરડી નર્સે પેંડા માગ્યા. મિત્રને ઘેર છોકરું આવ્યું એટલે પોતાને ઘેર જ આવ્યું ગણાય એમ ઘરડી નર્સ કહેતી હતી. એ ક્રિશ્ચિયન હતી. ભૂરીને ગલૂડિયાં આવ્યાં ત્યારે પણ સત્યે એકશોર પેંડા વહેચ્યા હતા. નર્સ પૂછેલું :

'તને કયું ગમે છે, સત્ય ?

ત્યારે એણે બતાવેલું, 'પે...લું આંચળે વળગ્યું છે, સફેદ. માથામાં તિલક છે તે.'

ત્યારે એનું મોં કેટલું ભરાઈ ગયું હતું. બિચારુ સર્વદમન લંગડું થઈ ગયું ! નલિનીએ અહેમદના પત્રને જૂઠો ઠરાવવાનો પ્રયત્ન કર્યો 'ટીનો હોય જ નહીં. બધીઓને કંઈ ટીના ન હોય કંઈ! પેંડા નામ સાંભળીને નં. 9' નામ રહેતાં ઠાકરાં નાણાં નહીં રહંત' એવોતેવો દોહરો લલકારવાના મૂડમાં આવી ગયો, પરંતુ ડૉક્ટરના રાઉન્ડનો સમય થઈ ગયો. આજે X-Ray day હતો. નવા દર્દીઓને આણંદમાં કિલનિક પર લઈ જવાના હતા એટલે કેટલાક જૂના દર્દીઓ સાજા થયાનો ઢોંગ કરતા હતા. નંબર 11ને લલિતા તૈયાર કરાવતી હતી. એની મુખરેખાઓ સચિંત બની ગઈ હતી. નં. 11ને કિલનિક પર લઈ જવાનો હતો. નં. 9ને ડૉક્ટરે એની ભાળવણી સોંપી હતી. એ લલિતાના ખાટલા પાસે જઈ, આશ્વાસન આપતો હતો.

'જરીક્કેય ફકર્ય ના કરતાં બોન તમે. એમને અજાય નૈ આવે. તમે આયા એને આગલે મહીને જેંણાને હું જ ક્લિનિક પર લૈ ગયેલો. જેંણાની બીડી હરખીય મેં લીધેલી.' ને બીડીની વાત પોતાથી આમ પ્રકટ થઈ જતાં એના મોંમાંથી સવા ઇંચ જીભ બહાર નીકળી આવી અને ખાટલા નીચે થાળીમાં એંઠ ચાટતી ભૂરીને 'હંડહે તારી જાતની. આખો દિ' અહીં તને વાવડ આવે' કહીને હાંકી, પછી લલિતા સાથે પોતાની વાતનું અનુસંધાન કર્યું :

'તે તમ તમારે બેફિકર્યરો' બોંન. આજ તો સતિભૈ પેંડા ખવડાવવાના છે તે લાવવાના છે પાછા. ને ગઈ વખતે 'જેતાની મા' આયેલી તે કરશી કકળાટ કરી ગઈ એને વાવડ આવે. અહીં ટીબલામાં હપડાયા છીએ ને એને કંકુની ડાબલી જોવે છે. મેં કહ્યું હવે તો જેતાનેય દહમું ઊતરીને અગિયારમું બેહે છે. તને ચાંદલા ચોપડવાના શેના ભસકા થાય છે તો કે' હજી તો કુંવારસી હોઉં એવી લાગું છું. આ સતિભૈ 'જેતાની મા' 'કંઈ કુંવારસી

લાગે છે ?'

ને નંબર 9 હસી પડયો. સત્યને મશ્કરી કરવાનું મન થઈ ગયું. 'ગોબરકાકા, એ તો હજી ઘોડિયામાં ઝૂલે છે. પણ તમે કોની પાછળ પડયા છો ? ગનુડી કોણ છે ?'

'જાવ મારા ભૈ, નાહૈના મશગરીઓ શેના કરો છો ?' ને બાંડિયાની દોરીઓ બાંધતા બાંધતા એ આઘાપાછા થઈ ગયા. થોડી વાર પછી આવીને સત્યને કહે :

'હેં સતિભૈ તે તમે કેમ કરીને જાંણ્યું પેલું ?' ત્યારે લલિતા એના મોં પર નક્ષત્રને ઝૂલવતી હતી. સત્ય એને ન કળી શક્યો.

'લલિતાબેન ખુશમાં છો આજે. તમારા એમને ઈશ્વર જલ્દી સાજા કરે.' સત્ય લલિતા સાથે વાત કરવા મંડયો જોઈને નંબર 9 ગૂંચવાયો.

'જેતાની માએ' સતિભૈને કદાચ કહી દીધું હશે.

એમ્બ્યુલન્સ દર્દીઓને ક્લિનિક પર લઈ ગઈ એટલે સત્ય આંબા નીચે આવી બેઠો, ભૂરીએ ફાડી નાખ્યું હતું તે શર્ટ સાંધતો હતો. નવું ખમીશ ધોયું હતું એટલે ઉઘાડે ડિલે એ સુંદર લાગ્યો. લલિતાને થયું પૌરાણિક પાત્રો માત્ર ધોતિયાભેર રહેતાં. રામનો ફોટોગ્રાફ એણે જોયો ત્યારે રામ એને સ્વરૂપવાન લાગેલા.

શર્ટ સાંધવાનું કામ અરસિક તો ખરું જ, પણ શું થાય ? બબલભાઈ કહેતા હતા ગાંધીજી એમની પોતડી સ્વયં સાંધી લેતા. આમ જ પોતે મામીને ઘેર એક દિવસ બેઠેલો. પ્રોફેસર મૅયો પોતાને મળવા આવી ચડેલા. ત્યારે પોતાનું ઉઘાડું ડિલ જોઈને તેમણે કહ્યું હતું :

'કેમ આ રીતે બેઠો છે ?'

'સર આ મારા મામાનો ફ્લેટ—' કહીને પોતે એમને રૂમરૂમમાં ફેરવી આવેલો. પણ એ ડ્રોઈંગરૂમમાં પોતાની જગ્યા લેતાં પાછો એ જ પ્રશ્ન ઉચ્ચારી રહ્યા.

'તેં શર્ટ પહેર્યું નથી એ તો કહ્યું જ નહીં. શરીર ગંદુ લાગે છે.'

'સર હમણાં જ સ્નાન કર્યું છે.'

'તોય શું, શરીર ઢાંકવા મનુષ્યોએ વસ્ત્રનિર્માણ કંઈ અમથું નથી કર્યું !

ત્યારે પોતે એમના ગુજરાતી વિષે અભિપ્રાય આપી રહેલો :

'સર તમારું ગુજરાતી ઉચ્ચારણ અતિ શુદ્ધ છે.'

'પણ તું મને શુદ્ધ નથી લાગતો.'

એમને શી રીતે સમજાવું કે એવડા મો...ટા આધુનિક નિવાસસ્થાનમાં પોતે પોતાના વસ્ત્રનો પણ માલિક નથી. ને હજીય વોહી રફ્તાર ચલી જા રહી હૈ. મા મોટાભાઈની સાસરીમાંથી ખર્ચ માટે સવડ કરે છે. રમેશના લગ્ન પર એમની આશા છે. નાના પુત્રનો

ચેક જલદી વટાવાય એવો છે....પાટીદાર લોક છોકરો જન્મતાં કેમ અનહદ રોપહર્ષ અનુભવતા હશે તેનું કારણ પૈઠણપદ્ધતિ છે.

પાછળથી લલિતાનો મુલાયમ અવાજ આવ્યો :

‘લાવો હું સાંધી આપું.’

સત્યને ખમીશ આપવું ન પડયું, એના હાથમાંથી એ ખેંચાઈ ગયું.

‘કેમ બોલતા નથી ? તમે મને બૂમ પાડી તે ન આવી એટલે ખોટું લાગ્યું ?’

સત્યનું મૌન આ ઉત્સુકા માટે અસહ્ય થઈ પડયું. પોતાની નિરાધારીને ભૂંસી નાખવા તે કેવી કેવી રીતે વર્તી પડે છે, ને પાછી એ વર્તનમાંથી ફૂટી નીકળતી વ્યગ્રતાનો તો એને સામનો કરવો પડે છે, સત્યના મૌનને અડીઅડીને પોતાના તરફ વહી આવતી આછી હવાના સંસ્પર્શથી મહુડીની શાખા પરથી મહુડાં ખરી જાય એમ ખરખર કરતાં આંસુને એ રોકી ન શકી. એની આ અશ્રુસ્થિતિને જોઈને સત્યને પોતાના X-Ray dayનું પરિણામ સાંભર્યું. નં. 11ને આજે ક્લિનિક પર લઈ જવામાં આવ્યો છે. સત્યે લલિતાને આશ્વાસન આપવાનો યત્ન કર્યો.

‘જુઓ લલિતાબેન, અશ્રુથી કંઈ આવી પડેલી પરિસ્થિતિ પાછી ન હઠી જાય. તમારે ડૉક્ટરનાં સૂચન અનુસાર સેનોટોરિયમની ચાલુ સારવારમાં મદદ કરવી જ રહી. એમને સંપૂર્ણ આરામ કરાવવો, ચિંતારહિત આરામ. પછી જોઈલો...’

સત્યના ભોળા મોં પર રૂપાળું આશ્વાસન ઝલમલતું જોઈ લલિતાએ પાછું સાંધવામાં મન પરોવ્યું. સાંધતાં સાંધતાં ભીની દૃષ્ટિને સહેજે ઊંચકી પુરૂષના અસ્પૃશ્ય ચહેરાની નિષ્પલક નોંધ લીધી ન લીધી ને પાછી આંખો લૂછી.

‘તમે બહુ મોટા મોટા ટાંકા લીધા છે. નજીક નજીકના લીધા હોત તો ! મારે આ ચીરો ઉકેલવો પડશે.’ પોતે હવે હળવી થવાનો પ્રયત્ન કરવા લાગી. સત્ય બેધ્યાન લાગ્યો. બગીચામાં માળી ક્યારી ખોદતો હતો. પરસેવાથી એનું કાળું શરીર સીસમના કાષ્ટ જેવું ચગતું હતું. કોદાળીને માથા ઉપર જમીનથી એવો આંચકો મારીને લઈ જતો કે તે કોદાળીથી જાણે ખોદતો જ નથી; એવું લાગે ! એની શક્તિ કોદાળી જેવી સામાન્ય વસ્તુને વાપરે કે અડકે જ નહીં, હૃષ્ટપુષ્ટ સાથળ જેવડાં ઢેફાં પાડે છે એ તો, એના મોંમાથી પ્રતિક્ષણ નીકળતા બળદની ખરીઓ જેવા ‘હિસ્સોય હિસ્સોય’ના ઉદ્‌ગારોથી ! સત્ય એને જોતાં જોતાં જ થાકી ગયો. લલિતાએ નોંધ લીધી કે એણે પોતાને સાંભળી ન સાંભળી કરી છે. પોતાની પાસે સત્ય ચૂપ રહે એ એને ન ગમ્યું.

‘તમે એ મજૂર ભણી કેમ જોઈ રહ્યા છો ?’

‘કેમ ન જોઉં ?’

લલિતા અનુત્તર થઈ. દોરાને આંગળી પર વીંટાળતાં કશાક વિચારમાં ઊતરતી

ગઈ.

'લલિતાબેન, લાવો તમારો હાથ.'

એના મોં પર લજ્જા ઉમટી આવી. ગાલ પરથી હમણાં એ સુરખી પતંગિયાનું સ્વરૂપ લઈને ફરકશે, ક્યાંક ફૂલ પર ક્યાંક સત્યના – સત્યને લલિતાનો હાથ જોવો હતો.

'તમારો હાથ લાવો જોઈ.'

'મને લલિતા કહો તો ?' હાથ ધરતાં એણે કહ્યું.

મારાથી એવું એકવચનમાં સંબોધન થાય ?

'એમાં શું ? મારી ફ્રેન્ડ મને લલિતા કહે છે.'

'ટેવનો પ્રશ્ન છે.'

'તે એવી ટેવ તમેય –' ને પાછી એ સભાન થઈ. ક્ષણમાત્ર.

'તમને એકલાએકલા વાત કરવાની ટેવ ક્યાં નથી ? આ ખમીસ સાંધવા અહીં બેઠા ત્યારે તમે શું કરતા હતા ? કોક સાંભળે તો ગાંડા ન ધારે ? એ તો ઠીક છે કે હું...'

સત્યે એનો હાથ જોવા માંડયો, એને થયું :

ડૉક્ટરનો હાથ પણ આવો તંદુરસ્ત નથી.

'સરસ હાથ છે!' એના મોંમાંથી પ્રસંશનીય ઉદ્‌ગાર નીકળી ગયો.

'જો જો...' લલિતાને સમજાયું નહિ-આજ આવું કેમ થઈ જાય છે. એક સ્નેહલ પુરૂષના હાથમાં સ્વયં બેઠી હોય એવી લાજુલ અનુભૂતિ એને થઈ આવતાં પોતાનું કેશલ સંપત્તિથી ભર્યુંભાદર્યુ મસ્તક બે ઢીંચણ વચ્ચે સંતાડી દીધું. સત્ય જોષીની માફક જોતો હતો, જોષીની માફક...

'આ લાઈન છે ને તે હૃદયરેખા છે.'

અને તે વખતે અપક્વ ફલ જેવાં સ્તનોની પાછળ કોક કીડો પ્રવેશી ગયો હોય એવી અવળસવળ થતી લાગી. સત્ય બોલતો જ હતો :

'તમારું હૃદય ખૂબ સંવેદનશીલ છે.'

લલિતાએ લજ્જાને ઊંચકી. સુખને અનુભવતી હતી છતાં પ્રશ્ન કર્યો. પ્રતીતિ અર્થે તો નહિ હોય !

'સુખ કેટલું છે ? મહારાજ.'

'સુખ ?' પોતાને માત્ર એકબે રેખાઓનું જ જ્ઞાન હતું. સુખરેખા કઈ હશે ? એને વાર થઈ એટલે 'નથી કે શું ?' લલિતાએ પૂછ્યું.

'સુખ તો અપરંપાર છે. તમારા પતિ તમને ઘણું સુખ આપશે.'

'એય...' નલિની અચાનક આવી ચડી.

'એય...સત્યભાઈએ તમારો હાથ ઝાલ્યો. હું સમજી ગઈ.'

'નલિની, લાવ જો તારો હાથ.' સત્યે લલિતાનો હાથ મૂકી દીધો.

'જાવ જાવ હવે.' ને એણે અંગૂઠો બતાવ્યો. 'એંહ તમે જનકને જોયો નથી. એ...એ તમે લલિતાબેનનો હાથ ઝાલ્યો હીહીહી...'ને હસતી હસતી એ બગીચા ભણી જતી હતી, પણ માળીને જોયો કે તરત પાછી વળી ગઈ.

લલિતાની શરમને છાક ચડયો હતો. એને કશોક અધિકાર હોત તો તે સત્યની સાથે કેવી આનંદી મનોવૃત્તિથી વર્તી બેસત પણ...સત્ય પાછો પેલા મજૂરના કાળા ડિંબાંગ શરીરને જોવામાં લીન થઈ ગયો હતો.

'હૃદયહીન' બબડી જવાને બદલે એનાથી બોલી જવાયું. સત્ય એની સામે આશ્ચર્યભરી નજરે જોઈ રહ્યો. એ કંઈ સમજે કે બોલે તે પહેલાં તો લલિતા ત્યાંથી જતી રહી હતી. સર્વદમન વાડ તરફ કૂદતી જતી દેડકી પાછળ ભસતું ભસતું દોડતું હતું.

# 5

બે દિવસ પછી સત્યને ઘેર જવાની રજા મળી ગઈ. દવાઓનું પ્રિસ્ક્રિપશન અને હમણાં બે વર્ષ લગી સ્રીસ્પર્શ ન કરવાની સલાહ વગેરે ડૉક્ટર પાસેથી લઈ લીધું. કારાગારમાંથી આજે મુક્તિ મળવાની હોય એ રીતે તે તૈયાર થતો હતો. બેચાર કપડાં, બાકીનાં પુસ્તકો બેધ્યાનપણે ઘેર જવાની હોંશમાં ને હોંશમાં થેલીમાં ભરતો હતો. સાજો થઈને ઘેર પાછો જતો હતો. દશ વર્ષે પોતાના વતનમાં જવાનો હતો. આનંદ કેમ ન થાય ? દશ વર્ષ માં તો પોતાનું ગામ કેવુંય થઈ ગયું હશે ? પાછળના દરવાજામાંથી પ્રવેશી આગળનાં દરવાજામાંથી નીકળતો હોય એમ એ સડસડાટ બહાર નીકળી ગયો. કોઈને આવજો-જજો કરવાનુંય ભાન એને ન રહ્યું. ખેતરમાં એની પાછળ નલિની દોડતી દોડતી આવી. ‘ઊભા રો’ સત્યભાઈ, ગાંડાની જેમ શું દોડયા જાવ છો ? ‘ સત્ય ઊભો.

‘નલિની, તબિયત સાચવજે. તેં તારા વિરોધીઓ અહીં બહુ ઊંભા કર્યા છે, કળીઓ બહુ ન તોડતી, અમથું કોઈને મનદુઃખ થાય.’

‘થયા થયા હવે. એનાથી તો મારો વટ પડે છે, છેને મારે જનકને પ્રેમપત્ર લખવો છે. તમે આણંદથી દસબાર પરબીડિયાં લેતા આવજો.’

‘સારું. તું આમ રખડરખડ ન કર. જા, અંદર આરામ કર.’

‘પેલાં લલિતાબેન તમારી વાટ જુએ !’ કહીને એ વૉર્ડમાં જતી રહી.

સડક પર લલિતા ઊભી હતી. સર્વદમન બાંકડા નીચે કંઈક સૂંઘતું હતું. સત્ય આવ્યો. એટલે એણે તે ઊંચકી લીધું.

‘તમને એ બચકું ભરશે.’ સત્યે કહ્યું.

‘આપણા કરતાં આ વધારે સમજદાર છે. મને રંજાડવામાં આ બિચારાને કશો રસ નથી. એવી કશી ગતાગમ પણ એને નથી. એટલે તો આ મને ગમે છે. આજ તો મનમાં નક્કી કર્યું છે. બને તો એને ઘેર જતાં સાથે લઈ જવું.’

સત્યને ‘નક્કી કર્યું છે’ અને ‘બને તો’ અંગે કંઈ બોલવાનું મન થયું પણ જતાં જતાં એવું શું વળી કહેવું !

'પણ એ લુચ્ચું આવશે ? જુઓને એના પગે હજી મટયું નથી. એનો પગ પેલા તિવારીએ કચરી નાખ્યો છે. આને પાટો બાંધજો, બિચારાને કળતર ન થાય !

'સારું.'

'હું જાઉં છું.'

'જાવ ને. તમે રોકાવ-ન રોકાવ એમ હું ક્યાં કહું છું ? આપણે તો ટ્રેઈનના કમ્પાર્ટમેન્ટમાં ભેળાં થઈ ગયાં હોય એવું...' એમ કહ્યે સત્યના મોં પર શો પ્રતિભાવ પડે છે તે જોવા લાગી.

'લલિતાબેન, મારાથી તમારી સાથે કોઈ વાર વિચિત્ર વર્તન થઈ ગયું હોય તો ક્ષમા—'

'તમે ખૂબ વિવેકી છો.' સર્વદમન લલિતાના અંગૂઠાને ચાટતું હતું. અંગૂઠો ખેંચી લેતાં તે કૂણું કૂણું ભસવા મંડયું.

'તમે સાંજે ઘેર પહોંચીને જમશો ત્યારે તમને શું થશે ? જમ્યા પછી એકલા પડશો ત્યારે શું કરશો ?'

'પણ મુદ્દાની વાત એ કે હું એકલો પડું જ નહીં. મા છે, ભાભી છે, મોટાભાઈ, સુરભિ —'

'સુરભિ કોણ ?'

'આ સર્વદમન જેવી ભત્રીજી.'

'સર્વદમન જેવી ? સર્વદમનને યાદ કરશો ને ?'પણ ઉત્તર સાંભળવાની ઇચ્છા વગર એ હવે બોલ્યે ગઈ, 'શેનું આ યાદ આવે બાપડું.' તમારે તો ખૂબ માણસો છે.' સડક જેવડો લાંબો નિસાસો એના મોંમાંથી બહાર નીકળી ગયો, 'માણસોથી જે માણસ આખો દિવસ ઘેરાયેલું હોય એને "માણસ" બહુ યાદ ન આવે. અરે, આવું ગરીબ સર્વદમન યાદ ન આવે.'

કેમ કરીને આ બાલપુરુષને સમજાવવો કે પોતાને હવે સત્ય-હીન સેનેટોરિયમ અકારું થઈ પડશે.

'હું તમને કશુંક આપું તે સ્વીકારશો ?'

'જોયા વગર ?'

'આ...' એણે કબજાના ગોળાકાર ઉપરથી ચકચકિત ખોખાવાળી પેન કાઢી, 'લેશો ?' તમને કામ લાગશે; બીજા પાસે માગવી પણ નહીં પડે.'

સત્યને આનંદ થયો. તે લેતાં તેને પ્રકટ પણ કર્યો. 'સરસ છે ! પાયલોટ' ને એને જોવા લાગ્યો, 'ને પાછું તમારું નામ પણ કોતરેલું છે.'

'લલિતા.'

'હંઅ બોલો.' નામવાચનના અનુસંધાનમાં લલિતાએ હુંકારો કર્યો.

'હું તો નામ વાંચતો'તો. તમને મેં....ને લલિતાના કરમાતા ફૂલ જેવા મોંને તે જોઈ રહ્યો.

'તબિયત સાચવજો.' લલિતાએ બોલવાનો પ્રયત્ન કયો.

બસ આવી પડી.

'આવજો !' કહીને સત્ય બેસી ગયો. લલિતા બેસી જ રહી.

'ક્યાં આવું ?' આમ પરવશ બની જવું એ એને ન ગમ્યું. વ્યર્થ વહી જતી લાગણીઓનાં પૂરમાં પોતાની તણાયે જતી જાતને એણે સ્વસ્થતાપૂર્વક રોકી.

'સારું થયું એ જતા રહ્યા.'

એ વૉડમાં ગઈ ત્યારે પીરસણ શરૂ થઈ ચૂક્યું હતું. પતિને મીઠા વગરની ખીચડી ને મૂળાની ભાજી ખાતા જોઈ તે મોસંબી છોલવા બેઠી. મોસંબી છોલતાં છોલતાં તે 'આ રોગ કંઈ હવે ભયંકર ની... તમે આ રીતે ઊંઘ લીધા કરો. બહુ બોલશો નહિ' એવું તેવું કહેવા લાગી. પતિને ખોરાકનો કોળિયો ચાવતા જોઈ એ સજલ દૃષ્ટિથી જોઈ રહી. 'તમે ખાતાંખાતાં હાંફો છો ?'

મોસંબીની ચીરીઓ એમની થાળીમાં મૂકતાં બોલી. એમાંથી બે ચીરીઓ લઈ નંબર 10ના ખાટલા પર જુએ છે તો એમાં સેતાની આંખમાંથી નીકળતી સત્યની અનુપસ્થિતિ આળોટવા લાગી. કોઈનું ધ્યાન જાય નહિ એમ આંખો લૂછી પતિની થાળીમાં ચીરીને પાછી મૂકી દીધી.

'કેમ પાછી મૂકી દીધી ? ખાને તું.'

'ના. તમે ખાવ. જે છે તે તબિયતમાં જ છે. તમારું શરીર સારું થઈ જાય એટલે —'એ સહેજ અટકી. પોતાનો આ રીતનો વ્યથાવિરામ બોલતાં બોલતાં થઈ ગયો એ ગેરસમજ ન ઊભી કરે એટલા માટે તે ઊભી થઈ.

'તમે ખાવ ત્યાં લગી હું બહાર બેસું છું.' ને એ બહાર ગઈ. વૉર્ડમાંથી માત્ર દર્દીઓના જમવાના બચકારાઓનો સ્વાદહીન અવાજ આવતો હતો. સ્રી-વૉર્ડમાં ક્ષુધિત શ્વાન ભસતાં હતાં. લલિતાના માથા પરના બાંધેલા તાર પર સત્યનું રહી ગયેલું ખમીસ સુકાતું હતું...

# 6

ગાડું ખખડતું ખખડતું જતું હતું. આખે રસ્તે પોતાનું શૈશવ અને કૌમાર્ય છૂટુંછવાયું વેરાયું હતું, એનું સ્મરણ થતાં સત્ય ફરીથી નાનો બની ગયો. ઉનાળાના, ઊડતું પંખી તમ્મર ખાઈને નીચે પડે એવા તાપમાં એ પાછો દાઝવા લાગ્યો. નિશાળેથી પાછો ઘેર જતો હોય એમ તે આજુબાજુની સીમને જોવા લાગ્યો.

પોતે જ્યુબિલી હાઈસ્કુલમાં ભણતો હતો તે વખતે મા વહેલી ઊઠીને ઢેબરું બનાવી, કાગળમાં વીંટાળી દફતરમાં મૂકી આપતી. માંડ ભાગોળ લગીય પોતે ના પહોંચ્યો હોય ને કળશો લઈને ઝાડે ન જવું હોય તોય રસ્તાની એકલ વેરાનગી જોવા પાછળ આવી પહોંચતી અને— 'સતિ બેટા, હજી તો હરણીઓય નથી આથમી. પાછો આય.' કહી બૂમ પાડતી.

છીંકામાંથી નાની ડુંગળી પડી જાય એમ આંખમાં આવી આવીને બચપણ પાછું પડી ગયું. ગાડું ખખડડખ ખખડડખ કરતું જતું હતું. સત્યને થયું પોતાનું મન વૃદ્ધત્વનો અનુભવ કરી રહ્યું છે. એણે શંકરના હાથમાંથી પરોણી લઈને બળદને ઘીચ્યો. અરે 'હેંડ રે' એવો હુંકારો રેલાવ્યો. શંકરને લાલાકાકાની તબિયત પૂછી.

'એમને તો ભુંડય નથી વળગતું' એવું જાણી સત્યના આનંદનો પાર ન રહ્યો.

પેલી કાશીબોર નીચે પોતે 'અલબેલી મઢી' નામની એક ફક્કડ વાર્તા લખેલી. મોટાભાઈને ઘેર વંચાયેલી. મોટાભાઈએ એક પાનું વાંચીને પોતાને એક ધોલ ચોડી હતી અને પોતાને 'છીનાળવા'નું ઉપનામ આપ્યું હતું. મોટાભાઈને ઘેર લક્ષ્મી આવી છે. સુરભિનું નામ એને ખૂબ ગમ્યું. દેખાવે કેવી હશે એ બેટલી ! આપણેય હવે...ને ગોળ ખાતો હોય એમ મોં હસવાથી ભરાઈ ગયું.

દૂરથી ભાગોળ દેખાઈ. અહેમદ, કાન્તિ લંગડો, ચુનિયો આવારા, બિપીન, રતિલાલ, તરુ, ઊજળો ગોરધન, એને સૌ સનલાઈટ કહેતા. લાંબા વાળ રાખતો અને લટને કપાળ પર ઝૂલતી રાખતો. એના પર તરુડી મરતી હતી. તરુડી બાપડી હતી તો પાતળી સોટા જેવી, પણ સ્વભાવનું મરચું. વટનો સવાલ હતો. વૌઠાના મેળામાં જઈને ગોરધન સનલાઈટ એને માટે રેશમી કબજાનું કાપડ લાવેલો ત્યારે વસુબેને એને 'મણનો છશેર' કરી નાખેલો.

'હેં શંકર, પેલો ગોરધન શું કરે છે ?'

ગાડું હાંકવાનું પડતું મેલી શંકર પાછળ ખસ્યો, હસ્યો, 'સતિભઈ, નથી ખબર ? મે'મદાવાદમાં પેલી તરુમતિને ઘરમાં ઘાલીને એસ.ટીમાં કન્ડકટરી કરે છે. ને એને તો સાલાને ચાર છોકરા છે.' પાછો હસ્યો.

'એમ ? 'સત્ય મહાદેવના મંદિરને જોઈ રહ્યો. અહીં સુધી પોતે વિભાને ગિલ્લીદંડામાં હરાવતો હરાવતો લાવેલો, એ એને યાદ આવ્યું. રોજરોજ બચી કરવાની શરતે એનો દાન જતો કરેલો.

'ને પેલી વિભા ? ધનુમાસ્તરની વિભા શેમાં ભણે છે ?'

બળદને આર મારતાં શંકરે ઉત્તર આપ્યો, 'એ તો મરી ગઈ.'

'મરી ગઈ ?'

તળાવની પાળ પર કેટલાંક નાગોડિયાં નાહી નાહીને ધૂળમાં આળોટતાં હતાં એ તરફ જોઈ એણે કહ્યું, 'વિભા તો બિચારી સારી છોકરી હતી. શંકર, યાર તું મશ્કરી શું કરે છે ?'

ગિલ્લીદંડાની એની 'ટીમ' વેરણછેરણ થઈ ગઈ. ભાગોળ ખરેખર ખૂબ બદલાઈ ગઈ ! એ ગાડામાંથી નીચે ઊતર્યો. બારમાસી આંબા નીચે જઈ ઊભો. હમણાં ચુનિયો આવશે, હમણાં ગોરધન આવશે, આપાથી કાન્તિ લંગડો અને તે પાથી...બિચારી વિભા ! ગૉડ હેઝ નો મર્સી. પોતાને રાખડી બાંધીને હજી તો બે વર્ષ ઉપર રડી પડી હતી ! અને પણે નિશાળના ઓટલા પર પોતાને સેકેલો પાપડ લાવી લાવીને ફ્રોકના ખિસ્સામાંથી કાઢીકાઢીને ખવડાવતી હતી ! બારમાસી આંબાનું પાદડું ચૂંટતોક એ આંખમાં ઝલમલતી નિશાળને જોઈ રહ્યો. નિશાળના ઓટલા પર જઈને બેઠો. પેલા હજારીના પીળચટા ક્યારામાં તો કણઝીનું વૃક્ષ હતું. એની જમણી તરફ મોતીની ઝૂંપડી હતી. મોતી બધાંને તલસાંકરીની લાડુલીઓ આપતો. 'અહીં મોતી રહેતો હતો તે ક્યાં ગયો ?' પરંતુ ત્યાં પીળચટો હજારીનો ક્યારો લહલહ થઈ રહ્યો હતો. એ ક્યારાની ઉપર વૃદ્ધ અવકાશ જલીય બની જતો પડુ પડુ થતો (હોય એમ) ઊભો હતો...કણઝીના વૃક્ષની એક ડાળી મોતીની છાપરી તરફ નમેલી હતી. કાંતિ એના ઉપર હીંચતો હતો. સત્યની આંખમાં એ પ્રસંગ આવીને લટકી ગયો. ઝૂલતી ડાળીની જેમ. પોતે ઝૂલતા કાન્તિનો પગ ખેંચ્યો હતો. અને કાન્તિ બિચારો લંગડો થઈ ગયો. ઓટલા પરથી સત્ય બેઠો થઈ ગયો.

'ચ્યમ છો સતિ ભૈ ? ઘણે દહાડે દેખા દીધા. તમે શાંના આપા ડાફરેય મારો એની બોંનને રાખું, અમદાવાદ જેવું શેર મેલીને.' માથાનું લૂગડું ઉતારી મોં લૂછતો લૂછતો ભલું સત્યને ચારેબાજુથી જોઈ રહ્યો.

'શો રોલો છે તમારો ! એની બોંનને રાખું, રોટલી ને દાર ખૈ ખૈને ટેટી જેવા થયા છો.'

'કેમ છો ભલું ?' સત્ય એને જોઈને રાજી થયો.

'ભલાદ'મી ભલુને માંન અપમાન શાં. મારા ભૈ.' પોતાને 'કેમ છો' કહ્યું એ જોઈને એનો હર્ષ વધી પડયો.

'છેને સતિ ભૈ, મારા વનમારીને હૉટલબોટલમાં નોકરી અલાવશોને ?'

'હા. એને જરા મોટો થવા દો.'

'પાછું થવા દો. ભલા'દમી તમે ને હું તો એક હાથમણા છીએ.' ને એ હસી પડયો.

ખડકીમાં પ્રવેશ કરતાં જ એની દૃષ્ટિ જમણી બાજુના ખંડેરિયા મકાન ભણી ગઈ. પરસાળમાં લાલાકાકાને તમાકુ ખાંડતા દીઠા. વર્ષોથી એકધારું ખાંડતા જ હોય એમ. પ્રોફેસર મૅયો જેવું લાલગોરું એમનું ડિલ, એ જ ઉઘાડી પીઠ, એ જ તમાકુ ખાંડવાનો કાળો લાંબો નાની સાંબેલી જેવો દસ્તો ને ખાંડવામાં એ જ નરી બેપરવાઈ. પોતે ઉમરેઠ ભણતો ત્યારે ચોપડીઓ ખરીદી આપતા. એક ઉનાળામાં તો વળી સરસ ચંપલ પણ લઈ આપ્યાં હતા. દશ વર્ષ તો શું પણ એક મહિનો એમના શરીરમાં પેસી ગયેલો દેખાતો નહોતો. મોંમાં મેનમેઈડ બત્રીસી નાખે તો તો પાંત્રીસ ચાળીસનો પડછંદ યુવક લાગે !

'લાલાકાકા હજીય એકલા જ છો ?'

ખાંડવાનો દસ્તો બાજુમાં મૂકીને એમણે સત્ય સામે જોયું.

'સતિ કે ? અલ્યા છોકરા તું તો ખાસ્સો મોટો થઈ ગયો. બેસ ભઈ બેસ. આટલી વારી લૌ, જરીક છે. પછી કારીયું પાલો મેલું, મેંય હમણાંનો તો પીધો નથી.

'તમારી જરીક તમાકુ ખાંડવામાં તો દશ વર્ષ થઈ ગયાં. કાકી લાવ્યા હોત તો—'

'જનમારો કહે જનમારો ખરપા, દહ વરહાં તો ઓછાં પડે ! દહ વરહાં તો નાહકોરી ચોખી કરું એટલામાં જતાં રે !' જોને તું ગૈ કાલે તો અમદાવાદ ગ્યો'તો. ને 'પેલું' શું બોલ્યો 'લ્યા ?' સહેજ હસીને પાછા બોલ્યા : 'આ એમ ને એમ ચ્યારનો ખાંડું છું ખબેર્ય છે તને ? તારા બાપને ત્યણ છોકરાં થઈ ગયાં. એમાંથી એકને ઘેરેય માતા આઈ, જનમારો ખંડાઈ ગ્યો જનમારો. આંમ ને આંમ તોય હાળી એમાંથી મેંઠાસ ના મળી. એને તો કચર્યે જ પાર.'

અને એ પાછા ચા મૂકવાનું ભૂલી જઈ મંડયા ખાંડવા. ઊંધું ઘાલીને બસ તમાકુમાંથી માખણ નિતારવું હોય એમ ઘડીક ખાંડે, ઘડીક લસોટે. જનમારાની આખી વાત ક્રિયાત્મક રીતે ફરી કહેતા હોય એમ, ખાંડે ને પાછા લસોટે.

સત્ય ઘેર ગયો ત્યારે સ્રીઓથી ઓસરી ચિક્કાર હતી. એક બાજુ કુંભીનો ટેકો લઈ સત્યનો પિત્રાઈ રતિલાલ બેઠો બેઠો હુકો તાણતો હતો. એને આવેલો જોતાં જ હુકાને કુંભીએ ટેકવતોક ટોપીને માથા પાછળ ત્રાંસી ખસેડીને 'ઓ મારો બેટ્ટો સતિયો' કહેતો

બોચી વલુરતો વલુરતો ઊભો થઈ ગયો. ઓસરીમાં સત્યની મા રામાયણ વાંચતાં હતાં તે પાનાં વચ્ચે નાડાછડીનો કડકો મૂકી સાજા થઈ આવેલા દીકરાને જોવામાં લાગી ગયાં. સ્ત્રીઓમાં કોઈ છીંકણી લસોટતી, કોઈ લસણ ફોલતી, કોઈ કોઈના માથામાંથી જૂ વીણતી, કોઈ તુવેર પાપડીના લીલવા કાઢતી, બુકાટતી, કોઈ ધાવણ છોડવા આવેલા ‘વેંગા’ને ધવડાવતી, કોઈ અર્ધો ઉઘાડો પગ લાંબો કરી સામી સ્ત્રીના ઢીંચણ પર મૂકી કાંટો કઢાવતી હતી. આ બધીય સ્ત્રીઓનું ધ્યાનપાત્ર અત્યારે સત્ય બની ગયો. બધાં એકીસાથે સત્યને અમદાવાદના મોટા મોટા બંગલા વિષે, મોટરો અને રોકેટ વિમાન વિષે, ભોંયમાંથી તેલ અને ‘ગ્યાસ’ નીકળે છે વગેરે વગેરે પૂછવા મંડયાં. રતિલાલે પગથી માથા સુધી એને તપાસી લીધો અને સત્યના ખભા પર હાથ મૂક્યો ‘મારો બેટ્ટો બૌ ભણ્યો !’ કહીને સત્ય કંઈક બોલે એની રાહ જોવા મંડયો.

‘તમારી તબિયત હારીને ?’ સત્યની ભાભી આવી એવી પૂછી બેઠી ‘શું તમેય કાશી, આ જોવોને ભમ્બુરા જેવો છે ને પાછાં તબિયત પૂછો છો ?’ પછી રતિલાલ સત્ય ભણી વળ્યો. ‘હેં લ્યા; રમેશિયાના વિવા’ થઈ ગયા એટલે તનેય વરાપ તો નથી આઈને ? જોજે એવું કરતો. આપણે તો મોટા જજની બે ફૂમતાંવારી બી. એ. એલ. એલ. બી. બી. સી. ટી. પી. ડબલ્યુ. એલ. ઝેડ. ભણેલી લાવવાની, ઉપરથી પાછી છોગાની નોકરી અને કન્યા મોંડી મલે એનું વ્યાજ...’ અને ખી ખી કરતો રતિલાલ સત્યને અમદાવાદી કન્યાને વળગતો હોય એમ વળગી ગયો.

સત્યને આ રીતે કોઈએ આજ સુધીમાં આલિંગન કર્યું નહોતું એટલે એ અકળાયો. સત્યની ભાભીએ કહ્યું :

‘અલ્યા રતિ ભૈ એમને પાંણીબાંણીતો પીવા દો.’

અને કંઈક સાંભરી આવ્યું હોય એમ રતિલાલ નીચે બેસીને કહેવા મંડયો :

‘છે ને, આવોય અમારી જોડે ગલ્લીદંડા રમતો’તો. એક દા’ડો મથુરકાકે મોઈ લેઈ લીધી, પછી છે ને’ ખીખીખી ‘પછી છે ને મથુરકાકા એમના બાયણામાં ઉઘાડે બયડે વરાડું ભાગતા’તા ને આવોય‘ ખીખીખી ‘આવતોકને બયડા પર ધડ ધડ પેશાબ...’ બાકીનું વાક્ય ખીખીમાં પૂરું કર્યું.

‘બર્યું રતિભઈ તમેય.’ કોઈને મર્યાદાભંગ થતો લાગ્યો.

‘તારે શું, વહુઓ બેઠી છે ને મૂઓ ભવાયા જેવો ! ‘

‘રડયો નાંનો હતો ત્યારનો—’

ત્યારે સુરભિ ગેલમાં આવી ગઈ હતી.

એની કિલકારીઓ પરસાળમાં ફૂલની જેમ મહેકતી હતી. સુરભિને લેવા સત્યે હાથ લંબાવ્યા કે તરત કાકા પાસે જવા એણે પોતાની નાનકડી જાતને કાશીની સોડમાંથી

લગભગ સત્ય ભણી ફેંકી.

'ના બેટા હમણાં નૈ હોં. કાકાને બરોબર હારું થાય પછી જજે એમની પાંહે.' સત્યે હાથ પાછા ખેંચી લીધા. એણે ચપટીથી સુરભિને રીઝવી. પણ સત્યની માનો મિજાજ ગયો.

'શું થયું છે વહુ એને તે હારું થાય હારું થાય કહે છે. મારી બઈ હાજોહમોં મારે તો...'

'તારે શું કાશી તમે ય.' રતિલાલે હુકો હાથમાં લીધો.

'મારો બેટ્ટો મઢમની આંખ ઠરે એવો તો છે.' અને સત્ય સામે હુકો ધર્યો. 'લે દાદુ અડાય બે દમ.'

'ના.' કહીને એણે ફળીમાં નજર કરી. સેનેટોરિયમમાં દર્દીઓ હતા, તોય આટલો અવાજ નહોતા કરતા.

'લે ભઈ હેંડ ખીચડી ને દહીં આલું ખઈ લે.'

સત્યની મા ઊઠી.

'આયો એવો જ ખીચડું ? શું દિવારીભાભી તમેય. આ તો અમદાવાદી છે, ટાઢું કોઠે નૈ હદે. ચ્યમ સતિ, ગરમ ગરમ જીભે મેલું કે હફ દૈ ઊતરે એવું હલાવી નાંખે.' રતિલાલે સત્યના ખિસ્સામાંથી પેન ખેંચી, 'મારી બેટ્ટી અવ્વલ નંબરની ઈન્ડીપેનછીલ છે ! શું આલ્યું'તું આનું સતિ ?'

સત્ય રતિલાલના મોં સામે જોઈ હસ્યો. અને પેન લઈને 'એની કિંમત અંકાય એવી નથી, એ કિંમતી છે એટલું જાણું છું.'

ઘરમાં જમવા બેઠો ત્યારે એને આટલે વર્ષે ઘેર આવ્યો તોય કશોક અણગમો થઈ આવ્યો. ખાવાનું ભાવ્યું હોય એમ મનને સમજાયું.

સાંજે વાળુ કર્યા પછી તે બહાર ચોકમાં ખાટલામાં પડયો પડયો આકાશદર્શન કરતો હતો. સેનેટોરિયમમાંથી ઘેર આવ્યા પછી મન કેમ જાણે અકથ્ય અસ્વસ્થતા અનુભવતું હતું. આકાશમાં અસંખ્ય તારાઓના ટમટમવાનો ઓચિંતો કોલાહલ થતો હોય એવું લાગ્યું. ન વર્ણવી શકાય એવી વેદનાનો ચેતોવિસ્તાર થએલો એને લાગ્યો. રાતનો પ્રારંભ અહીં આવતાં જ થઈ ગયો, આટલો જલ્દી ? સ્મૃતિનું શ્વાનબાલ કોકના ચરણ સૂંઘવા સેનેટોરિયમમાં દોડી ગયું.

'લલિતા ?'

'હા, એ જ.'

સત્ય બેઠો થઈ ગયો.

નજીક દિવાળી છીંકણી સૂંઘતી બેઠી હતી. પુત્રને આમ એકદમ બેઠો થઈ જતો જોઈને તે ચમકી, 'ચ્યમ ભઈ, ઊંઘવાની જગા બદલઈ એટલે ?...'

સત્યે કશો ઉત્તર ન આપ્યો.

થોડી વાર પછી દિવાળીએ ફરી પ્રશ્ન કર્યો :

'ભઈ, દવાખાનામાં ગમતુ'તું કે ?'

સત્યને ચીડ ચડી. આટલો વખત પોતે ત્યાં રહ્યો એ સમયમાં એ ફક્ત બે જ વખત આવી અને પાછી પૂછે છે કે... પોતાની ઉપર પ્રો. મેયોના કેટલા પત્રો આવતા હતા ! સેનેટોરિયમનું બધું ખર્ચ પણ એમણે જ ઉપાડી લીધું ને! જન્નુનાં માબાપ ત્રીજે ચોથે દા'ડે અને કાકા અઠવાડિયે અઠવાડિયે આવી જતાં. નં. 9ની વહુ જેટલી વખત આવતી એટલી વખત પતિ પાસે રહેવા ઢેબરાં બાંધીને આવતી અને નં. 9 લઢીવઢીને સાવ પ્રેમાળ કરી નાખતી અને નં. 11ની... અને આ માબાપ ? હંઅ....મા અને બાપ લાગણીશૂન્ય મહોરાં !

'ભઈ, દવાખાંનામાં તને ગમતું'તું ? '

સત્ય આડો પડયો.

'હા.' સૂકા ઉદ્‌ગારથી માનું મન ભરાઈ આવ્યું.

'હમણાંથી ન'તું અવાતું એટલે રિસઈ તો નથી ગયો ને ? શું આવે બેટા, જોને આખો મહિનો વેવાંણ વેવઈનાં સગાંવહાલાંની સરભરામાં ગયો. અઠવાડિયા પર આવવાની જ હતી પણ મુઈ ભેસ વઈ; શું કરું તે ? અને પાછું ભઈ, પાંહે કશું હોય તો આવું ને ? હવે દૂધના આવશે એટલે ચા ખાંડ લવાશે.' પણ એવી વાતથી પાછું પુત્રનું મન દુભાશે એટલે વાતને એણે સહેજ વળાંક આપ્યો.

'તારી વાતેય થઈ છે. તમાકુના મોટા વેપારી છે. તને કોઈ પૂછે તો કહેવું-કશોય રોગબોગ નહોતો. એ વાત જ નૈ કરવાની હોંકે? આપણા ઘરનાં અને એક અહેમદ વગર તું દવાખાનામાં છે એ વાત કોઈ જાણતું નથી.' દિવાળી પુત્રના ખાટલા નજીક ગઈ.

'હેં બેટા, હવે તને રોગબોગ નથી રહ્યો ને ?'

'મટે એવું આ દર્દ જ નથી.' સત્ય પડખું ફરી ગયો.

માની આ દર્દકથાથી તે બેઠો થઈ ગયો પાછો.

'હોતું હશે તે ? બેટા તું ચિડયલો લાગે છે !'

'મને ઊંઘવું છે, તું હવે ઘરમાં જા.'

'બેટા, આમ વ્યમ બોલે છે ? કાશીએ સુરભિ રમાડવા ન આલી એટલે ખોટું લાગ્યું તને ? '

દિવાળી સત્યના ખાટલા પર બેઠી.

'તારે કશું કામ નથી ? '

સહેજવારમાં તો સત્ય એકલો થઈ ગયો. ખડકીનું કૂતરુંય સળવળતું નહોતું. ખાટલાથી ખીચોખીચ ફળિયાને અંધારાનો લાભ લઈ કોક ચોરી જાય તોય ખબર ન પડે ! માત્ર છેવાડાના ખંડિયેરમાં અંધારામાં તમાકુ ખાંડવાનો અવાજ આવતો હતો. હજીય એના ખાંડનારને એની મીઠાશ મળી નહોતી.

ઓચિંતુ આવ્યો ત્યારનો આ શું થઈ ગયું છે પોતાને ? અરે, બસસ્ટેન્ડ પર તેણે જરીસરખો ખુલાસોય ન કર્યો... કોક વાર્તાના પ્રકરણની જેમ સેનેટોરિયમનો એ સમયખંડ પોતાના મનમાં પુનઃસ્થાપિત થતાં આમ્રવૃક્ષ નીચેના વેરણછેરણ વાર્તાલાપનો કશોક નિશ્ચિત અર્થ બંધાતો લાગ્યો...એકાએક પોતાના સૂતેલા શરીર પર ફાનસનો પ્રકાશ પડતાં તે પાછો બેઠો થઈ ગયો.

'લઈ લે આ દૂધ.'

'પણ એમાં આ ફાનસ—' સત્યને ક્રોધ થઈ આવ્યો.

'મારે નથી પીવું દૂધ.'

'પણ બેટા મેં બે-ત્રણ બૂમ પાડી તોય તું બોલ્યો નહિ એટલે ફાનસ લાવી એમાં શું થઈ ગયું ભઈ, તેં ગોળી ગળી નથી.'

'નથી ગળવું કશુંય.'

ફાનસના પ્રકાશમાં શોક્યના છોકરા જેવું પુત્રનું વર્તન જોઈ દિવાળી ડઘાઈ ગઈ.

'સતિ...' ને કંઈ બોલ્યા વગર એ ઘરમાં જતી રહી.

*

બીજે દિવસે ઓસરીમાં ખાટલા પર પડયો પડયો સત્ય વાંચતો હતો. બાજુમાં દિવાળી ઘઉં વીણતી હતી. પંચાયતના રેડિયામાંથી ગીત આવતું હતું :

માના હમારે પ્યારકા આલમ બદલ ગયા

અપને હી દિલકી આગસે કાશાના જલ ગયા.

અચાનક પુત્રનો રડમસ ચહેરો જોઈ જવાતાં તે આશ્ચર્યમાં પડી. થોડી વાર પછી તે એકલો એકલો વાતે ચડયો. છાતી પર ચોપડી મૂકી તે કોકની સાથે વાત કરતો હોય એવું બોલતો હતો.

'એકલો એકલો ભઈ, તું શું કરે છે ?' દિવાળીથી ન રહેવાયું. સત્ય છોભઈ ગયો, માની ઉપસ્થિતિથી એને શરમ આવી હોય એવું થયું. દિવાળીએ વારંવાર પૂછયું તોય તે મૌનને જ વળગી રહ્યો. એક વાર તો તે હસી પણ પડયો; પણ તોય માનું મન ઘઉં વીણવામાં ન ચોટયું. થયું : અમદાવાદમાં પહેલેથી રહ્યો છે એટલે એને આ ગામડાગામમાં ગોઠતું નહીં હોય, ને દવાખાને ત્રણેક મહિના રહી આવ્યો એટલે સ્વભાવ ચીડિયો થઈ

ગયો છે. કાંતો રોગ મટ્યો જ ના હોય...પુત્રને પૂછવાનું મન પણ એક વાર થઈ ગયું પણ ન બોલી શકી. એને એકલો રહેવા દઈ તે ઘરમાં રસોઈ માટે ગઈ. એનું મન પુત્રના વિચારોમાં પ્રવૃત્ત હતું. એની મામીને બંગલેથી છેલ્લાં દોઢ વર્ષથી બનતું નહોતું એટલે બૉર્ડિંગમાં રહેવા જતો રહ્યો એટલે ક્રોધવાયો તો નહીં હોય ! પણ શું કરીએ અમેય તે ! ગયા વર્ષનો કપાસ દેવામાં પેસી ગયો, અડધી તમાકુ અનાજ લાવવામાં ગઈ, કાશીની સુવાવડમાં અછોડો કર્યો એમાં ને રમેશની ફીમાં અરધી ગઈ. શું કરીએ ?

સત્યની દૃષ્ટિ ઓચિંતી ભીંત પર પડી. ગરોળી સરસર કરતી ઊંચે ચડી ગઈ. ખાટલામાંથી એ નીચે ઊતરી પડયો. માણેકચોકમાં કાગદીની દુકાને નોટો ખરીદવા ગયેલો ત્યારે દુકાનના સળિયા પરથી એક ભૂરીભટ ગરોળી ખમીશમાં પેસી ગયેલી. એ વખતે પોતે ચીસાચીસ કરી મૂકી હતી તે યાદ આવતાં તેનાથી હસી પડાયું. કશેક વાંચ્યું હતું, ગરોળીનું વિષ અઘાતક છે. ત્યારથી એના ભયને દૂર કરવાનો માનસિક પ્રયાસ આજ લગીમાં એણે ખૂબ કર્યો. સેનેટોરિયમમાં નં. 7ના ખાટલામાં ગરોળી પડી હતી ને પોતાના પેટમાં સરવરાટ શરૂ થઈ ગએલો. નં. 9ને એ ગરોળીને બહાર કાઢવા કહેલું ત્યારે તે ખૂબ હસેલો. ગરોળી ગ્રુપફોટા પાછળ સંતાઈ ગઈ હતી. ગ્રુપફોટા પર એનું ધ્યાન તો ક્યારનું ગયું હતું પણ ઝીણવટથી જોવાયું નહોતું. બાપુજી-મા, કાશીભાભી-મોટાભાઈ, રમેશ બધાંયને ફોટો; ને એક પોતે જ એમાં નહિ ? પેલી ડીંટા જેવી સુરભિને પણ ભાભીએ કેડમાં લીધી છે. એક પોતે જ...? એક પોતાનો જ આમાં ફોટો નહીં ! સુરભિ જેવડી ચેલકીનો...એનો લબડી પડેલો હોઠ, ગમી જાય એવી સાકરની ગાંગડી જેવી આંખો, અને ગંધની પોટલી જેવા એના ગાલ જોતાં બચી કરવાનું મન થાય એવી વ્હાલકુડી છોકરીનો ફોટો સત્યને ગમી ગયો. એમાંથી પોતાની ગેરહાજરીને પણ ભૂલી ગયો. સાચ્ચે જ એ નાની છોકરી સમગ્ર ફોટા પર અને પોતાના મન પર કબજો લઈને એની માતાની કેડ પર બેઠી હતી !

'ફોટો જુવે છે, ભઈ ? ' દિવાળીએ પરસાળમાં આવતાં જ પૂછ્યું.

'હા મા, જોતો ખરી આ સુરભિ !'

'બેટા, એ દહાડે એણે ઓ વિતાડયું છે, ઓ વિતાડયું છે. એની માય પટાવી પટાવીને થાકેલી, તારા બાપુજીએ તેડી તોય મૂઈ એકની બે ન થાય. મોટો ભઈ તો એવો ચિડાય-એવો ચિડાય—!'

જોયું તો સત્ય ખાટલા પર પુસ્તક લઈને એનાં પાનાં ફેરવતો હતો પુત્રને આમ હર્ષમાં જોતાં દિવાળીના આનંદને સીમા ન રહી .

બેટા, મીઠી લેમડી નાખીને કઢી બનાવી છે, તને બૌ ભાવે છે. એની સાથે લોટ શેકું કે વેઢમી કરું ?'

'મને શું પૂછે છે ? કરને જે કરતી હોય તે.'

આવું છાંછિયું દિવાળીએ ક્યારેય સાંભળ્યું નહોતું. મનહર સામું બોલી ગયો તે એની ઑકાદ બગાડી નાખી. એક રાતમાં જુદાગરું કરી આપ્યું ! એવાય જો કદિ ઊંચે અવાજે બોલી જાય તો એમનેય મોટું 'ચુંલા જેવું' સંભળાવી દેવામાં પોતે પાછી પાની કરતી નહીં.

'તને મેં વેઢમીનું કહ્યું કંઈ ગાર તો નથી ભાંડી ને !'

'મારું માથું ના ખા.'

'આવ્યો છે મોટા મામલીતદાર થઈને ! કોના ઉપર આટલી તયડાજી કરતો હશે આવોય.' ને એ ઘરમાં જતી રહી. 'રમેશના વિવા થઈ ગયા તે આંખમાં આવે છે, તે એમાં અમે તે શું મરીએ ! તે પાછો...' એ કઢીમાં તાવેતાને ક્યાંય લગી ફેરવતી રહી.

*

હૃદયના ગંભીરતમ ઊંડાણમાં છલાછલ કરતા નિર્ઝરે એકાએક ડોકું કાઢ્યું હતું. આજે ગામમાં આવ્યે ત્રણ દિવસ થઈ ગયા છતાં કેમે કર્યું અહીં મન માનતું નહોતું. એને સેનેટોરિયમમાં જઈ આવવાનું મન થઈ આવ્યું. માની રજા લીધી. તૈયાર થયો. માએ જમવાનો આગ્રહ કર્યો ત્યારે માંડ હાથ બગાડયો ન બગાડયો કરી ઊભો થઈ ગયો.

'કેમ અચાનક જવું છે ત્યાં ભઈ ?' દિવાળીને થયું પાછો એને છાતીમાં દુખાવો તો નહિ ઊપડયો હોય. સત્યે કશો ઉત્તર ન આપ્યો.

'પણ આવતી વખતે ભઈ, પેલું તારું ખમીશ ભૂલી ગયો છે તે યાદ કરીને લેતો આવજે. જો ત્યાં રહ્યું હોય તો !'

દિવાળીનો આખો દિવસ સત્યાના વિચારોમાં ગયો. સાંજે એ સેનેટોરિયમમાંથી વ્હીલે મોંએ પાછો ફર્યો. એ આવ્યો એવો ખુરશીમાં બેસી પડયો. એના બાપુજી વેપારીને તમાકુ બતાવવા ગયા હતા તે હજી આવ્યા નહોતા, એટલે દિવાળી પણ જમી નહોતી. પુત્ર આવ્યો એવો એને ખાવાનું કહેવું એ યોગ્ય ન માની તે છીંકણીની ડાબડી લઈ એની સામે બેઠી. આમ વ્હીલો વ્હીલો એને બેઠેલો જોઈ સત્યની માને બોલવાનો વિચાર થયો.

'બેટા તું પેલું ખમીશ લેતો આવ્યો કે ?'

'ખમીશ મરી ગયું !' એ રાતોપીળો થઈ ગયો.

'આવોય જોને કરે છે ?' મનમાં મનમાં સોરવાતી દિવાળી બહાર આવી. મંજુને બોલાવી. પાછું શુંય થયું ને 'જા કંઈ કાંમ નથી.' કહીને કાઢી મૂકી. પાછો વધારે ગુસ્સે થાય. રતિલાલ પાસે ઉજણી નાખવાનો વિચાર આવ્યો અને સત્યની બીકે પાછો કાઢી મૂક્યો. પડોસણ ખુલ્લામાં આવી રોટલો ખાતી હતી એની પાસે 'ઉપાય' લેવા ગઈ. બન્ને જણીઓએ ચર્ચાને અંતે એક જ તારણ કાઢ્યું અને તે : રમેશનો વિવાહ વહેલો કરી નાખ્યો એટલે એને લાગી આવ્યું હશે – છે.

સત્યને લખવાનું ન ગમ્યું. એટલે લખેલું હતું તે મઠારવા મંડયો. એય ન ગમ્યું એટલે ચંપલ પહેરીને બહાર નીકળ્યો. એને આમ ભૂખ્યો – આવ્યો એવો જ બહાર જતો જોઈને પડોસણ પાસેથી દિવાળી ઊઠી. પરંતુ એમની એમ ઓટલા પર ઊભી ઊભી નિરુપાય દૃષ્ટિથી પુત્રની પીઠને જોઈ રહી.

*

સત્ય ખડકી બહારના એક મકાન સામે આવી ઊભો.

ચોકમાં ભજન થવાનાં હોઈ નાનાં છોકરાં નરઘાંકાંસી વગાડતાં હતાં.

એક બાલભક્ત એના કિશોર કંઠે ગાતો હતો.

'હંસલો ચાલ્યો જવાનો એકલો રે.'

તો વળી એને બંગલાવાળું ભજન ગાવાનો કોઈ આગ્રહ કરતું હતું.

'ના છગન એ નૈ, હેલો ગા હો.'

સત્યને રસ પડયો. વૈરાગના રંગમાં નર્યો આનંદ ભળ્યો હતો.

'તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી. ' એક ગાતું હતું તો નરઘાં વગાડતો વગાડતો જેણો વળી :

તારી પાસે પઇસો નથી રોકડો

તું તો નંદબાવાજીનો છોકરો રે.'

ગાતાં ગાતાં અટકીને—

'હાંભરો ને અલીઓ. દાંણલીલા. સોમાકાકા ને ભગતકાકાની જેમ હું શનિયો બેય ગૈએ. હેં ન'લ્યા શનિયા ?'

સત્ય ક્યાંય લગી ઊભો રહેત પણ મંજુ બોલાવવા આવી એટલે એ ત્યાંથી ઘેર પાછો ગયો. એને થયું આ બાળકોની જેમ પોતે ન રહી શકે! વૈરાગ્ય એમને અડકતોય નથી. એમની પ્રવૃત્તિ કેવળ આનંદમય છે. ભક્તિનો અર્થ એને સમજાતો હોય એવું લાગ્યું. મનના તાપમાંથી વિરામ લેવા માટે, કલેશોથી મુક્ત થવા માટે આજે આ ગ્રામજનો ગાશે. ભગવાન અને ભજન તો આનંદનાં સાધન થઈ જશે. એમને માટે આત્માનું પરમ આત્મામાં વિલીન થઈ જવાનું સાધન ભક્તિ હશે. જે કહો તે. કશુંક દુઃખ ભૂલવા માટેનો જ આ પ્રયાસ છે એ એને લાગ્યું. ખડકીમાં પેઠો તોય એક વાર તો એમ પણ થઈ આવ્યું : પોતે પાછો જાય. એટલામાં એના કાને ચાર-પાંચ વૃદ્ધ અવાજો હસતા સંભળાયા.

વૃદ્ધમંડળ અને હસવું ? સત્યે કાન સરવા કર્યા.

'હા વાઘજી મેં ય હારું હાભર્યું તો છે. દમયંતી પર હંસ મોહિત થઈ ગયો તે. માસ્તર

પણ કે'તા'તા હોં !'

'તો તો થઈ હાચી ? બોલ લાલા.'

'તે હું ચ્યારે ના કહું છું ? હું તો પહેલેથી જ વાઘજીના મતને ટેકો આલું છું. ભઈ, આ અસ્રીએ તો પ્રથમી પર પરલે કરી નાંખ્યો છે, પરલે. તો પછી પંખીડા બચારાની શી વસાત; કહે જોય અરજન ? ભલભલા વિસવામિતર મુનિનું તપ ઓગારી મોલ્યું તો પછે પંખીની ચણોટી જેવડી આંખનો એની આગર શો હધડો ?'

'એટલે જ તું ભરમચારી રહ્યો છે નૈ ?' ને પછી તો આખી ખડકી ખડખડ હસતી હોય એવું સત્યને લાગ્યું. હૂકાના તડાકા કચુમરા ફળ જેવી જુવાનીને કચડ તડક કચડ તડક ચાવતા હતા, દમયંતીની વાતમાંથી રઈબા અને સમુડીનાં નામ હસતાં હસતાં ઉલ્લેખાયાં, ભજનની એક છાલક ગામ પર છલકી પડી, કૂતરાં શેરી અને ફળિયાં ઓઢીને ઊંઘી ગયાં. ઓશીકા લગી સીમનો એકાદ સાદ, શિયાળવાંની લાળી આવીને ઊંઘેલાને પડખું ફેરવતો કરી દેતાં. પેશાબ કરવા જાગેલાને ભજનમાં બેસવાનું મન થતું એવી ભજનલ લહેરો ગામ પર વાવા લાગી. તોય હજી સત્ય નિદ્રાથી દૂર હતો. બહાર આવ્યો. ખડકી ગાતી હતી :

જેંણી જેંણી મોરલીઓ વાગે છે.

ને ગામ આખું ઊંઘમાં ને ઊંઘમાં 'જેંણી જેંણી મોરલીઓમાં' ઝૂમતું હતું. નરઘું, કાંસી અને ગળાં પૃથક પૃથક રહ્યાં ન હતાં. એક ભજનનો રેલો ગામમાંથી ઊંચે ચડતો હતો. ઓચિંતો સત્ય બબડી ગયો :

'નહીં નહીં....ત્યાં કશુંય નહોતું . હું પણ ક્યારેય દર્દી નહોતો. મને રોગ જેવું કોઈ દર્દ વળગ્યું નહોતું. હવે આ આકાશ પણ શુક્રહીન થયું છે, એમ સમજ. ના થઈ જ ગયું છે. આંબાની છાંય નીચે મેં ક્યારેય કોઈ સ્રીને જોઈ નહોતી. મેં એને મારી પ્રેયસીનું નામ આપ્યું નથી. એના કર્ણમૂલમાં મેં કોઈ તાજા શબ્દનું ફૂલ ખોસ્યું નથી. મે ક્યારેય કોઈ સ્રીને જોઈ નથી. આ પૃથ્વી પર કોઈ સ્રી જેવું છે નહીં, હતું નહીં અને હવે પછી હશે પણ નહીં. ને એણે આંખો મીંચી. ભજનના સેલ્લારામાં એ બાજરાના છોડની જેમ ડોલવા લાગ્યો. બે ભજનના અવકાશમાં પાછો એ દબાયો. પાછી પેલી પુરાણી ખડકીનાં કમાડ ખડખડ હસવા લાગ્યાં, પાછું પેલું આમ્રવૃક્ષ અંધારામાં ઝાવાયું ને અંધકાર પોતાના કાન પાસે શબ્દરૂપ બની ગયો...

'હવે જવાંની પાછી આવે તો એ હાપણને તો હું પૂછડું વેંઝીને ઢીલીઢસ્સ કરી નાખું.'

ને પાછી નરઘા પર તમાકુ ઘૂંટાવા લાગી :

'આરે જીવનમાં થોડું પીધું

ને વળી થોડું મરણમાં પીશું....'

સવારમાં ઊઠ્યો ત્યારે તેની પ્રફુલ્લતા માથી અછાની ન રહી.
થોડુંક લખી એ ખેતરમાં ગયો.

# 7

ચણા સુકાઈને કોઠીઓમાં ભરાઈ ગયા. રમેશની વહુ લાજનો ઓરડો ઓઢીને પાછી પિયરઘરમાં સ્કર્ટ પહેરવાય જતી રહી. રમેશને નડિયાદમાં એના સસરાના કારખાનામાં જગ્યા મળી ગઈ એટલે એ પણ પરણ્યો એવો જ નોકરીએ વળગી ગયો. સત્યે એક બકરી ખરીદી. વહાલમાં એનું નામ રમતી પાડયું હતું. એટલે કાશી ઘણી વાર સત્યને ‘રમતીભાભી’ને સાડી પહેરાવો એમ કહીને ચીડવતી.

સેનેટોરિયમમાંથી ઘેર આવ્યા પછી એણે લેખન શરૂ કર્યું હતું. લખવા ધારી હતી વાર્તા પણ હજી અંત આવતો નહોતો. પ્રારંભમાં પોતે લખેલું જોઈ જતો પણ પછી લખી નાખવા તરફ વધારે રસ વધ્યો ને લખાતી રહી. કદાચ લઘુનવલ થાય.

ખેતરમાંથી એ ઘેર આવ્યો ત્યારે માએ એક મહેમાનકન્યાની ઓળખ આપવા માંડી :

‘આ કાશીની નાંની બોંન. સૂર્યા. વિદ્યાનગરમાં ભણે છે. રજાઓમાં અહીં રહેવા આવી છે. એ કહે તારું નામ તો એણે ચોપડીઓમાં વાંચ્યું છે. એને તારી વાર્તાઓ બૌ ગમે છે. તું પેલું કશુંક લખે છે ને, એ ક્યારનીય જોતી હતી. બેહો બેય જણાં વાતો કરો, હું રસુલાની દુકાનેથી શાક લઈ આવું.

સત્યે સૂર્યાને નમસ્કાર કર્યા અને પોતાના સર્જનમાં એ રસ લે છે તે માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

‘સારું થયું તમે અમારાં મહેમાન બન્યાં. મને તો લાભ થશે.’

એને બેસવા સત્યે ખુરશી તરફ હાથ લાંબો કર્યો. એટલે આખાય દેહમાંથી લાવણ્યનું દરિયાવ મોજું ઊંચું ચડીને શમતું હોય એમ તે બેઠી. વૈશાલીની આમ્રપાલી નવે અવતાર આવી હોય એવી એની હૃદયલુબ્ધક દૃષ્ટિ હતી. સત્યને જોવાનું ગમે એવું એનું સૌંદર્ય હતું. ‘મને તમારા સ્રીપાત્રમાં ગરબડ થએલી લાગે છે. હું ધારું છું ત્યાં સુધી નામકરણમાં તમે હજી એક નામ નક્કી કર્યુ નથી લાગતું. તમારી નાયિકાને પ્રારંભમાં તમે તલપી કહીને ઓળખાવો છો, ચારેક પાન પછી પાછા લલિતા કહો છો, એ કેવું? કે પછી એ સેકન્ડ તો નથી ને ! બાકી તમે લખો છો બ્યૂટિફૂલ....’

ને એણે એકી સાથે હોઠ, નેત્રપલ્લવી; ડોક અને કેડથી ઉપરનાં અંગોને એવો તો હિલ્લોળ આપ્યો કે સત્ય જો મનવેગે ક્યાંક ચાલ્યો ન ગયો હોત તો તે બે બહેનો વિષે અભિપ્રાય આપી બેસત.

કાશી બોર વેચવા નીકળે એવી ને આ ખરીદે એવી.

'બાકી લલિતા નામ કરતાં તલપી મોર્ડન લાગે છે.'

સત્યનું મન સેનેટોરિયમને અડી આવ્યું હતું.

'મિથ્યા છે.' એનાથી બબડી જવાયું.

'મિથ્યા ? ' સૂર્યા ખુરસી ખસેડી નજીક આવી.

'આ પૃથ્વી પર કશુય મિથ્યા નથી. એવું હોય તો તમે લખો છો શા માટે ? તમે તમારાં બા સાથે, પિતા સાથે, મારી સાથે વાત કેમ કરો છો ? કેમ કરી શકો ? મિથ્યાપણાનો ભાવ તમને આ સજીવ મનુષ્યો વચ્ચે, કલ્પિત વ્યક્તિઓ વચ્ચે રહેવા પણ ન દે. જો જો મિથ્યાવાદી બની જતા, નહીં તો આ સૌંદર્યસભર સૃષ્ટિને ઉપભોગવાનું મન પણ નહિ થાય.'

સૂર્યા બોલ્યે જતી હતી છતાં એને સાંભળતો હોય એમ એના મોં ભણી તાકી રહ્યો.

'શું જોઈ રહ્યા છો મને ? સૌંદર્યની વાત કરું છું એટલે...(?) '

'ના. હું વિચારું છું. તમને કવિતામાં રસ છે કે વાર્તામાં ?'

'બન્નેમાં. જેમાં આનંદ મળે એમાં મને રસ છે. તમારાથી મને આનંદ મળતો હોય તો તમારામાં પણ.'

અચાનક રમતીનો અવાજ સાંભળ્યો. ખેતરમાંથી આવતાં એ પોતાને જોઈ ગઈ છે એટલે જ ક્યારની બેં બેં કરતી હશે. એ તરસી થઈ હશે.

'ચાલો, હું તમને મારી બકરી બતાવું.'

સૂર્યાને તે વાડામાં લઈ ગયો.

'જોઈ ? એક ટંકે સવાસેર દૂધ આપે છે.'

બકરી સત્યને સીંગડીઓથી ખંજવાળવા લાગી.

'મારી મા કહે છે, ગયા જનમમાં એ સ્ત્રીનો અવતાર હશે. મને લાગે છે હું એનો પુત્ર હઈશ.'

'પુત્ર નહીં; બીજુ કંઈક. જુવોને ક્યારની તમારા પગને ખંજવાળે છે, ચાટે છે'

સત્ય પાછો હઠયો કે તરત બેં બેં કરવા મંડી. કુંડામાંથી ડોલ ભરી એની સામે પાણી મૂક્યું, 'જોયું ને ! હું નથી કહેતી, એ પરભવની વાત સાંભળી ગઈ. સમજી ગઈ એટલે કેવી

હર્ષ અ-હર્ષ વ્યક્ત કરે છે !' સૂર્યાએ સત્યને ખભે સ્પર્શ કર્યો.

'એનું લવારું ક્યાં છે ?'

'હું તો આને એકલીને જ લાવ્યો છું. રબારી કહેતો હતો એના લવારાને મેલડીને પાળે મૂક્યું છે. માને એ માટે એની સાથે ઝઘડો પણ થયો હતો.'

'ચાલો, બીજું આવશે. કેમ નહીં ? ગુમાવવાથી નિરાશા ન થવી જોઈએ એમ હું તો માનું છું. વ્યગ્રતાથી આનંદનો ક્ષય થાય છે; અને એવું થાય છે ત્યારે નવું કંઈ બનતું નથી. ઈશ્વર જેમ શાશ્વતકાળ આનંદ ભોગવે છે, તેમ તેમ સૃષ્ટિક્રમ કેવો અવિરત ચાલ્યા કરે છે ! એને ક્ષણભરની પણ વ્યગ્રતા પોષાય નહિ. તો પછી આપણે શા માટે આનંદમુક્ત થવું જોઈએ ? હું તો એમ પણ કહું કે આ બકરીને એનું લવારું ગુમાવ્યાનો શોક લગીરે થતો નહીં હોય. તમને પણ ન થવો જોઈએ. અને તમે તો પ્રશક્ત છો. વિષાદથી શક્તિને શા માટે ઓછી કરી નાખવી જોઈએ ? '

'શેમાં ભણો છો ? '

'ઈન્ટરમાં. કેમ પૂછવું પડયું ? મારા અભ્યાસ વિષે જાણવાથી તમને કંઈ લાભ થવાનો છે ? '

'ના. આ તો સહેજ ઉત્કંઠા સહજ પુછાઈ ગયું.'એ ડોલ લેવા નીચો વળ્યો. ખીસ્સામાંથી પેન નીચે પડી ગઈ. સૂર્યાએ લીધી.

'સુંદર છે ! ' અને એ ફેરવી ખોલીને જોવા મંડી. 'પાયલોટ. બ્યૂટિફૂલ !'

સૂર્યા પાસેથી સત્યે પેન સેરવી લીધી.

'તમારા જેટલી એ સુંદર નથી.' કહીને એણે પાછી ખિસ્સામાં મૂકી દીધી.

સૂર્યાએ માન્યું સત્યે પોતાના રૂપની સમીક્ષા કરી એટલે તે બોલી : 'જો જો, મારી ઉપર વાર્તા ન લખતી બેસતા. એમ કરશો તો હું સમજીશ કે તમને મારામાં રસ નથી.'

સત્ય હસ્યો.

'તો તમારામાં મને રસ છે એવું હું કઈ રીતે તમને પ્રતીત કરાવી શકું ?'

'બીજી ઘણી રીતો છે. પણ વાર્તામાં મને મલાવો – સ્થાન આપો એ મને ન ગમે. કેમકે મને કોઈ સર્જક દષ્ટિથી જુએ એ નથી ગમતું. હું સંપૂર્ણ સર્જાઈ ચૂકી છું. મારી રસવૃત્તિ હવે સર્જકની સમાન બુદ્ધિથી વ્યવહાર કરે એવી થઈ ગઈ છે.'

સત્ય એને જોઈ રહ્યો.

'મને આમ તટસ્થ થઈને ન જુઓ. મારી સામે – સાથે વાત કરનારને હું ભિન્ન નથી રાખી શકતી. મને પુરુષની તટસ્થતા બિલકુલ ગમતી નથી. તમને હવે ખ્યાલ આવ્યો હશે. હું તમારી મૈત્રી ઇચ્છું છું. તમારું તાટસ્થ્ય મને નથી ગમતુ તે એટલા ખાતર.' સત્યને થયું

આ છોકરી માત્ર થોડાક સમયમાં, હજી એને મળ્યે પૂરો કલાક પણ થયો નથી ને મૈત્રી ઇચ્છે છે ! કમાલ છે!

એનાથી બે વિચાર વચ્ચે જેટલો અવકાશ બચે – રહે એટલો જ લલિતા અને સૂર્યા વચ્ચેનો રહેલો અવકાશ લાગ્યો. સૂર્યા લલિતાને અડી જવામાં જ છે ! લલિતાને લઈને એ આઘો આઘો સરી ગયો હોય એવું લાગ્યું. હવે ? 'કેમ મૂંગા થઈ ગયા? સંમતિસૂચક મૌન છે, એમ હું માની લઉંને !' – ને એણે સત્યને ગાલે હાથ અડકાડયો. કહેવાની જરૂર ન લાગી કે સત્યને એ સ્પર્શ કેફલ લાગ્યો.

એણે ઉત્તરમાં સ્મિત કર્યું. એમાં સંમતિ હતી-ન હતી-હતી. બન્ને ઘરમાં ગયાં ત્યારે અંદર મા અને રતિલાલ વાતો કરતાં હતાં. સત્યને લાગ્યું મા રતિલાલને વારતી હતી. પણ એ માનતો નહોતો. રતિલાલ ઓસરીમાં આવ્યો.

'દિવારી ભાભી હું તો લખાઈ દઉં, છેડાછૂટનું ત્યારે.'

ને એ સત્ય તરફ ફર્યો. દિવાળી બહાર આવી.

'એવું થતું હશે ભઈ ? ' ને એણે સત્યને કાગળ ન લખવાનો ઇશારો કર્યો.

'એ તો બધ્ધુંય થાય. હેંડને સતિ, દોસ એક ધડધડાઈને તાર જેવો કાગર લખી આપ કે એ રાંડ ઊંચીનેંચી થઈ જાય.'

પાસે ઊભેલી સૂર્યાને જોઈને ઉમેર્યું.

'એને ચેટલીવીહે હો થાય છે એની ખબર પાડી દઉં હા. હેંડ તું તારે.' સત્યનો હાથ પકડીને સૂર્યા ભણી જોતો એને પોતાના ઘર ભણી લઈ ગયો.

આખે રસ્તે એના બૈરીપુરાણને સંભળાવતો રતિલાલ ઘેર આવ્યો.

'આ વખત તો લખી જ નાંખ્ય. એને તેડવી જ નથી. એના ડોહા જોડે નક્કી કરી નાખીયે છેડાછૂટનું.'

સત્યે ધીમેથી શરૂ કર્યું :

'જુઓ રતિલાલ, પયગમ્બર ઈશુએ કહ્યું છે કે "જે કોઈ પોતાની પત્નીને છૂટાછેડા આપે છે, તે તેને વ્યભિચારી બનાવે છે, અને જે કોઈ—"...

'બેસને અવે વ્યભિચારીવાળી. પત્ની પત્ની કરતો હમજે નૈ ને ! તું તારે હું લખાવું એમ લખ. મારું ઘર તો માંડતાં માંડશે પણ એને મંડાઈ દઉં. દિવારીની વાતની ગૈ છે, હજી આ'પા એની ડોક નથી ફરી.'

'રતિલાલ યાર જવા દોને; કાકીને—'

'ટપણી...'

‘પણ મારી પેનમાં શ્યાહી નથી. કાલે લખીએ તો ન ચાલે ?’

‘કાલબાલ નૈ. તું છટકી જવા માગે છે. ઊભો રે’ હું સીસપેન લઈ આવું.’

‘ના યાર. રહેવા દો. મને મારી પેનથી જ સારું ફાવશે.’

‘મેર સાલી ટણપી.’ રતિલાલ ઊકળી બેઠો.

‘એમ કહેને તને લખતાં ચૂંક આવે છે. આ હિન્દીપેણમાં શું હીરા જડયા છે, પાછી બૌ’ નવઈની ખરીને ! સાલી તું તો બકરી જ ચારી ખા જા.’

સત્યે છૂટકારાનો દમ લીધો. ઘેર આવ્યો.

સૂર્યા જમતી હતી.

‘ભઈ, આ સૂર્યાને મરચું ખાવાની આદત છે. એ તારી વાત પૂછતી’તી. મેં કહ્યું એને તો ગોળ ખૂબ ભાવે છે. નાંનો હતો ત્યારે એની ચડ્ડીમાંથી તળાવે ધોવા જઉં ત્યારે નવટાંક નવટાંકનાં ગાંગડા કાઢતી.’

સૂર્યા હસી પડી. સત્ય બેઠો.

‘તે પછી શું થયું ? કાગર ન લખ્યો ને ! ‘

‘ના.’

હારું કર્યું નૈ તો મૂઓ ગામ આખામાં ભસી વરત કે તેં કાગર

લખી આપ્યો. અને તારા બાપુ વઢત એ જુદું .’ પછી સૂર્યાને કહે,

‘એની વહુ મારા પિયરની જ છે, બોંન, એટલે.’

સત્ય હાથ ધોવા ગયો ત્યારે ઉમેર્યું :

‘અને પાછો મૂઓ નબરો છે. દૃષ્ટિનો ગંદો છે. જોજે એની જોડે વાતે વરગતી.’

સૂર્યાએ લીલું મરચું લીધું.

‘સરસ છે મરચું. ક્યાંથી લાવો છો તમે ? આ ખેતરમાં કર્યા છે ?’

‘ના બોંન, સતિનો ભઈબંધ છે. એની વાડીએથી રોજ આલી જાય છે. બચારો એય બૌ, હારો છોકરો છે. જોયો હોય તો ભલો માંણહ લાગે. કોઈ મુસલમાન હશે. વોણીઆ બામણના કુળનો હોય એવો છે. બચારો સતિને એની બહુ માયા છે.’

સત્ય જમવા બેઠો. એટલે સુરભિની બાધાની વાત કાઢી :

‘ભઈ, ઘરનાં બધાં આવતા રવિવારે ઉમરેઠ ભદ્રકાળી માતાએ ઉજોણીએ જવાનાં છીએ, રમેશ ને એની વહુ પણ આવશે બારોબાર. તું આઇશ ને ? ‘

‘ના. મારે લખવાનું છે.’

સૂર્યાને એ ગમ્યું.

# 8

સાંજ ઢળી હતી. રસ્તા પરની અવરજવર ઓછી થતી જતી હતી. આંબા પરથી માત્ર પક્ષીઓનો કલશોર ખેતર પર ગુલાબી રંગ ધારણ કરીને પથરાતો હતો. બેચાર દિવસ પહેલાં જ ગામમાં વણજારાનું ટોળું આવી પડયું હતું. એમના હૃદયનો અવાજ વારંવાર અહીં આવી આવીને હોળીની જ્વાળા જેવો અડકી જતો હતો.

લખવાનું મન ચાલ્યું નહીં, એટલે સત્ય ખાટલી ખેંચીને છાપરી બહાર આવી બેઠો.

‘કેમ અહીં બેઠા છો ?’

ઓચિંતો સૂર્યાનો સ્વર આવતાં તેણે પાછળ જોયું.

‘શાક લેવા ગઈ હતી, તમારા મિત્રની વાડીએ.’

ને સંધ્યાના રંગમાં એણે સ્મિત ઉમેર્યું. ખાટલી પર સત્યને અડીને બેઠી.

‘હાશ…’ સાંજને પણ શરમ આવે એમ તે વર્તી બેઠી.

સત્યના ગળે સાપણ પડી હોય એમ મોંને નજીક લઈ ગઈ.

‘Friend. night comes and we are alone.’

સૂર્યાના હાથને કુમાશથી વેગળો કરી એણે ઉત્તર આપ્યો. અલબત્ત ડૉક્ટરની પેલી આવતી વખતની સલાહને યાદ કરીને જ : ‘હા. રાત આવે છે. પણ તું એકાંત કોને કહે છે ? હું ક્યારેય we are alone એવો શબ્દપ્રયોગ ન કરું. “we” શબ્દ મને એકાંતભંજક લાગે છે. એકાંતમાં માત્ર “હું” જ વ્યાપી રહે છે, તે પણ ક્ષણિક. ને તે પછી તો કેવળ એકાંત. જેમાં મારે મતે કેવળ શાંતિ જ હોય છે. એકાંત કદીય ક્રિયાસાપક્ષ હોતું જ નથી, સમાધીસાપેક્ષ હોય છે. અને હું માનું છું તને એ અભિપ્રેત નહીં હોય.’

સૂર્યાના આવેગને વશ થવાની એની અનિચ્છા આ રીતે પ્રગટ થતાં સૂર્યા હતાશ ન થઈ. એણે સત્યને અવળું જ કહ્યું–સંભળાવ્યું :

‘મને શું અભિપ્રેત હતું એ હું સમજું છું, પણ તમને કહી દઉં છું કે તમારી કામનાને

હું વહેલી પિછાની ગઈ છું, હું બચી ગઈ ! હું બચી ગઈ ! મેં કેવળ મૈત્રી ઇચ્છી છે, સત્યકુમાર મૈત્રી. સમજ્યા ? તમે તો બાળક નીકળ્યા; સૉરી. બાળક ત નિર્દોષતાનું પ્રતીક છે. પણ તમે તો હીન છો.'

ને સડસડાટ એ ત્યાંથી ચાલી ગઈ.

સત્યે ધાર્યું નહોતું આ વિચિત્ર નીકળશે અને આ રીતે વર્તી રહેશે ! એ મનોમન પસ્તાયો :

'આ રીતે સટૂ દઈને નગ્ન અભિપ્રાય આપી દેવો એ તો માત્ર વાર્તાસૃષ્ટિમાં ચાલે, વ્યવહારમાં ન ચાલે.'

સત્યને થયું સૂર્યા કડવી છે. એની મૈત્રી પોતાને નહિ સદે. એટલે એને માટે કંઈ વિચારવાનું માંડી વાળી તે ઊઠયો.

'જે જલ્દી જલ્દી નૈકટય ઇચ્છે એ કેટલા લાંબા સમય માટે ?'

# 9

તલાટી ગયા. ઘરમાં નારણ આવ્યો. સત્યને એના બાપુજી બોલાવતા હતા. ગયો.

'જો ભઈ, નિશાળના માસ્તરની બદલી કરાવવા પેલા તલાટી આવ્યા'તા.

તું કેળવણી ખાતાના ઉપરી સાહેબને ઓળખે છે તે ભઈ, એક દા'ડો તાલુકે જઈ આવીશ એમની જોડે ? '

બાપુજીની આ વાત સત્યને ગમી નહીં.

'હું કોઈને ઓળખતો નથી. અને ઓળખતો હોઉં એટલે મારે આવા કામમાં એની ઓળખનો ગેરલાભ લેવો—'

સત્યની વચ્ચે જ તે બોલ્યા :

'ગેરલાભ ક્યાં છે ? આ તો છોકરાંને ખૂબ પીટે છે.'

'હું નહીં જઉં, મને એમાં રસ નથી. મારું એમાં કામ નહીં.'

તમાકુના વેપારીની ગાડી આવી એટલે વાત ત્યાં જ અટકી. સત્યના બાપુજી આ વર્ષે તમાકુની દલાલીમાં રસ લેવા મંડયા હતા. વાતવાતમાં એ પત્નીને કહેતા પણ ખરા : આ વર્ષની સઘળી દલાલી સત્ય માટે છે. સત્યે એમને આ રીતે સંભળાવી દીધું એટલે એમની આંખ બદલાઈ પણ બહારગામ જતી વખતે 'રામાયણ' કરવાનું માંડી વાળી તે તૈયાર થવા લાગ્યા. જતાં જતા કહેતાં ગયા—

'ગામમાં તમાકુ ભરવાદ ખટારા આવવાના છે એટલે એનું વજન કરજે. બીજું ના થાય તો !'

તમાકુનું વજન કરવામાં અડધો દિવસ ગયો. એ કામ પરવાર્યા પછી એને સળેખમ વળગી બેઠું. બપોરે ઘરનાં બધાં સુરભિની બાધા કરવા માટે ઉમરેઠ ગયાં ત્યારે મોટાભાઈએ વજનનો હિસાબ કરવાનું પણ સોપ્યું એટલે તો એ વધારે કંટાળ્યો.

માએ ઢેબરાં કરી રાખ્યાં હતાં તે ખાઈને એ તળાવ પર લટાર મારવા નીકળી પડયો.

વડ નીચે લાલાકાકાની વૃદ્ધમંડળી ગપ્પે ચડી હતી. વચ્ચે પરસ્પર તાળીઓ અપાતી અને થૂંક ચોંટેલા અવાજો પાળ પર પથરાતા. તો પાછા 'કોઈ હાંભરી જશે, ઘયડે ઘયડપણ' કરતાકને ભજનમાં માન અપાય છે એવું શાંત પડી જતાં સત્ય ત્યાં ગયો. એને વૃદ્ધત્વને તટસ્થ રીતે માણવાની એક પ્રકારની લિજ્જત આવતી.

'આય ભયલા બેસ. તારા અમદાવાદમાં અમારા જેવા ઘયડા ભેગા થાય છે કદી ?'

'કેમ નહીં ? ગામ હોય ત્યાં ઘરડાં તો હોય જ ને !'

'ગાંમ હોય તાં ઘયડા નૈ પણ ઢેડવાડો હોય એમ કે' ખરપા.' વાઘજી ખડખડ હસી પડયા. 'તારે શું, અમે તો ઢેઢવાડો કહેવાઈએ. જોને ચયારના માયાની વાતમાંથી ઊંચા નથી આવતા. આ તારો લાલોકાકો ભરમચારીની વાતો કરે છે પણ એની મૂંછોમાંય પાણી વરે છે.'

'તે લ્યા વાઘજી એને એમ શું કરવા કેં છે, કંઈ બીજી વાત કર. સતિ, ભજનબજન ગાતાં આવડે છે કે ? લે હુકો પીશ કે ?' ને અરજણે હુકો ધર્યો, 'રે'વા દે એને વેસને ના ચડાવતો.'

'જુઓને લાલાકાકા, તમાકુ તોલવા ગયો એટલામાં તો સળેખમ થઈ ગયુ તો પછી પીઉં તો તો—'

'ખરી વાત છે. તારો લાલાકાકો તો કહે છે, માયાનું લૂગડું ને તમાકુની પાંદ બેય હરખાં.' ને વાઘજી હસી પડયાં.

સત્યને થયું હજી આ લોકો તૃપ્ત નથી થયા. પોતે આ મંડળીમાં ભળી શકતો નથી એનો પણ એને ખ્યાલ આવ્યો. આ જમાત એમના વિષયમાં જ મગ્ન છે, રહે છે. પોતે જ્યારે જ્યારે એમની પાસે જાય છે ત્યારે એ લોકો એનું સાધન બનાવી દે છે. તેમ છતાં એને ગમ્યું. વૃદ્ધ મનુષ્ય વ્યસનનો નિકટનો મિત્ર બની જાય છે. રામાયણ મહાભારતની વાતમાંથી ક્યારે એ લોકો સદેવંત સાળંગાની વાર્તા પર આવી બેસશે એ કહેવાય નહિ. ક્યારેક તો સત્યની ઉપસ્થિતિનિ પણ તેઓ ગણકારતા નહીં અને પોતપોતાની રંગકથાને વર્ણવતા. સત્યે જોયું આ લોકો જેમાંથી પસાર થઈને અહીં આવ્યા છે ત્યાં પાછા જવા ઇચ્છે છે. ઘેર ગયો. લખ્યું. મઠાર્યું. ચાદર ઓઢીને સુવાનો ડોળ કર્યો. ખૂણામાં કૂદાકૂદ કરતા ઉંદરો તરફ ધ્યાન ગયું. ઊઠયો. વાડામાં જઈ રમતીને પાણી પાયું. એના ગળે બાંધેલી નાની ઘુઘરમાળ રણકાવી, એનું પૂછડું પકડી એને ચીડવી-એને ચીડવી...ફરી પાછી ચીડવી. સૂર્યા કહેતી હતી રમતી પૂર્વજન્મમાં કશીક સગી થતી હશે...એને બંધનમુક્ત કરી એટલે ઠેકડા મારતી મારતી એ વાડાના છેડા સુધી પહોંચી ગઈ. ત્યાંથી ઠેકતી ઠેકતી સત્યની ચોફેર ગોળ ગોળ ફરવા લાગી. સત્ય પથ્થર પર ચૂપ થઈને બેઠો. એ સત્યને મનાવતી હોય એમ એનું મોં સુંઘવા લાગી.

'સૂર્યા...'

એ ઊભો થઈ ગયો. રમતીને બાંધી દીધી. સૂર્યા ઉમરેઠ ગઈ હશે. રમતીના મોં આગળની ડોલ લેવા નીચે વળ્યો. એણે ફરીથી મોં સૂંઘવાનો યત્ન કરી જોયો.

મોટાભાઈના ઘર તરફ એનાથી જોવાઈ ગયું. મેડીની બારી અધખૂલી હતી. અંદર કોક ઊભું હોય એવું લાગ્યું.

એ મોટાભાઈના ઘર તરફ ગયો. રસ્તામાં અહેમદ મળ્યો.

'સત્ય, તું ઉજાણીએ નથી ગયો ?'

'ના. સળેખમ થયું છે ને મને ઉજાણી જવાનું ગમતું નથી'. સત્ય એના માથા પરના પોટલાને જોઈ રહ્યો. એમાંથી બેચાર મરચાં કાઢ્યાં.

'આટલાં જ ? ચાલને દોસ્ત વાડીએ બીજું શાક પણ આપીશ અને મારે તને એક અજીબ વાત કહેવી છે, તને કામ લાંગશે. હજી કુંવારો છે એટલે...'

'અહીં જ કહી નાખને ! હું પછી આવીશ ત્યાં. અત્યારે તો જબ્બર સળેખમ થઈ ગયું છે.'

'પછી પાછો આવાં બહાનાં બતાવીશ. ચાલ કહું છું. અરે, સત્યા તારા મોટાભાઈની સાળીનો તને પૂરો પરિચય ખરો કે ? જોજે ખોટું લગાડતો.'

'છોકરી મુક્ત છે.'

'અચ્છા ત્યારે જઉં. ભાર લાગે છે.' ને અહેમદ ચાલ્યો ગયો. રતિલાલન આવતો દીઠો. એટલે સત્ય લીમડાંની આડમાં ઊભો રહ્યો. પાછો તે દિવસની માફક પત્ર લખાવવા લઈ જઈને માથું પકશે નક્કામો. એના ગયા પછી સત્ય મેડી પર ગયો. ખાટલામાં સૂર્યા લઘરવઘર પડેલી. ઓશીકું ખાટલા નીચે પડી ગએલું, અંગ પરની અસ્તવ્યસ્તતા જોઈને સત્યને લાગ્યું હજીય આ ઘોરે છે. ભીની જગ્યામાં કોઈ કૂતરે બોડ કરવાની તીવ્ર ઇચ્છા વ્યક્ત કરી હોય એવું દેખાતું હતું. સત્યની છીંકથી સૂર્યા પણછની જેમ કંપી.

'કેમ તું ઉજાણીએ નથી ગઈ ?' સત્ય ખાટલા પર બેઠો.'

'એ....એ...તમે ! નહાવું પડશે હવે તમારે. સૂર્યાએ શરીરની કંપનોને વ્યવસ્થિત કરવા માંડી.'

'ઓહો, એમ વાત છે ? કંઈ નહીં. હું તને ક્યાં અડયો છું. તને અડું તો અભડાઉં ને ! આ તો ખાટલા પર બેઠો છું અને કાષ્ટ તો પવિત્ર હોય છે.'

'પવિત્ર !' મનમાંને મનમાં બબડીને સૂર્યાએ મોં બગાડયું.

'મારું આગમન તને ગમ્યું હોય એવું મને ન લાગ્યું. પણ હું જાણતો જ નહોતો તું અહીં હશે.'

'તો પછી કેમ આવ્યા ?'

‘તમે છો કે નહીં એ જોવા, મને સળેખમ થયું છે.’

‘મને નથી જોઈ તમે ?’

‘મને—’ ને સત્યે છીંક ખાધી.

‘આ એકાંત છે એ જોવા આવ્યા હશો.’

‘ના...એને જોવાનું નથી. અનુભવાય છે. અને...’

‘સૂર્યાના કબજાનાં બે બટન જોઈને તે હસ્યો.’

‘શું હસો છો ?’

‘એ કે તમે સૂર્યવંશી છો.’

સૂર્યાએ પોતાની રીતે એનો અર્થ કર્યો.

‘તો પછી એમ કહોને સૂર્યવંશી જોડે સંબંધ બાંધવા આવ્યો છો. પણ આજ મુહૂર્ત નથી. સાધુપુરુષને મન “પવિત્ર” શબ્દ મોટો હોય છે એ ભૂલી તો નથી ગયા ને ?’

‘મને સળેખમ થયું છે. ભાભીએ બામની શીશી ક્યાં મૂકી છે ?’

‘મારી મોટીબેનને ભાભી કહીને તમે મને એમનાથી જુદી કેમ પાડો છો ? એ મારી ભાભી નથી થતી. બેન છે.’

‘તું મને સંબંધનું જ્ઞાન ન આપીશ. ચાલશે. મારે બામ જોઈએ છે. વધારે માથું ચડે એ માટે હું અહીં નથી આવ્યો.’

‘તમે મારી સાથે તું અને તમે એમ બે વચનોમાં કેમ વાત કરો છો, એની સ્પષ્ટતા પહેલાં કરો !’

‘હું મારી ભાભીની બહેનને શું કહું ? મને મારા એક વેદિયા પ્રોફેસર યાદ આવે છે. એ તારી જેમ શબ્દેશબ્દની સ્પષ્ટતા માગતા હતા.’

‘એક દિવસ એક વિદ્યાર્થી એ એમને વર્ગમાં સવાલ પૂછયો : “સાહેબ, તમે નવમા ધોરણથી પીએચ. ડી. છો કે એમ. એ. થયા પછી ?” ત્યારે એમણે મારી જોડે Ph. D. શબ્દનો અર્થ માગ્યો. મેં કહ્યું ડૉક્ટરેટની ડિગ્રી માટે એ અક્ષરસમૂહ છે, તો કે મૂર્ખ એ મને ખબર છે, પણ આ ભાઈ નવમા ધોરણથી હું Ph. D. છું એ પૂછે છે એ Ph. D. નો અર્થ શો ? મેં એમને–અમે વિદ્યાર્થીઓએ નવો કરેલો અર્થ “વ્યંઢળ” જે અર્જુનના અજ્ઞાનવાસ દરમિયાન એને માટે મહાભારતકારે યોજ્યો હતો—’

‘મારે તમારું મહાભારત નથી સાંભળવું. તમને પણ મારે એવું જ કંઈ ઉપનામ આપવું પડશે.’

‘તારી બુદ્ધિ અનુસાર તું મને એ કહે તો મને સ્વીકાર્ય છે. પણ મારે તું અને તમે કયા

કયા સંદર્ભમાં તને કહેવું પડે છે તે પણ ત્યારે સમજી લેવું જોઈએ. હું જ્યારે તારું સન્માન કરતો હોઉં છું ત્યારે તને "તમે" કહું છું અને જ્યારે મને તારા પર ધિક્કાર વછૂટે છે ત્યારે તારા માટે એકવચનમાં પ્રયોગ કરું છું.'

'એટલે અત્યાર તમે કઈ લાગણીથી મારી સાથે વાત કરો છો ?'

'સૂર્યા, તું મને ચીડવવા મગ્ન છે. પણ ખબર છે, મને સળેખમ થયું છે.'

'એમાં મૃત્યુ નહીં થાય.'

'થાય તો તારે શું–મારી માને પુત્રની ખોટ પડે. તારાથી ઊઠાય ના તો મને બતાવીસ કે બામ ક્યાં મૂક્યો છે ?'

'વાત બદલો નહીં. તમે મને ધિક્કારો છો કે ?'

'અત્યારે તો મને તારા પર ધિક્કાર પણ નથી કે અ-ધિક્કાર પણ નથી.'

'તો પછી તમે મને તું કેમ કહો છો ?'

'તમે મને બામ આપો.'

સૂર્યા ઊઠી.

આટલી બધી ચર્ચા કરીને થાકી ગયો હોય એમ સત્ય ખાટલામાં લાંબો થયો. એને કપડાં ઠીક કરતી જોઈને એણે આંખ ફેરવી લીધી. ચણિયા અને કબજા નીચેનો ખુલ્લો ગોરો પ્રદેશ એને અત્યંત આકર્ષક લાગ્યો. અત્યાર સુધીની બધી કડવાશનો જે મનમાં સંગ્રહ થયો હતો તે બધી ઓસરી ગઈ. ભીંત ટાંગેલા આયનામાં મોં જોવા એ નીચી વળી ત્યારે એનાથી બોલ્યા વગર ન રહેવાયું.

'રૂપાળાં લાગો છો. વધારે સજ્જાન કરશો. કંઈક સેવા કરતાં શીખો.'

'મારું સન્માન કરો છો ને પાછા સેવાની અપેક્ષા રાખો છો ?'

એનો લહેકો સાંભળીને સત્ય બેઠો થઈ ગયો.

'હા. અમસ્તો કંઈ સેવાનું નથી કહેતો. હું આર્શીવાદ આપીશ તને.'

માથામાં કાંસકો મારતાં મારતાં એણે પાછળ જોયું.

'બહુ ફળવાની ખરી આશિષ ?'

'કેમ ન ફળે ? હું તારા-તમારા કરતાં નહીં નહીં તોય વર્ષ મોટો હઈશ. મને તો એમ હતું કે હું તારી પાસે સળેખમની વાત કરીશ કે તરત જ તું રઘવાઈ રઘવાઈ થઈને જાતે બામ ઘસી આપશે, ઉકાળો બનાવી દેશે. ખબર છે ? મોટીબેનના દિયરનું કામ કરવા માટે તો કુમારિકાઓ વ્રત કરે છે.'

એ કેમ ઊઠયો એ પોતે ન સમજી શક્યો. પાછો ખાટલા પર બેસી ગયો. ખાટલા

પાસે પડેલી ટોપી લઈને એણે માથા પર મૂકી. સૂર્યા પાસે ઊભો.

'જો કેવો લાગું છું ?'

સૂર્યા હેબતાઈ ગઈ. કંઈ બોલી નહીં, બે કદમ ભયથી પાછી હડી ગઈ.

'કેમ દૂર જાય છે, શરમ આવે છે ? આમ તો પાછી કહે છે હું તમારી મૈત્રી ઇચ્છું છું.' એણે આયનામાં જોયું. જોરથી હસ્યો. આયનામાં પોતે સાવ રોંચા જેવો દેખાતો હતો. બજાણિયાના છોકરા જેવો. ઘેંઘો. 'પેલો રતિલાલ પણ આવો જ છે, નહીં સૂર્યા ?' સૂર્યા કબાટમાં શીશી શોધવાને બાને ખોળંખોળા કરતી હતી.

'મોટાભાઈ તો ટોપી નથી પહેરતા. પાછો ક્યાંથી શોખ જાગ્યો એમને ? તમાકુના વેપારમાં એય ટોપી પહેરતા થઈ જવાના.' ને હસ્યો. કબાટ પાસે જઈ સૂર્યાના માથા પર ટોપી મૂકી દીધી, અને એ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરે તે પહેલાં તો સત્યે એની ચિબુક પકડીને સૂર્ય ચૂસ્તો હોય એવું કશુંક કરી લીધું. ને એ કંઈ બોલે તે પહેલા સડસડાટ મેડી ઊતરી ગયો.

એ ચોકમાં આવી ઊભો. એના વક્ષમાં સહસ્ર અશ્વોની હેષા પ્રવેશી ગઈ હતી. મનનાં પગ મેડી ચડી જતા હતા. આખા રસ્તા પર આળોટતા આળોટતા ઘેર જવામાં જો સભ્યતા જેવું વચ્ચે ન આવતું હોત તો તે એમ કરી બેસત. રતિલાલ માથું ખંજવાળતો ખંજવાળતો સામે મળ્યો એને—

'કેમ રતિલાલ, મજે મેં ?' કહ્યું. રતિલાલ ચમક્યો ત્યારે તે હસી પડયો.

# 10

‘ક્યાં ગયા છો ?’

સત્યની વાર્તાનાં પાનાં ઉથલાવતાં ઉથલાવતાં સૂર્યાએ દિવાળીને પ્રશ્ન કર્યો.

‘તમાકુ જોખવા જ સ્તો, ગઈકાલની શરદી થઈ ગઈ છે ને પાછો આજેય ગયો છે. બેસ તું.’ સત્યની મા અંદર ગઈ બપોર હતો. સૂર્યાને ગઈ કાલનો ઉન્માદ યાદ આવ્યો. ગઈ કાલે મોટીબેન ઉમરેઠ ઉજાણીમાં ગયાં હતાં ને પોતે ! પોતે M. C. નું બહાનું કાઢીને માતાજીની ઉજાણીને ચાલાકીપૂર્વક ટાળી હતી ! ચોકમાં મંજુ રમતી હતી એને બોલાવી. એના નાજુક હાથ પકડયા.

‘તારું નામ શું ?’ અને મંજુ પોતાનું નામ કહે તે પહેલાં એને બચીઓથી ગૂંગળાવી મારી. નાની છોકરી એના આવેગને જીરવી ન શકી. ચીસ પાડી ઊઠી. નાઠી.

‘ઊભી રહે.’

ને એ સત્યના ખાટલા પર પડી. સત્યનું લખાણ વાંચવા લાગી.

‘પર્વતશિખર પરથી નીચે જોયું. ભયથી રોમાંચ થયો તે તલપીએ દિનુનો હાથ પકડી લીધો.

‘કેમ આમ કરે છે ?’

‘કેમ ભાર લાગે છે ?’

‘સુગંધીનો તે ભાર હોતો હશે.’ તલપીના ચહેરાને એણે સુંઘતો હોય એમ ચેષ્ટા કરી.

‘મને આટલે ઊંચે ચડયા પછી પડી જવાનો જવાનો ભય લાગે છે.’

‘બીકણ. હું છું ને !’

‘આજે – અત્યારે તમે છો. આવતી કાલે પપ્પાએ મુંબઈ જવાનું નક્કી કર્યું છે. તો શું કરશો ?’

'રામની જેમ તારી પ્રતિમા બનાવીશ.'

'પ્રતિમા બનાવ્યા વગર મને મેળવવાથી વાત કરો. પછી હું જોઉં તમે બીકણ છો કે હું ?'

'સમય એનું કામ કરશે. તું પત્ર તો લખીશ ને ?'

'એડ્રેસ ?'

'લાવ તારો હાથ'

કમળપત્ર જેવો મુલાયમ હાથ હાથમાં લઈ એકાદ માસના સહવાસને એની હથેળીમાં એના પ્રમત્ત હોઠથી જાગૃત કર્યો. પછી એના પર પ્રેમથી પોતાનું સરનામું લખવા લાગ્યો.

'તારી પેન એક સાથે પદાર્થો પર કામ કરે છે.'

ઓચિંતો હાથ દબાતાં જ તલપી ચીસ પાડી ઊઠી. સર્વદમન જેવી કુંણીચીસ.

સત્યે 'સર્વદમન જેવી' નીચે રેખા દોરી હતી. બાજુમાં લખ્યું હતું :

'forget it my heart.' સૂર્યા બબડી.

'બોગસવેડા.' કાગળો ટેબલ પર પાછા મૂકી દીધા.

'આમ તે કંઈ પ્રેમ થતા હશે ? એમાં તો ઊકળતા સીસા જેવું પૌરુષ જોઈએ.'

સામે જોયું તો અહેમદ. એ ખાટલામાંથી બેઠી થઈ નહીં. પડયે પડયે જ સ્મિત કર્યું .

'કેમ છો ? બેસોને. ઊભા છો શું ? તમા મિત્ર કામે ગયા છે. એ આવે ત્યાં લગી મારે પણ તમારી વાડીનાં તાજા શાકભાજી ખૂબ ભાવ્યાં.'

'ઉમરેઠની વાણિયણોને પણ ખૂબ ભાવે છે.' અહેમદ ઉંમર પર બેઠો. 'કાકી નથી ?'

'છે. તમારો અભ્યાસ ક્યાં લગી ?'

'ઊઠાંમાંથી ઊઠી ગયો છું સત્યને ગણિત હું શીખવાડતો હતો.'

'એટલે જ તમાકુના હિસાબ એમને ફાવે છે. તમે ત્યાં દૂર બેઠા છો એના કરતાં આ ખુરશી પર બેસોને ! તમારા મિત્રને ઘેર આ રીતે ન બેસાય.'

'મારા વર્ગમાં એક ઘાંચણ શિક્ષિકા હતી તે મને યાદ આવે છે. બિચારી શિક્ષકોને ખૂબ સ્નેહથી પોતાની ઘાણીએથી તેલ લઈ જવાનું આમંત્રણ—'

સૂર્યાને હવે બેઠા થવાનું મુનાસીફ લાગ્યું.

'તમે એટલે જ ઘાંચી જેવા લાગો છો.'

'તમે મારામાં તમારું પ્રતિબિંબ જલદી જોઈ લીધું. મારી બા કહે છે અહેમદનું દિલ આયાના જેવુ છે એ હવે મને સમજાયું.'

'પોતાની જાતને આટલી ઊંચી માનવી એ ભૂલ છે.'

એટલામાં સત્યના મા આવ્યાં.

'આવ્યો ભઈ ? જોને એ હજીય નથી આવ્યો. એમના હાથમાં દાબડો હતો. એમાં ઘરેણાં હતાં. સૂર્યાને આમ ઝટપટ જતી રહેતી જોઈને એને આશ્ચર્ય થયું.

'બૌ શરમાળ છે નૈ અહેમદ ?'

'કોણ હું ? કાકી વેપારને ને શરમને નાહ્યે નીચોવ્યે સંબંધ નથી.'

'તારી વાત નથી કરતી, હું તો આ સૂર્યાની વાત કરું છું.'

'તો હું ય (એની વાત કરું છું ને ! મારી જોડે એ કેવો સોદો કરવા આવી'તી; એ હું જાણું છું) શું વળી સમજ્યો ? શું છે આ ? એણે વાત પ્રકટ ન કરી. એમ થાય પણ નહીં ને !

'કંઈ નૈ એ તો જરા. મારી વેંટી નથી જડતી તે – તું એમ કરને ભઈ, સત્ય પર વિશ્વાસ ન લાવીશ. તારી જાતે જ અથાણા જોગાં મરચાં તોડી લાવજે ને, જોને એ તમાકુમાં પડયો છે, ને હવડાંથી પાછું સરદુય એને થયું છે.'

'સારું ત્યારે કાલે વાત.' ને એ ગયો. પણ સૂર્યાને ઘરેણાં બતાવવાં હતાં ને એ તો મુઈ જતી રહી. હશે પછી. હવે તો દિવા જેવું દેખાય છે, બેય જણાં મળી ગયાં સમજ.

ગઈ કાલે ભદ્રકાળી માતા સમક્ષ પોતે ગદ્‌ગદ થઈને શી પ્રાર્થના કરતી હતી, મા પાસે કોઈ ન જુએ એમ અશ્રુનો પાલવ પાથરીને માંગ્યું હતું —'સૂર્યા જેવી ભણેલી-ગણેલી વહુ આંખ આગળ હોય તો આનંદથી દહાડો આથમી જાય.'

આ રમેશ પરણીને તરત જ વેગળો થઈ ગયો. નોકરી રહી, શું થાય ! કાશી છે પણ વઢકણી છે. ટંટો એને ફ્યડકે બાંધેલો હોય છે.

રીઝઈને રહી ત્યાં લગી વહુ નૈ તો શોક્ય બનીને ઊભી રહે.

સત્ય આવ્યો. આવ્યો એવો માથે હાથ મૂકીને બેસી પડયો. શું થયું છે ? એમ પૂછે એટલામાં તો તે પોટલું થઈને પડયો ખાટલામાં. એને તાવ હતો.

આખી રાત ઊંઘની જેમ એ સત્યના મોં પર ઝળુંબી રહી. સત્ય તાવમાં વારંવાર બબડતો હતો.

'ભૂલી જા. એ હવે નહીં આવે !'

'કોણ નહીં આવે બેટા ?' દિવાળી એને પૂછતી. પણ એને ક્યાં કંઈ ઉત્તર આપવો હતો ! દિવાળી પતિ પર ઘડીક ગુસ્સે થતી. 'મેં ના કહ્યું'તું છોકરાને તમાકુમાં ના ઘાલો. સળેખમ તો એને પહેલેથી જ નડે છે. મને તો સળેખમની વાત હાંભરી ત્યારથી જ ધ્રાસ્કો હતો કે એને તાવ આવ્વાનો.'

એ પાછી પોતાં મૂકવા લાગી. સત્ય હસ્યો.

‘એમાં ગભરાઈ ગઈ તું ?’

‘તે ના ગભરાઉં બેટા. જોને તું ક્યારનો બબડ બબડ કરે છે.’

સત્ય એના પ્રલાપના ઘેનમાં હતો.

‘ડૉક્ટર તો કહે. તું બિલકુલ ચિંતા ન કરીશ.’

દિવાળી પુત્રનું માથું દબાવી કહે :

‘બેટા, થાય જ ને !’

ને સત્યનું ડૂસકું ઓરડામાં ફરી વળ્યું. પાછલી પડાળીના જાળિયામાંથી ચોરની બુકાની છૂટી જાય એટલો પવનનો ભયંકર સુસવાટો ઘરમાં પડતો હતો. ઘરમાં સત્ય બબડતો હતો :

‘Doctor, I love her, please give me her address.

I shall use it with my heart.’

દિવાળીએ એને ગોદડી ઓઢાડી.

‘હવે ટાઢ વાય છે બેટા ?’ ને એને કશો ઉત્તર ન મળતાં એ પાછી લોથ થઈને ઓશીકા આગળ બેઠી. લાલાકાકાનું પરભાતિયું ગામને સ્વરની તમાકુમાં બાંધીને ‘બ્રહ્મા પાસે લટકાં’ કરાવવા લાગ્યું. કૂતરાંએ કાન ફફડાવીને ઊંઘતાં ચામાચીડિયાં ઉડાડયાં. કૂવાની ગરગડીઓ કચડવચડ થવા લાગી અને હવે દિવાળીએ પણ આંખને મળવા દીધી.

*

સત્યે નહાવાનો ખૂબ આગ્રહ રાખ્યો પણ દિવાળી એમ કંઈ નહાવા દેકે ! બપોરે નારણ બધાંય વૃક્ષોની છાલ કાપી લાવે ત્યારે એનું ગરમ પાણી સસડાવીને એનો નાસ લેવડાવ્યા પછી જ એ પાણીથી એનું શરીર ઘસી ઘસીને નવડાવવાનો દિવાળીનો વિચાર હતો.

સૂર્યા ખબર પૂછવા આવી :

‘હવે કેમ છે, દિવાળીબા ?’

‘સારું છે. પણ જોને ઊઠયો એવો એ વાડામાં જઈ લાગ્યો. એની બકરી માંદી હોય એમ એની પાસે જઈ બેઠો છે. બર્યું આખી રાત બબડયો છે. પેલું લખે છે ને ! ત્યારે શું એની લગનીમાં ને લગનીમાં આખી રાત દવાખાંનાના દાક્તર જોડે વાત કરે. મને ચિંતા ન કરવાનું કહે, પાછો હસે બબડે.’

સૂર્યા વાડામાં ગઈ,

'સૂર્યા !' એ ઊભો થઈ ગયો. કંઈ બોલ્યો નહીં. માત્ર એને જોઈ રહ્યો.

'સંવનન કરતા હતા ?'

છેડાઈ ગયો. એને એમ હતું કે પરમ દિવસની પોતાની મિત્રતાને આજે સંભારીને તે લજવાઈ લજવાઈને વધારે રૂપાળી બનાવશે.

'તું પુરુષ હોત તો તમાચો મારી દેત.'

'તમે બરાબર કહ્યું અને હું પણ એમ જ કહું છું. તમે એ હોત તો તમાચાથી પણ આગળ વધત. પણ સ્રી પાસે તમને કુમાશથી વર્તવાનું જ ફાવે છે...' પરંતુ હવે સત્ય ત્યાં ન ઊભો રહ્યો. સૂર્યા પણ એને અનુસરી.

સત્ય ટેબલના ખાનામાં, અહીંતહીં કંઈક શોધવા માંડયો હતો. દિવાળી કંઈ પૂછે તે પહેલાં જ સૂર્યાએ કહ્યું, 'તમારા છોકરાનો ક્રોધ ખોવાઈ ગયો છે, દિવાળીબા. હું મશ્કરીમાં પણ એમની સાથે વાત નથી કરી શકતી.'

'એ છે જ પહેલેથી એવો, વિચિત્ર. ગુસ્સે થવાનું હોય ત્યારે હસે અને નાની અમથી વાતનું વતેસર કરી મૂકે.' પછી સત્યને કહે, ભઈ, શું શોધે છે ?'

'પેન.'તે ડામચિયા નીચે જોવા નીચો વળ્યો.

'કાલે તો તારા ખમીશના ખિસ્સામાં હતી બેટા.'

'હતી પણ...' બારણાની સાખનો ટેકો લઈને ઊભેલી સૂર્યા પર એને વહેમ આવ્યો. હમણાં જ કહેતી હતી; મશ્કરી જ કરી ન હોય !

'તેં તો નથી લીધી ને ?' એણે પૂછયું.

'તમારી પેનને મારે પ્રદર્શનમાં મૂકવી છે, તે હું જ લઉં ને !' ને એ મંદ મંદ હસતી જોઈ રહી. દિવાળી રસોડામાં જોઈ આવી.

'ભઈ, તેં કંઈ અવળે હાથે તો નેથી મૂકી દીધી ને ?'

'તો ગઈ ક્યાં ?' વળગણી હલાવી નાખી. પતંગિયું થઈને પેન સૂર્યાના મોં પર બેસી ગઈ હોય એમ ફરીથી જોયું.

'પાછી ગુસ્સે શેની થાય છે ? મારી શેઠાણી હોય એમ.'

દિવાળી ચિડાઈ.

'ઈન્ડીપેણ હારું એને બચારીને શું કામ ટયડકાવે છે ? મુઈ ખોવાઈ ગઈ તે, બીજી લવાશે.'

'કપાળ લવાશે તમારું.' ખૂણામાંનું કપડું વીંઝીને તે તમાકુના ઢગલા તરફ ગયો. એટલે દિવાળી સૂર્યાને સમજાવવા લાગી.

'બોલે એ તો ! તું મનમાં ન થતી. તાવલું શરીર છે, એટલે ચીડ કરે. એ રમેશ કરતાં આવોય ભોળો વધારે. રમેશ ઊજાણીએ આવ્યો હતો તે કે' તારો અછોડો સુશીલાને આપ અને એની વેંટી તું લઈ લે. એવું કપટ આનામાં જરીય નૈ. પણ તું જોજેને મારાં બધ્ધાંય ઘરેણાં હું મારા ભોળીઆની વહુને જ આપવાની છું.'

નારણ વૃક્ષોની છાલ ધાર્યા કરતાં વહેલી કાપી લાવ્યો. બધી વનકડી ભેગી કરીને પાણી ગરમ કરવા માંડયું. તલાટી સત્યની ખબર જોવા આવ્યા.

'રાતે એને તાવ હતો તે કેમ છે ?' ને મ્હેસુલની, લાલબહાદુર શાસ્રીના મૃત્યુની; રતિલાલ એની વહુને નહીં તેડે એની, બબલભાઈને પણ તાવ આવ્યો હતો એવી બધી વાતો કરીને ગયા. ચૂલા ઉપર પાણી ગરમ થયું કે નહીં એ જોઈને દિવાળી ઓસરીમાં આવી એટલામાં તો સૂર્યા અલોપ થઈ ગઈ હતી.

'આ છોકરીનેય મુઈને ભમરો હલ્યો છે. સતિનો સ્વભાવ એવો છે એમાં હું શું કરું ? પણ બેય જણાં લઢીવઢીનેય ભેગાં થાય છે એથી તો માંયલો સંતોષમાં રહે છે.'

પેનની લાહ્યમાં ને લાહ્યમાં એવોય ગયો છે તે હજીય દેખાયો નહીં. ચોકમાં તલસળીઆની સળીઓથી ઘોડા બનાવીને રમતી મંજૂને બોલાવી. એને બોલાવવા મોકલી.

'પાછો બૌ હાજો થઈ ગયો ને તે રખડ રખડ કરે છે.'

એ આવ્યો છે ત્યારનું દિવાળીને નિરાંતે બેસવાનું નથી મળતું. બીજું તો ઠીક પણ રામાયણ પણ અડધું બાકી રહ્યું છે. એટલામાં કાશી આવી.

'બા, સતિ ભૈએ પેલા રતિલાલને ઝૂડયા.'

દિવાળી સમજી સતિને 'માર્યો. એણે એ રતિયાનું શું બગાડયું તે મૂઓ મારા તાવલા છોકરાને મારે ?'

બારણું એમનું એમ ખુલ્લું રાખીને તે ઊપડી.

'ક્યાં છે એવોય ?'

'આપણે ઘેર.'

દિવાળી મનહરના ઘર ભણી ગઈ. મનહર રાતોચોળ થયો હતો. ગઈ. એવી દિવાળીએ મનહર પાસે જ એનો રિપોર્ટ માગ્યો.

'તે પૂછને તારા માનીતાને.' મનહર આ રીતે રતિલાલનો પક્ષ લીધા કરતો હતો તે સત્યને ન ગમ્યું. પાટ ઉપરથી તે નીચે ઊતર્યો.

'તો શું હું એ લુચ્ચાની પૂજા કરું ? એને મે કાગળ નહોતો લખી આપ્યો એટલે એણે જ મારી પેન લઈ લીધી છે.'

'આપ કમઈની ખરીને પાછી ? આટલું કરંઝે છે શેની ? એ બચારો નિરાંતે અહીં

બેઠો બેઠો દાંણા જોતો'તો ને પૂછયા-ગાછયા વગર ધોલ મારવાનો તને શો અધિકાર છે. ?'

'કહ્યું તું તો ખરું...'

'તારે પણ આટલો રોફ શ્યમ કરવો પડે છે.' દિવાળી ઊકળી 'એવાય ઘેર નથી એટલે એને દબાવે છે. ચલ ભઈ, મુઈ લઈ ગયો તે. બીજી મંગાવી લેજે.'

કાશી પણ ત્યાં સાસુને લેવા મંડી. મનહરે પોતાને રાતોરાત જુદો કરી નાખ્યો હતો એ આખી વાત ઉખેડી. સુરભિની તબિયત ઠીક નહોતી એટલે એ બારણા વચ્ચે આ ઝઘડાને જોઈને રડતી હતી. રતિલાલ ધૂળવાળી ટોપીને હજીય ખંખેરતો હતો.

વાત સારી પેઠે વધી પડી હતી. રતિલાલ માર ખાઈને બાજુમાં ખસી ગયો હતો અને ઘરમાં બધાં ઝઘડતાં રહ્યાં.

પાંચેક વાગ્યે સત્યના બાપુજી બહારગામથી આવ્યા અને સત્યને બે દિવસ માટે બહારગામ લઈ ગયા. સત્ય ગયો એટલે દિવાળીએ મનોમન બળિયાની અને ભદ્રકાળીની બેવડી બાધા માની. સત્યના બાપુજીએ 'આ વખત થઈ પણ જાય' એમ જતાં જતાં કહેલું પણ ખરું. માનું હૈયું ફૂલ ફૂલ થઈ ગયું હતું. તમાકુના વેપારીની છોકરી ઘરમાં આજે જ આવી ગઈ હોય એવું એને થતું હતું. આજનો ટંટોબટો બધુંય વીસરીને એ નવી વહુ કેવી હશે, સૂર્યાનું મનમાં તો નક્કી છે એ મનમાં જ દાબી દેવું. કાશીને સમજાવી દેવાશે. નહીં કહે તોય ચાલશે. આજ તો બાપગોત્રને યાદ કરી શત્રુનું કામ કરતી હતી. પણ સૂર્યાનું નામ એ કેમે કરી ભૂલવી શકી નહીં. એના પિતા જીવવાળા નથી પણ છોકરી નરી રૂપવંશી છે. તો પાછું તમાકુના પાનનું મૂલ્ય પણ કંઈ એના સ્વપ્નને ઓછું શણગારતું નહોતું ! એની મનોકામનાનો આજે જ ઉત્સવ હોય તેમ તે પડોશીઓના કાનમાં આનંદ રેડી આવી. સત્યને એના બાપુજી બતાડવા લઈ ગયા હતા એ વાત એનાં કુટુંબમાં સુગંધની જેમ પ્રસરી ગઈ. એટલે કાશીના પેટમાં તેલ રેડાયું. સૂર્યા આવી એ પહેલાં તો દિવાળીએ કાશી જોડે એની મસલત કરી હતી. સાસુવહુએ સત્ય-સૂર્યાના 'મનમેળ' પર બધું છોડી દીધું હતું. કાશીએ વરાળ કાઢી પણ ખરી. પરંતુ એની ઉષ્ણતા રાતને લીધે દિવાળીના કાન લગી ન આવી.

દિવાળીએ ખાટલો ઢાળ્યો. સત્ય આજે ઊંઘવાનો નહોતો એટલે પોતે ઓરડામાં બફાવા કરતાં એના ખાટલા પર સૂવાનો નિશ્ચય કર્યો. સૂર્યા સુરભિને લઈને આવી પણ બેઠી ન બેઠી ને જતી રહી. ડામચિયા પરથી ગોદડું પાથર્યું.

'તાવલું શરીર હજીય હહડે છે' બબડી. અને ફાનસના ઝાંખા પ્રકાશમાં રમેશના લગ્નપ્રસંગે પણ દિવાળીને નહોતો થયો એટલો હર્ષ એને ગોદડામાં પડેલી ચળકતી પેન જોઈને થયો.

*

પરંતુ બીજે દિવસે એના હર્ષ પર કાશી છાણાં થાપવા બેઠી. સાસુને ઘેર બેત્રણ આંટા મારી ગઈ હતી. સુરભિને લઈ સૂર્યા તલાટીની વહુને સ્વેટર ભરવાનું શીખવવા ગઈ ત્યારેય મનહરે સૂર્યાની વાતમાં સંમતિ આપવા બદલ એનો ઉધડો લીધો હતો. ખાટુંગળ્યું પેટમાં ભેગું થતાં ઊલટી કર્યે જ છૂટકો. ને કાશીએ પોતાની અસ્સલ કવિતા સાસુના બારણા આગળ લલકારવી શરૂ કરી ત્યારે જ જંપી. બપોર હતો એટલે તાપની અસર પણ કાશીના મગજ પર થતી હતી. તો દિવાળીની આંખ આગળ સત્ય જોવા ગયો છે એ કન્યાના ગાલનાં પરવાળાં ઝળકતાં હતાં એટલે કાશીનાં સુવાક્યોનો પડઘો એટલી જ તીવ્ર રીતે પાડતી હતી. કાશીને સાંભળતાં લાગે કે એને ઘણું ઘણું વ્યક્ત કરવાનું છે, પણ એક જીભ એને ઓછી પડતી હતી ને એટલે એ સાસુ સામેના રોષમય વાર્તાલાપમાંથી વચ્ચે વચ્ચે તટસ્થ થઇને ઇશ્વરને પણ બેએક સંભળાવી દેતી હતી. દિવાળીએ એનો ક્રોધ બતાવ્યો કાશીના ગળા માટે. કાશીના ગળા માટે એણે એક વખત ‘બળદીઆ’ની ઉપમા આપી. કાશીએ દિવાળીના વાળ બાંધેલા હતા એ છૂટા કરી નાખ્યા.

સૂર્યા માટેનો વિચાર નષ્ટપ્રાય કરીને દિવાળી શાંત થઈને મનમાં ને મનમાં કાશી જોડે કંકાસ કરવા ઘરમાં બેઠી. બીજી સ્ત્રીઓ વીખરાઈ ગઈ. પોતે બે કોળિયા ખાવા તો ન બેસી શકી પણ ભેંસ અને બકરી જેવાં મૂંગા પ્રાણીઓને પણ તરસે કંઠે, ભૂખે કોઠે રાખ્યાં.

એટલામાં ગયે ગર્ષે નાતાલમાં બબલભાઈ જોડે બેચાર લાંબા લાંબા ઝભ્ભા પહેરીને ખ્રિસ્તીઓ આવ્યા હતા એવો એક પુરુષ સત્યનું ઘર શોધતો શોધતો આવ્યો. થોડાંક બાળકો એને અહીં સુધી ઘર બતાવવા આવ્યાં હતાં. એનો પાતળો ગોરો દેહ, મંદ મંદ હસતું નાના બાળક જેવું મોં, એક હાથમાં જાડું પુસ્તક, પગમાં ચાખડી જોઈને દિવાળી તો ખમચાઈ. પણ તરત જ પોતાની જાતને સંભાળી. તલાટી ઘણી વાર કહેતા આવા માણસો આપણા દેશના જુવાન છોકરાઓને પોતાના ‘ધરમ’માં લઈ જાય છે. એટલે એ તો બારણું વાસીને કંઈ ઉત્તર આપ્યા વગર ચાલી ગઈ.

‘બેન.’

બેચાર વખત એણે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. પણ પછી ન રહેવાયું. બહાર આવી. છોકરાંને ઘર બતાવવા બદલ ધમકાવી કાઢયાં. પછી ‘નથી એ તો. બહારગામ ગયો છે. બેત્રણ દહાડા પછી આવશે.’ કહીને એ પરસાળ નાખવા બેઠી.

‘પણ બેન હું તો છેક અમદાવાદથી આવું છું.’ એમને મન એમ આ સ્ત્રી જૂઠું બોલે છે.

‘તે જ્યાંથી આવ્યા હો એ હું શું કરું ? એને થોડી ખબર છે કે તમારા જેવા આવવાના છે.’

સાવરણીથી ધૂળ ઊડતાં પેલો અજાણ્યો ધર્મભ્રષ્ટ કરાવનાર પુરુષ ઉંબરથી ચારેક ડગલાં પાછો હઠયો જોઈને દિવાળી સાવરણી વધારે પછાડવા લાગી.

‘સારું ત્યારે એની તબિયત તો સારી છે ને ?’

'હાજો હમો છે.'

મોં પર આનંદ ફરી વળ્યો એટલા વાક્યથી અને તે કરડું પણ બોલ્યા વગર ચાલ્યા જવાનું કરતા હતા ત્યાં 'એ આવે ત્યારે કહેજો હું આવ્યો હતો. હું એનો પ્રોફેસર છું.' કહીને તે ચાલ્યા ગયા. અત્યાર સુધી દિવાળી અંદરથી કંપતી હતી. આવડો ધોળો બાસ્તા જેવો માણસ પોતાના ભોળા દીકરાને ધર્મભ્રષ્ટ કરાવી નાખે એમાં નવાઈ નહીં. એ પોતની સાથે પણ પોતે સગી બહેન હોય એમ વારંવાર 'બેન' કહેતો હતો. છળ કરનારા લોકો કેવું મીઠું મીઠું બોલવાની દુષ્ટતા કરે છે ! એ એને ખબર છે કંઈ.

એ દુષ્ટ માણસ ગયો કે નહીં તે જોવા મોટરસ્ટેન્ડ પર બેચાર છોકરાંને પણ એણે મોકલ્યા. અને જ્યારે મોટરમાં એને ચાલ્યો ગયો એ જાણ્યું ત્યારે જીવ હેઠો બેઠો. એને યાદ આવ્યું : સત્ય ઉમરેઠ ભણવા જતો ત્યારે ઘણી વાર કહેતો હતો કે પોતે સંન્યાસી જઈ જશે. અમદાવાદ ભણવા મોકલ્યો ત્યારે ભાઈ પાસેથી વચન પણ લઈ લીધું હતું કે સત્ય બાવો બનવાની વાત કરે નહીં. અને એમ જો કહે તો એને એમ કરતાં રોકે.

બીજું કંઈ નહીં પણ આવડો મોટો પરણવા લાયક થયો તોય હજી બાળક જેવો છે, રખેને કોઈ એને પોતાના વેંતમાં વેતરી નાખે. આ પૃથ્વી પર ભરમાવનારાઓનો કંઈ તોટો નથી. હજી હમણાં જ સંધ્યાકાળે થવા આવ્યો હતો એટલે તે બળિયાબાપજીએ ઘીનો દીવો કરી આવી અને પાલવ પાથરી 'ફતેહ' ની અંતરથી પ્રાર્થના પણ કરી આવી.

# 11

ઘેર આવ્યા પછી સત્યના બાપુજી ક્રોધને સંભાળી ન શક્યા. એ રંજમાં તો પોતે અણછાજ્યું ન વર્તી બેસે એ ભયે પેટ દાબીને બેસી રહ્યા હતા. કુપુત્રે સોનાની થાળીને લાત મારી એ એમને અસહ્ય થઈ પડયું. ઘેર આવીને તરત જ પત્નીને લેવા માંડી :

'તું બૌ પાછળ પડી'તી. લે લઈ લે હવે તારા કુંવરનું મોં ! જોઉં છું કયો પંચવાળો એને કન્યા આપે છે. પાછા કહે છે, મને "ટીબલો" થઈ ગયો હતો. મરી કેમ ન ગયો, સાલા અકકરમી.' સત્ય ઊભો ઊભો પોતે લખેલી વાર્તાનાં કાગળિયાં ફાડતો હતો. દિવાળીના મનમાં એક સાથે બબ્બે દુકાળ પડયા, એ તો વિમૂઢ થઈ ગઈ. પરગામથી ભૂખ્યા તરસ્યા બાપ-દીકરાને થાળી પીરસવાનું પણ એનામાં ભાન ન રહ્યું. 'તે કોઈ નહીં આલે છોડી તો કુંવારો નૈ રહે કંઈ. ને રહેશે તોય શું તે આટલા મિજાજ કરો છો ?'

'પણ તારો સગલો પંચ વચ્ચે ભસી વળ્યો એનું શું ?'

માબાપને ઇચ્છિત માથું કૂટવા દેવા સત્યે મોકળાશ આપી. બટકું રોટલો ને દહીં ખાઈને એ બકરીને લઈ ખેતર ભણી ઊપડી ગયો. જોયું તો વાડેથી સૂર્યા ફાંદનાં પાન ચૂંટતી હતી. સત્યે બકરીને શેઢા પર છૂટી મૂકી દીધી.

ઓચિંતાનો સત્ય આવતાં સૂર્યાના મોં પરથી એક કેફલ ભાવસૃષ્ટિ અચાનક નીચે પડી ગઈ.

'કેમ બોલતી નથી ? મેં કંઈ ઓછો તારી સાથે ઝઘડો કર્યો છે ? કે પછી રીસ તો નથી ચડીને ?'

'હું શું કામ તમારા પર કશા અધિકાર વગર રીસાઉં ?'

'અધિકાર ? એ વળી શું છે તે—?' શેઢા પર ઊગેલા ઘાસ પરથી કૂતરિયાં તોડી તોડીને એના સ્કર્ટ પર ચોંટાડવા લાગ્યો.

સૂર્યાએ કશો ઉત્તર ન આપ્યો. આગળ વધી.

'ઊભી રહે ને, આગળ શું કામ જાય છે ? અહીં પાન ઘણાં છે.'

'ઘણાં છે, પણ ઘરડાં છે.'

સત્ય એથી હસ્યો.

'કેમ હસો છો ? ઘરડાં પાન કહીને મેં કંઈ તમારા પર શ્લેષ નથી કર્યો !'

'કરે તોય મને વાંધો નથી. હું કંઈ તારા કરતાં નાનો નથી. સરખો છું.' એણે ધીમેથી કંકાસિનીનું રતૂમડું ફૂલ સૂર્યાના વાળમાં ખોસી દીધું.

પોતાના વાળની આવી શુષ્ક છેડછાડ થતી જોઈ સૂર્યા છેડાઈ પડી. તે દિવસની સાંજ એને યાદ આવી. સત્યને પોતાનું નૈકટ્ય આપવામાં જે તત્પરતા બતાવી હતી એના બદલામાં પોતાનો તિરસ્કાર કર્યો હતો ! અને ઉજાણીના દિવસે પોતે એકલી છે એ જોવા આવ્યો હતો કાપુરુષ !

'ખબરદાર મને અડયા તો.' સૂર્યાની રક્તદષ્ટિ જોઈને સત્યને વધારે ચાનક લાગી. સૂર્યાના ક્રોધને તે પરખી શક્યો નહોતો.

પોતે તોડેલાં પાન એની થેલીમાં નાખવા ગયો ત્યારે તે સત્યથી દાઝતી હોય એમ દૂર ખસી.

'કોઈ નથી એટલે —' એણે છીંડા તરફ દૃષ્ટિ નાખી.

'હા.' સત્ય હજી અક્ષત હસતો હતો.

'કોઈ નથી એટલે તો આપણને થાય કે આપણે કેવળ બે જ જણ છીએ.'

સત્યે પોતાને પાનનાં ભજિયાં ખૂબ ભાવે છે, એમ કહી સૂર્યાના સ્કર્ટ પર કૂતરિયો ફેંકી.

'ભાભીને તો હઝીય મારા પર રોષ હશે એટલે એમને મારા માટે વાડકી મોકલવાની બિલકુલ ઇચ્છા નહીં થાય પણ તું જો એમને છેતરીને મારે માટે લાવીશ તો મેં ન ખાવાનો નિશ્ચય કર્યો છે તો પણ તારા હાથનું ખાવા એને તેડીશ.'

સત્ય એને વારંવાર ખેતરના છીંડા તરફ વિહ્વલ નજરે જોતાં પાછું પૂછી બેઠો, 'તું ગભરાતી હોય એમ લાગે છે. પણ દોસ્ત, હું કંઈ રાક્ષસ નથી. તું મને સાંજે ભજિયાં આપી જઈશ ને ?'

સૂર્યા ફરી.

'તમને લાજ નથી આવતી ? હવે હું સમજી શકું છું કે તમારો આશય ભૂંડો છે. નિર્લજ્જતાને પણ કોઈ સીમા હોય છે. રાક્ષસને માથે કંઈ શીંગડાં નથી હોતાં.'

સત્યને હવે સમજ પડી. આ વિચિત્ર કન્યાને પોતાના પ્રેમની લેશમાત્ર અભિપ્સા

નથી. એનો તેને ખ્યાલ થયો. તોય એણે સૂર્યાની આંખોને તપાસી છતાં પણ એને વિશ્વાસ ન બેઠો. આવી સુશિક્ષિત છોકરી પોતાના આ પ્રકારના મીઠા વર્તનનો આવો ભૂંડો અર્થ કરી બેસે એ સત્ય ન માની શક્યો.

'સૂર્યા, તું મને સમજી શકી નથી.'

'નિર્વીર્ય મનુષ્યને સમજવાનું હું શીખી નથી. ક્યારેય નહીં.'

સૂર્યા હજી કંઈક વધાર બોલી નાખત પણ એના મનોતંત્રને પલમાત્રમાં સત્યે છિન્નભિન્ન કરી નાખ્યું. પોતે શું બોલી હતી તેનું વિસ્મરણ કેવળ સત્યના એક જ તમાચામાં થઈ ગયું. આંખ સમક્ષ અલક્ષ્ય ગ્રહને તોડી નાખીને સત્ય ત્યાંથી ખસી ગયો ક્યારે ને એ તમ્મરમાંથી મુક્ત ક્યારે થઈ એનોય એને ખ્યાલ ન રહ્યો.

સત્ય બકરી તરફ ગયો. ખેતરમાં એની હાજરી જોઈને છીંડામાંથી રતિલાલ પાછો ગામરસ્તે ચડી ગયો. અંદર આવવાની એની હિંમત છીંડામાં જ ઓસરી ગઈ હતી. આંબા નીચે બેઠેલા રમતુડા કોળીને જોતાં સત્ય એ તરફ ગયો. નાનો હતો ત્યારે એ રમતુડો પોતાને ચોરી કરવા લઈ જતો હતો. એક વખત લાટમાં એની સાથે કપાસ ચોરવા ગયો હતો ત્યારે બાપુજીએ ઘરમાં લટકાવ્યો હતો એ એને યાદ આવ્યું. દૂરથી જોયું તો રમતુડો સફેદ સસલાને પાછલા પગથી પકડીને ઝૂલાવતો હતો. એનાં બેસવામાં, એના હાથ ઝુલાવલામાં એક પ્રકારની તૃપ્તિ ઝૂલતી હતી. નાહક એને શરમમાં નાખવો એ સત્યને ન રુચ્યું. એ છીંડા તરફ દ્રુતગતિએ ચાલી જતી અભિમાની છોકરીને જોઈ રહ્યો. એ રસ્તાને પણ જોતી હોય એમ એની ચાલ પરથી લાગતું હતું. સત્ય વાડે વાડે ચાલ્યો. હજી એનો રોષ શમ્યો નહોતો. એક રૂપાળી છોકરી પોતાને નિર્લજ્જ કહે એ કેમ ચલાવી લેવાય ? પોતે જે શેઢા પર ચાલતો હતો ત્યાં રહીને રસ્તા પર જતા મનુષ્ય ઓળખી શકાય, જોઈ શકાય એવી આછી પાતળી નીચી વાડ હતી. સૂર્યા હવે રસ્તા પર આવી ગઈ હતી. હમણાં બે મિનિટ બન્ને પરસ્પરનાં મુખ જોઈ લે એટલાં નજીક આવશે. વચ્ચે કાંટાની વાડ હશે તોય મોં કંઈ ઓછું બદલાઈ જવાનું હતું. સૂર્યાના મોં પરનો રૂદિત વિષાદ સ્પષ્ટ જોઈ શકાતો હતો. સત્યે જોયું. સૂર્યા નીચું મોં રાખીને પોતે એકલી જ આ રસ્તા પર જાય છે એવા ભાવથી પસાર થઈ ગઈ. સત્યે ફરી વાર એને તમાચો લગાવી દીધો હોય એમ તે પોતાને બચાવી લઈને પસાર થઈ ગઈ.

'સૂર્યા, ઊભી રહે.'

કોણ જાણે સત્યથી બોલાઈ ગયું. પણ એ તે ઊભી રહે કે ? એણે પાછળ જોયું. રમતુડો ખભે લૂગડું નાખીને અમસ્તો લટાર મારવા નીકળ્યો હોય એમ આવતો હતો. એના ખભા પરનું સસલું ફરી લટકતું જોતો હોય એમ તે પોતાના હાથને જોઈ રહ્યો. રસ્તા પર આવીને એ દૂર ગામ તરફ જતી મુલાયમ પીઠને જોઈ રહ્યો.

'ચ્યમ સતિભઈ ?'

સત્યને કશું બોલવાનું ન ગમ્યું. તે ઘર તરફ વળ્યો. ધીમે ધીમે જતો તોય રસ્તો તીવ્ર ગતિથી પગમાંથી પાછળ સરકી જતો લાગ્યો. બકરી આગળ કૂદતીક હતી એ તેને ન ગમ્યું. 'રમતી' કહીને બે બૂમ પાડી તો એ વધારે તાનમાં આવી અને દોડી. રમતુડો પોતાની આગળ થઈ ગયો હતો. એના ખભે પોટલામાંથી લોહી નહોતું ટપકતું તોય સત્યને ચીડ ચડી. પોતે સ્કૂલમાં ભણતો હતો ત્યારે ભલું વાઘરીની માને એક દિવસ કહી આવેલો કે મારે સસલીનું શાક ખાવું છે. રમતુડાને શાકભાજી નથી મળતાં કંઈ ? તે આવું...

એને એક પ્રશ્ન મનમાં ઉપસ્થિત થયો; અને તે એને ચિંતવ્ય લાગ્યો. સૂર્યા પોતાને નિઃસંદેહ ચાહે છે ખરી ? એ તો પોતાને એક દિવસ કહેતી હતી કે મને જો તમારાથી આનંદ પ્રાપ્ત થતો હોય તો તમારામાં પણ મને રસ છે. એને કયા પ્રકારના આનંદની અપેક્ષા હશે. ખેતરમાં તે દિવસે પોતાને અણછાજતી રીતે વળગી પડેલી તેનો પોતે અયોગ્ય અર્થ કર્યો છે, એવું તેને લાગ્યું.

*

સૂર્યાને જતી જોઈ અહેમદે એના ઓટલા પરથી બૂમ મારી.

'સૂર્યાબહેન.'

બે બીજી બૂમનો પણ કશો અર્થ વળ્યો નહીં એટલે તે જાતે એની પાછળ ગયો.

'સાંભળો છો કે ? મારે ઘેર તમે ફક્ત પાંચ મિનિટ આવશો તો હું રાજી થઈશ.'

સૂર્યાને તે પોતાને ઘેર લઈ ગયો.

'દૂધ પીશોને ? એમાં પાણી ઉમેરાય નહીં એટલે તમને બાધ નહીં આવે !'

એવો કશો વિનય ન કરવાનો એણે આગ્રહ વ્યક્ત કર્યો. એણે ઘરમાં નજર કરી તો અંદર અંધકાર હતો.

'અમ્મા પરગામ ગઈ છે, મારી માસીની સુવાવડ કરવા માટે અને જી વાણિયાને ઘેર પ્રણામ કરવા ગયા છે. તમારી ભાભીને એના પિયરમાં ગમતું નથી ને એટલે થોડાક પૈસા તો જોઈશે ને ! અને એકલો અહેમદ ઘેર છે. બોલો, હું તમારું સ્વાગત હવે દૂધથી કરું ને ?'

થેલીને મૂકી તે લીમડા નીચે ચણ ચણતાં મરઘીનાં બચ્ચાંને જોઈ રહી.

'તે દિવસે ઘેર આવીને ઋચાઓ સંભળાવી ગયા હતા એવું નહીં બોલોને'

અહેમદના કપાળ પર ઝૂલતી બાંકી લટોને જોતાં એણે પ્રશ્ન કયોર્

સત્યનો તમાચો તાજો થતાં એ વ્યગ્ર થઈ બેઠી.

'મને પાણી આપોને !'

'પાણી ?'

પાટીદારની છોકરી મુસલમાનનું પાણી માગે એ – પણ સત્યને તો પોતાના જલનો કશો બાધ નથી આવતો. એણે કશો પણ પ્રતિભાવ વ્યક્ત થવા દીધો નહીં. પાણી પીને તે ખાટલામાં બેઠી. ભીંત પર અહેમદની છબીને તે તરસી દૃષ્ટિથી તાકી રહી. એની પાસે સત્ય ઊભો હતો એય ખ્યાલ ન રહ્યો.

'ડાકોર માણેકઠારી પૂનમને દિવસે અમે ગયા હતા ત્યારે રોડ-ફોટોસ્ટુડિયોમાં બંનેએ સાથે પડાવ્યો હતો. મારી અમ્માને મારા કરતાં સત્યનો ફોટો વધારે પસંદ છે. સૂર્યાબેન, મારી અમ્મા તો કહે છે તું એની પાસે સાવ નાજુક લાગે છે. મને એ ઘણી વાર મશ્કરીમાં કહે છે તું તો સત્યની વહુ છે વહુ.' ને એ હસી પડયો.

સૂર્યા ઊઠી. અહેમદના અંધારા ઘરમાં પેઠી. એણે અહેમદની વાતને કાને અડવા દીધી નહીં.

'અંદર આવોને, આ શું ચળકતું દેખાય છે ?'

અહેમદ અંદર ગયો.

'મિયાઉં.'

અંધારામાં રસોડાના ખાલી માટીપાત્રમાં જીભ ફેરવીને ઊંભેલો બિલાડો ચૂલાની બેળ પર કૂદી ગયો. એ જેવો કૂદ્યો કે તરત કૃત્રિમ ભયને લીધે તે અહેમદના શરીરને લગભગ વળગી ગઈ.

'બિલાડીની બીક લાગે છે ? વિસ્મયજનક તમારું વર્તન છે હો ! મને તો એમ કે તમને અંધારાની બીક લાગી હશે.' હજી સૂર્યા દૂર ખસી નહીં.'

'અંધારું તો મારી વૃત્તિ છે. હું એનાથી ડરું તો મનુષ્ય કઈ રીતે કહેવાઉં!'

અહેમદ એને બહાર લાવ્યો. અલબત્ત એને બહાર લાવવામાં એને સહેજ પ્રયત્ન કરવો પડયો.

'હવે મને પ્રતીતિ થઈ કે તમે તમારા મિત્રના સાચા મિત્ર છે.'

'બિલકુલ સાચું કહ્યું તમે. હું તમને બે શબ્દ કહુંતો ખોટું તો નહીં લગાડોને ?'

'તે દિવસે મારી વાડીએ પણ તમે આવું જ કરી બેઠાં હતાં, હં એના સંદર્ભમાં જ આ વાત કરું છું. તે દિવસે પણ તમે પ્રકાશને અંધકાર સમજી બેઠાં હતાં.'

અહેમદે સૂર્યાની કશી સંમતિ વગર જ પોતાના બે શબ્દોને વિકસાવ્યા.

'હું પણ કૉલેજ સુધી જઈ આવ્યો છું. આપણું શિક્ષણ ક્યારેય અંધકારનો દુરુપયોગ કરવા આંગળી ચીંધતું નથી. આવેગને હું મનુષ્યનો સ્વાભાવિક ધર્મ ગણું છું એ પણ તમને સાથે સાથે કહી દઉં. તમને ખબર હશે. ધર્મ કદીય વિકૃત નથી હોતો. ધર્મની વિકૃતિમાં

અંધકારને સ્થાન નથી. તમારો અંધકાર આ રીતે અમારા-મારા અંધકારથી અલગ પડી જાય છે.'

સૂર્યાથી ન રહેવાયું.

'મેં એવી વિકૃતિ બતાવી એમ તમે કઈ રીતે કહો છો?'

'મેં એ જોયું છે. હું તમારા ગાંડા અંધકારનો સાક્ષી છું. એટલે તમે અયોગ્ય દલીલ ન કરશો. તમે મારા બોલવા પર માઠું ન લગાડશો. હું તમારો વડીલ નથી. ભાઈ છું. સમજો કે ભાઈ જેવો છું ને એટલે કહું છું. તમે જે હમણાં અનુભવ્યું–કર્યું એમાં હું તમને દોષ નથી દેતો. હું તો કેવળ લાલબત્તી ધરવા ઇચ્છું છું. તમારે માનવું ન હોય તો હું શું કરું ? તમે તમારાં સ્વામી છો.'

સૂર્યાએ થેલી લીધી.

'બસ?'

'હા બસ. હું ધર્મશાસ્ત્ર સાંભળવા નહોતી આવી. તમારા કરતાં કદાચ હું બે ચોપડી વધારે ભણી છું. મને લાલબત્તી ધરવાનો લહાવો તમે સારો લીધો. તમારા જેવાના ભક્તસમુદાયનો મને તિરસ્કાર થાય છે. પ્રેમ એટલે શું એ તમારા જેવા માળાધારીઓને શું સમજાય? અંધકારને આત્મસાત્ કરવાની પ્રમત્ત શક્તિ તમારા જેવા પાસેથી રાખવી, એ પથ્થરને માટીમાં રોપી ઉગાડવાની આશા રાખવા જેવું છે. અને અંધકારને તો હું ક્યારની વરી ચૂકી છું. તમે મને લાલબત્તી ધરનાર કોણ ? અનુભવ્યો છે કોઈ વખત અંધકારને ?'

'ના. બાપા ના. અંધકારની હે અધિષ્ઠાત્રી, અમે અમારા દુર્ભેદ્ય અંધકારને સ્પર્શી પણ શક્યા નથી. એવાં અમારાં દુર્ભાગ્ય હજી ફૂટી નથી નીકળ્યાં. સૂર્યાબેન મારી પત્નીને એક પુત્ર આવ્યો છે. એનું મોં મારા જેવું છે. તમે અઠવાડિયા પછી આવજો એનું નામ પાડવા. તમે એનું નામ તિમિર પાડશો તો પણ મને વાંધો નહીં હોય.'

'મારે એવી શી પડી છે નામ પાડવાની ?'

'એ તો તમે કહ્યું, સમજ્યા. પણ મારે તો એ બહાને તમને ખાતરી કરાવવી છે કે અમારો અંધકાર રખડુ નથી.'

સૂર્યા ઊભી થઈ ગઈ. સત્ય રસ્તા પરથી જતો હતો.

'ખોટું ન લગાડશો હોં. મેં તો મારી મતિ પ્રમાણે ડહાપણ કર્યું.

પણ હું કંઈ તમારો વડીલ નથી કે તમારે મારા કહ્યા પ્રમાણે—'

'હા તમે મારા બાપ નથી એ હું જાણુ છું.' ને સડસડાટ ચાલતી થઈ.

અહેમદે આ રીતે પોતાને ઘેર બોલાવી પોતાના નારીત્વનું અપમાન કર્યું એ એને

સત્યના સહસ્ર તમાચા જેવું લાગ્યું.

‘ઊભાં રહો સૂર્યાબેન. આ તમારી ચંપલ રહી ગઈ. રસ્તા પર છોકરાંએ હોળી બનાવવા ઝરડાં લઈ જઈને કાંટા વેર્યા છે. પગમાં વાગી બેસશે.’

સૂર્યા પાછી વળી, એટલે પાછી કહેવાની તક મળી જોઈને ‘સૂર્યાબહેન સત્યમાં મીઠાશ નથી ખરું ને ? સાચું કહું ,મારા ધર્મમાં છલ આચરવાનો લગીર પણ આદેશ નથી. મને મારા મિત્રમાં પણ એટલે જ અપાર શ્રદ્ધા છે, એ મારો સમવયસ્ક ન હોત તો હું એની ભક્તિ પણ કરત. આવજો ત્યારે, જરા મને મશ્કરી કરવાની બચપણથી આદત છે એટલે ક્ષમા માગી લઉં છું. મારું ઘર તમારું સ્વાગત કરશે અમારી પ્રણાલિકા પ્રમાણે. ગમે ત્યારે આવી શકો છો. અહીં, એકલો હોઉં તોપણ ભયમુક્ત રીતે મારે ત્યાં પધારી શકો છો. તમને કોઈ સાશંક દૃષ્ટિથી નહીં જુએ એ કહી રાખું છું. મને લોકો સારી રીતે ઓળખે છે.’ અહેમદનો સ્વર ક્રમશઃ ઊંચો થતો તરત બંધ થઈ ગયો. સૂર્યા લગભગ ભાગી ગઈ હતી. અહેમદ બબડતો હતો : ‘શું થાય-આદત ખુદાને બક્ષી કફનકો સુંઘતી હૈ !’

ગામમાં તલાટી જેવા સજ્જન અને એના ઢીંચણ જેવડા પિત્રાઈ રતિલાલ તો છે. એ આ મહેમાન છોકરીને પોતાના કરતાં વધારે સમજે છે, સમજે ત્યારે.

એને વધારે તો આ છોકરીના વર્તનથી એ આશ્ચર્ય થયા કર્યું કે આ એટલી સહજ રીતે પોતાના અપમાનને કેવી રીતે ભૂલી જઈ શકતી હશે ? નહીં તો તે દિવસે એની ઝાટકણી કંઈ પોતે ઓછી નથી કાઢી !

# 12

સૂર્યાને આવ્યે દોઢેક મહિનો થઈ ગયો. છેલ્લા એક અઠવાડિયાથી તો એ રઘવાઈ થઈ ગઈ હોય એમ લાગતી હતી. એની મોટીબહેને એના રઘવાટનું કારણ પૂછ્યું ત્યારે જવાબ આપેલો :

'બે દિવસ પછી રિઝલ્ટ આવવાનું છે. સમાજશાસ્ત્ર મારું કાચું છે એટલે નાપાસ થવાનો ડર લાગે છે.'

પરંતુ આ રીતે વાત ઉડાવી દીધે કંઈ મનનો સંતાપ ઘટી શક્યો નહીં. પોતે આવી એવામાં મોટીબેન ભદ્રકાળી બાધા કરવા ગયાં ત્યારે જેવું જૂઠું બહાનું બતાવ્યું હતું ! એવું જૂઠું હવે કહેવાય એવું નથી રહ્યું. મોટીબેન જો આઘાંપાછાં હોય, પોતે તળાવ ગઈ હોય ત્યારે પેટ પર હાથ ફેરવીને મનનો અભિપ્રાય માગી લેતી. ક્યારેક ક્યારેક તો ગ્રીષ્મઋતુને કારણે પાણી વધારે પીવાય છે એટલે આવું લાગતું હશે એમ વિચારી પોતાને પટાવતી. હવે એને ખેતરમાં શાક લેવા, ભાજી લેવા કે તલાટીની વહુને સ્વેટર ગૂંથતા શીખવવા જવાનું ગમતું નહીં. સુરભિને રમાડવામાં પણ એને એક ઘૃણા થતી હતી. સ્ત્રીઓના ટોળામાં બેસવું એમાં એને હવે નાનપ લાગવા માંડી. કોઈ સ્ત્રી એને એકટશે જોતી તો તે ક્રોધે ભરાઈ જતી. એને સત્ય વિષે એક વિચાર આવ્યો અને તે સત્યને ઘેર ગઈ. એ સૂતો હતો. દિવાળીએ પૂછતા એણે કહ્યું :

'તમાકુના કામમાં હવે તો એને રાતના બાર બાર વાગે છે. આજ જરા શરીર ઠીક નથી અને ઉજાગરો છે એટલે સૂતો છે. બેસને થોડી વાર.'

સૂર્યા સત્યના ખાટલા પર જઈને બેઠી. દિવાળીને શરમ આવી એટલે 'બેસ ત્યારે તું ' કહીને તે સુકવેલાં લૂગડાંને વાળતીક અંદર જતી રહી. ઊંઘતા સત્યને પોતાનું સ્વપ્ન આવે તો તે ઝબકીને જરૂર જાગી જાય એવું તેવું વિચારતી એના શરીરને જોઈ રહી. કપાળ પર પરસેવાનાં ટીપાં જોઈને સૂર્યાને થયું, પોતે લૂછી નાખે. પણ જાગી જાય તો ? તે એને ક્યાં ઊંઘવા દેવો છે ?

સૂર્યાએ ધીમેથી આંગળીને કપાળ પર ફેરવી. સત્ય ઉંહ કરીને પાછો પડખું ફરી ગયો. પ્રથમ પ્રયાસ નિષ્ફળ ગયો. બીજી વખત શું કરવું તેનો વિચાર કરવા લાગી પણ

અહેમદની અમ્મા આવી. એટલે એને ખાટલા ઉપરથી ઊભા થઈ જવું પડ્યું.

'દિવાળી' બૂમ પાડીને અહેમદની અમ્મા ઓસરીમાં બેઠી. સૂર્યાને થયું કોઈ બેગમ આવી છે. અહેમદની મા એને જોઈ રહી. દિવાળી અંદરથી આવી એટલે એણે રૂમાલની પોટલી ખોલી એમાંથી ગીતેલાં કાઢ્યાં. 'આ ગીતેલાં સૂઈના તળાવમાંથી બોંન મારો મોટો ભાણિયો લઈ આવ્યો. એના ઘર પછવાડે જ તળાવ છે ને ત્યાં તો દિવાળી શું કહું તને, ખૂબ કમળ થાય છે. આ બાજુના ભાગમાં પોયણાં પણ કંઈ થાય છે કે તળાવમાં પાણીને બદલે કમળ-પોયણાં જ ભરેલાં છે એમ થાય. આ ગીતેલાં આંખનું તેજ ઓછું લાગે તો ખાવામાં બહુ ફાયદો થાય છે.'

ગીતેલાંની ઢગલી કરી એણે સૂર્યા ભણી જોયું.

'આ છોકરી કોણ છે ?'

દિવાળીએ એની ઓળખ આપી એટલે એણે એની પ્રશંસા કરવી શરૂ કરી :

'સ્વરૂપવાન છે છોકરી તું. ઈશ્વરની ભક્તિ તેં ખૂબ કરી લાગે છે.'

પછી દિવાળીને ખભે હાથ મૂકી કહે :

'દિવાળી, મારું માને તો આને અહીંથી જવા ન દેતી.'

પહેલી વાર દિવાળી સૂર્યાના મુખ પર અકૃત્રિમ લજ્જાને જોઈ શકી. લીંપણની પોપડીમાં અંગૂઠો ઘાલીને તે લીંપણ ઉખેડવા મંડી. સૂર્યા હવે ઊંચું ન જુએ એમ બેય વયવાન સ્રીઓ ઇચ્છી રહી. અહેમદની મા ઊભી થઈ.

'લે બેસ, ત્યારે. પાછું ઘી શોધવું છે. અલી, ખરા સમાચાર તો ભૂલી જ ગઈ બર્ય લે.' કહીને પાછી બેઠી. દિવાળીના હાથમાંથી છીંકણીની દાબડી લઈને સડાકો ખેંચ્યો :

'મારી નાની બેનને ભાણો આવ્યો. એય ભીમ જેવો છે. મારા અહેમદનો છે એના કરતાં બે ગણો છે. અહેમદનો છોકરો તો બેસતાં પણ શીખી ગયો છે. તું તારા છોકરાને હવે ઠેકાણે પાડી દેને મારી બઈ. બર્ય દિવાળી તારો છોકરો આમ કોરોધાકોડ રહ્યો છે તે મારો જીવ બળે છે. મારા અહેમદની સાળી આવી છે તે તો તારા દીકરાનો ફોટો જોઈને કહે છોકરો કુંવારો લાગે છે. મારો અહેમદ સાંભળી ગયો એટલે ધીમે રહીને કહે, તું એને પસંદ કરતી હોય તો જા આપણે નક્કી.'

અહેમદની માની સાથે દિવાળી પણ હસી પડી. સૂર્યાને માટે હસાય એવું જોર નહોતું. એ નીચે બેઠી. પણ આ બે જણના હસવાને લીધે સત્યની ઊંઘ જાગી ગઈ.

'જો પરણવાની વાતથી છોકરો મારો કેવો બેઠો થઈ ગયો.'

અહેમદની માએ સત્યના માથા પર હાથ ફેરવ્યો. સત્ય ખાટલામાંથી બેઠો થઈ એમને પગે લાગ્યો.

'અમ્માજી, તમારો આશીર્વાદ માંગું છું સ્ત્રી મને ન મળે. મારે તો સંન્યાસી થવું છે.'

'બેસ હવે સંન્યાસીવાળો. આ છોકરી બેઠી છે ને બાવો થવાની વાત કરે છે મૂર્ખ.'

અહેમદની મા ગઈ. એને વળાવવા દિવાળી પણ ફળિયા સુધી ગઈ. કેમ છોકરી ? શો વિચાર છે ?'

'તમે તૈયાર હો તો મારી એમાં સંમતિ છે.' સત્ય એની સામે ભોંય પર બેસી ગયો.

'એમ ?' સૂર્યાના હાથને એણે પકડી લીધા. એના ગાલ પર હાથ ફેરવ્યો, 'અને પછી કાપુરુષ કહીને બોલાવશો તો ? તને ખબર છે મારે હજી બીજાં બે વર્ષ સુધીનું કૌમારવ્રત છે. મને હજીય પેલું કંકાસિનીનું ફૂલ યાદ છે, એની લાલાશની મને બીક લાગે છે હોં.' સૂર્યા નીચું ભાળી ગઈ.

'આપણા રામને આજે જ તને આ રીતે જોવાનો સંતોષ થયો છે. હું તો ઇચ્છું છું તું હંમેશા આ રીતે જ અણઓસરી લજ્જાની મુદ્રામાં જ મારી સમક્ષ હજાર હજાર વર્ષ સુધી રહે.' સૂર્યાને લાગ્યું સત્ય પોતાને શાપ આપી રહ્યો છે.

સત્યને થયું મા હોય ને પોતે આ રીતે બેસે એ કેવું લાગે !

સૂર્યાને ખેતરમાં લઈ ગયો. બેય જણ ખેતરમાં પેઠાં.

'પેલી વાડ જો. ત્યાં તેં મને કહ્યું તું રાક્ષસને માથે કંઈ શીંગડાં નથી ઊગતાં. જો તો ખરી કેવી લાગે છે હવે. એકે લાબરિયું છે એના પર ? આખી વાડ રાક્ષસી જેવી લાગે છે. તું તે વખતે એવું બોલી હતી ને મને સારાસારનું ભાને ન રહ્યું અને મેં તને....પણ ભય ન પામીશ હોં, આજ તને હું રાક્ષસી નહીં કહું કે હું રાક્ષસ જેવું પણ નહીં વર્તી બેસું.'

સત્યે એને તમાચો માર્યા બદલ આજે આ રીતે પશ્ચાત્તાપ કરીને ક્ષમા માગતો હતો. છાપરીની અંદર ખાટલી પર બેય જણ બેઠાં.

'હવે તો તમે પૂર્ણ મર્દ લાગો છે.'

'જો પાછી.'

સત્યે એના માથાના વાળ આગળ આવી ગયા હતા તે સરખા કર્યા.

'કેમ બોલતી નથી. ચૂપ કેમ થઈ ગઈ ? તારે જે કહેવું હોય તે કહે, મને વાંધો નથી. મને તો એટલું પ્રતીત થયું એટલે બસ કે તારો મારા પ્રત્યેનો વ્યવહાર લાજુલ છે અને તે મારા વ્યક્તિત્વને પુષ્પની જેમ મહેકાવવા ઇચ્છે છે. બોલ શબ્દના માધ્યમને હવે હું જડ થઈને નહીં વળગું. એમાં ધિક્કાર હશે તોપણ હું એને પ્રેમના અર્થમાં પલટી નાખીશ.'

સત્ય એનું દર્શન પી રહ્યો. સૂર્યા કોઈ એક વ્યગ્ર સંક્ષોભને આંખોમાં વાગોળી રહી. એનાં આવૃત સ્તનો પર એક લીલા કીડાને સત્યે જોયો. વચ્ચેથી ઊંચો થતો થતો એ એક સ્તનમંડળ પરથી બીજા તરફ ગતિ કરી રહ્યો હ તો. એને આંગળીથી લઈ લીધો. સૂર્યા

અચાનક કંપી ગઈ. 'ગભરાઈશ નહીં, મારો આશય કંઈ ભૂંડો નથી. આ તો...આ તો.... મારી હાજરીમાં એક શુદ્ધ કીડો ત્યાં દુરાચારભર્યો ગતિ કરે એ હું સાંખી શક્યો નહીં.' એમ કહી સૂર્યાના ગાલ પર ટપલી મારી પછી ઉમેર્યું, 'તે દિવસે મારે તને આ રીતે તમાચો—'

ને એ હસી પડયો. સૂર્યા સ્થિર હતી. એ ન હસી એટલે સત્ય ઊભો થયો. એકાએક શુંય થઈ ગયું કે સૂર્યાને તેણે મેઘની તીવ્રતાથી ચૂમી લીધી. ખાટલામાં આડી નાખીને એણે પોલાદથી ભીંસી દીધી. રહી ગયું હોય એમ સૂર્યાની ગાલની છલકાતી ગુલાબી તલાવડીને એક શ્વાસે પીધી. ક્યાંય લગી એના મોં પર, એની કુસુમલ છાતી પર પોતાના પ્રાણતરસ્યા નાકને ઘસ્યા કર્યું. અને આવેગનો વીફરેલો એનો બળદ છોકરીના એક ખભાને ખાઈ જવાનો હોય એમ વળગ્યો.

'ઓય.'

ને બન્ને ખડાં થઈ ગયાં. સત્ય છાપરી બહાર જઈ ઊભો. સૂર્યા વસ્ત્રોને વ્યવસ્થિત કરતી હતી. એણે આવી રીતે ક્યારેય અનુભવ્યું નહોતું. આજ લગી પોતે બીજામાં plus થતી હતી. એં આ પ્રસંગથી તેને સમજાવ્યું. પોતે ક્યારેય આવા વસ્તુગત ભાવને અનુભૂત કરી શકી નહોતી. એને થયું, આ સમય સારો છે, પોતે સત્ય સમક્ષ આખી વાતને પ્રકટ કરી દે. આ ભોળો દેવ એનો ક્યારેય તિરસ્કાર નહીં કરે. સત્ય અંદર આવ્યો. સૂર્યા બેઠી હતી.

'ચાલ ઘેર. હમણાં હું શું આચરી બેસત ? સૂર્યા સ્નેહને પણ એનો આવેગ હોય છે તું...'એ કંઈ ન બોલી શક્યો.

સૂર્યાને કહી દેવાનું મન થયું, પણ કેમે કરી જીભ ન ઊપડી.

'ચલને.'

સત્યને થયું પોતાથી એને ખોટું લાગ્યું છે.

'સમજી શકાય એમ છે, સૂર્યા આ બધું મનુષ્ય માટે સ્વાભાવિક છે.' પરંતુ સૂર્યા ત્યાંથી ન તો ઊંભી થઈ શકી કે ન તો એની સોનેરી તકનો લાભ લઈ શકી.

'ને એ જ અઠવાડિયામાં ગામમાં ગોળ વહેચાયો...સૂર્યાનાં માબાપે ઘણોય આગ્રહ કર્યો કે હવે કુંવારે માંડવે એને નથી રાખવી. પરંતુ દિવાળીએ ભદ્રકાળી બાધા માની હતી, શી રીતે જવા દે ! કથા પછી તરત જ સૂર્યાને એને ઘેર પહોંચતી કરવાનું વચન આપી એણે તો વેવાણને વળાવ્યાં; પરંતુ સત્યના વિવાહનો ગોળ અહેમદને ન ભાવ્યો. એ ઘેર આવ્યો.

'શનાકાકા ક્યાં છે ?'

'શું કામ છે ? મને કહેને ભઈ.' દિવાળીએ એને બેસાડયો.

'તમને કહેવાય એવું નથી.' અહેમદે સત્યને ખોળવા ઘરમાં નજર કરી.

'કોઈ બીજું નથી. મને ઇશારો તો કર :'

'કાકી, મને આ વિવાહ મુદ્દલે પસંદ નથી, તમે રૂપને મોંયા છો એ જ, બાકી સત્યને છેતરો છો.'

દિવાળી ગભરાઈ.

'કેમ છોકરીમાં કંઈ...?'

'હા.' કહીને અહેમદ જતો રહ્યો. દિવાળીના વિચાર ઊડી જતા લાગ્યા. આ અહેમદીઓ મૂઓ વતેસર કરી મેલશે. છેલ્લા સાતેક દિવસથી કાશી 'બા બા' કહીને બગલમાં પેસતી હતી એનું કારણ એ તો નહીં હોય ? હવે વાત ઘટી ચૂકી હતી. વિવાહભંગ કર્યે પાલવે એમ નહોતું. પંચમાં પાંચસો-છસો જેવી રકમનો દંડ ભરાય એટલી શક્તિ પોતાનામાં ક્યાં હતી તે પાછો વિવાહ તોડે. દંડ તો ઠીક પણ પંચ સમસ્ત જાણી ગયું છે કે એને ટી. બી. થયેલો હતો. અંદર અંદરનું સગું આ હતું એટલે સૂર્યા જેવી...ને સૂર્યા એની આંખ આગળ આવી...એ વળી ભણેલીગણેલી નીચું જોવડાવા જેવું કરે કે? જેવી વાત અહેમદ દ્વારા સાંભળી કે એના પેટમાં વીજળી રમણે ચડી ગઈ. એણે સાંભળી ન સાંભળી કરી નાખવાનો પ્રયત્ન કર્યો. મનમાં ભલે ગમે તેમ ખટક્યા કરે પણ બીજા કાને તો ક્યારેય ન જવા દેવી એવો એણે નિશ્ચય કર્યો. હા, સતિના બાપનેય નહીં.

પાછો સત્યનો વિચાર આવ્યો. એ કંઈ હવે નાનો નથી. આખો દિવસ સૂર્યા ને એ બે જણાં સાથે રહેતાં પોતે સગી નજરે જોયાં છે, એ કંઈ એને ન ઓળખે ? અને એને ગમી હશે ત્યારે જ ને હા કહી. પણ સતિએ રતિયાને માર્યો હતો તે કેમ માર્યો હશે ? ઈન્ડીપેનનું બહાનું કરીને સતિ એને મારે એમાં કંઈ તો તથ્ય હશે જ ને! ના, પણ એ દિવસે એણે પેનને લીધે જ હાથ ઉગામ્યો હતો એ વાત નક્કી.

અહેમદને બોલાવીને સમજાવવાનું એને મન થયું ને એણે મંજુને અહેમદને ઘેર જઈને બોલાવવા મોકલી.

કથા-બાધા પતી ગઈ એટલે સૂર્યાને એને ઘેર મોકલી આપી.

# 13

દિવાળીની અકળામણ દિવસોદિવસ વધ્યે જતી હતી. લગન-પડીકું આવ્યું એનો આનંદ પણ તે માણી શકી કે કેમ એ તો અંતર્યામી જ જાણે. સત્યને કાને અહેમદ સૂર્યાની ગેરવ્યાજબી વાત કરી નાખે તો સત્ય બધું કડડભૂસ કરી નાખશે એ દહેસતથી તે મનમાં વ્યગ્રતાનો અનુભવ કરી રહી હતી.

સત્ય અમસ્તો જ બહાર ઓટલા પર બેઠો હતો. દિવાળીને લાગ્યું તે નિરાશ થઈને બેઠો છે. પળમાત્રમાં તો એના મનોતંત્રમાં અસંખ્ય વિચારો આવી ગયા. સત્યની નિરુદ્દેશ ચૂપકીદીનો તે કંઈક જુદો અર્થ ગ્રહણ કરતી હતી. તેનાથી ન રહેવાયું :

'તું આમ ચૂપ કેમ બેઠો છે, બેટા ?'

'તેં મા. મને ક્યારે મસ્તી-તોફાન કરતો દીઠો, તે આમ પૂછે છે ? બેઠાં બેઠાં વિચાર આવે છે. હવે મારે નોકરી કરવી પડશે. જો ને આ સૂર્યા જેવી છોકરી મને હવે નવરો બેસવા દેશે એમ તું માને છે, ખરી ?

ને એ નિર્દોષ હાસ્ય કરી રહ્યો. એની માને 'સૂર્યા જેવી છોકરી' શબ્દો ખૂંચ્યા. થોડી વારમાં એને ઉપાય જડી આવ્યો.

'તારા મોટામામાનો કાગળ છે, તારાં કપડાંની પસંદગી લખી મોકલવાનું લખે છે, હેં ભઈ, બે બોલા અમદાવાદ જઈ આવે તો કેવું ?'

સત્ય માનો પ્રસ્તાવ શિરોમાન્ય કરી બીજે જ દિવસે અમદાવાદ ઊપડી ગયો. લગ્નને ચારેક દિવસ બાકી હશે ત્યારે આવવાનો એનો મનસૂબો માએ જાણ્યો કે એ રાજી રાજી થઈ ગઈ. ચલો આ બહાને પણ એ અહેમદથી દૂર રહ્યો ને!

સત્ય ત્યાં ગયો પણ મામીના ભાવમાં એને સ્નેહાળ આવકારો ન મળ્યો. એ હજીય, સત્ય ફ્લેટ છોડીને હોસ્ટેલમાં રહેવા નાસી ગયો હતો એ અપરાધને ભૂલી શક્યાં નહોતાં. સત્યને માફ કરવાનું સૌજન્ય બતાવી શકાય એવું એમના સ્વભાવમાં જ નહોતું.

એના મામાએ તો ગયો એમાં જ એના ધર્મોના પ્રોફેસરની યાદ આપી. 'તારા પેલા નાના ઈસુ બેચાર વખત સાંજના સાઈકલ ઉપર મિરઝાપુર આગળ મને મળી ગયા હતા.

તારી પૂછપરછ ખૂબ કરે છે એ.'

પછી મામાએ સૂર્યા ગમી કે ? એવો પ્રશ્ન પૂછ્યો ત્યારે સત્યે સમાચારપત્રમાં પોતાની નજરને છૂપાવી દીધી.

'ગાંડિયા; એમાં શરમાય છે શેનો ? હા કે ના કહી દેવાનું વળી. ના કહીશ તોય હું સમજીશ કે તને ગમે છે.' ને ખડખડાટ હસી પડયા. જમી પરવારીને સત્ય કૉલેજ તરફ ઊપડયો. કૉલેજના ઉપરના માળ પર ગયો. સુંદર કાષ્ટદ્વાર પર ટકોર મારતાં મારતાં તેનું હ્દય ભક્તિભાવથી આર્દ્ર થવા લાગ્યું.

વાટ જોવી ન પડી. શ્વેત વસ્રમાં રામસાગર જેવું પાતળું શરીર થોડી વારમાં એની સમક્ષ ખડું થયું.

સત્ય એમને પગે પડયો.

'અરે અરે, આ વળી શું કરે છે ?'

નીચા વળીને સત્યના ખભા પકડી લીધા. અને કબૂતરના અવાજ જેવી ભોળી આંખો સત્યને તાકી રહી.

'મને ક્ષમા કરો. ઘેર ગયા પછી પત્ર લખવાનું જ હું ભૂલી ગયો.'

બન્ને બહાર સૉફા પર જ બેઠા.

'અરે, પણ હું કેમ ભૂલું ? આણંદ સેનેટોરિયમમાં તને મળવા આવી ગયો પણ તું તો નહોતો. તારું સરનામું ત્યાં અહીંનું હતું એટલે તને મળાયું નહીં, પાછો આવ્યો. પણ તારા મામા એક દિવસ મળી ગયા. સારું થયું નહીં તો પાછું તારા ઘરના સરનામા માટે તારા મામાને ઘેર મારે જવું પડત. ને એમણે તારું સરનામું આપ્યું.'

સત્યના ખભા પર ઢીંચણ પર સ્નેહથી હાથ પસવારતા કહે :

'પાછો રજા મળતાં એક દિવસ તારા ગામડે—'

એમને અધવચ્ચે જ અટકાવી સત્યે વિસ્મય પ્રકટ કર્યું, 'મારે ગામ ? તમે આવ્યા હતા ? મને પત્ર પણ ન લખ્યો ? ને આવ્યા હતા તો રહ્યા કેમ નહીં ? હું ?'

'અધધધ આટલા બધા સામટા પ્રશ્નો ! તું નહોતો. પરગામ ગએલો. તારાં મધર કહેતાં હતાં બે દિવસ પછી તું આવશે. બોલ, પછી તને શી રીતે મળાય ? સારું, આવી સરસ નરવી તબિયત જોઈને મને ગમ્યું.'

સત્યે ફરીથી પોતે પત્ર ન લખી શક્યો તે બદલ ક્ષમા માગી. એટલે એને ધમકાવવાનો કૃત્રિમ રોષ પ્રકટ કરતાં તેમણે કહ્યું :

'હવે ક્ષમાવાળો છાનો રહે , કાગળ તો મેં પણ તને ક્યાં લખ્યો હતો ? મારી પણ ભૂલ તો ખરી ને ? અને સેનેટોરિયમમાંથી તેં ઓછા પત્રો નથી લખ્યા મને !'

સત્યની નજર ભીંત પર ટીંગાયેલા ઈશુના ફોટોગ્રાફ પર ગઈ. ‘ કેમ એકાએક આ બાજુ ? એમ. એ.નું હવે કરવું છે ને ? એય શું વિચારે છે ?’

‘તમારી છબી જોઉં છું.’

‘તું ગાંડિયો છે. એમ. એ.નું શું કરવાનો છે ?’

‘લગ્ન પછી.’

‘લગ્ન ? છોકરા તારાં લગ્ન ?’ ને એ હસી પડયા.

‘સારું સારું પરણી જા. એકથી બે ભલા. મને નિમંત્રણ આપીશ ને ?’

‘તમને હું પગે પડું તોય તમે નહીં આવો. માત્ર બાર કે તેર દિવસ જ બાકી છે અને તમારે માથે કૉલેજની જવાબદારી આવી ચડી બેસશે. કહો, હવે આવશો ?’

પ્રોફેસરે બારણું ખોલી ઘડિયાળ જોઈ લીધું.

‘હંઅ તો એમ કહેને હું આવું એવો સમય તેં પસંદ કર્યો જ નથી.’

પછી સત્યને ધીમેથી કહેવા મંડયા :

‘આટલી બધી ઉતાવળ કેમ છે તને ? Love marriage તો નથી ને ! ભાગી જઈને ભેગા થવાનો ઉપક્રમ હોય તો મને કહી દેજે અત્યારથી, તને આશીર્વાદ આપી દઉં.’ એ હસી પડયા. પછી શરૂ કર્યું :

‘તારા પત્રોમાં વારંવાર સેનેટોરિયમની નર્સ વિષે, પેલી ગુલાબ જેવી છોકરી વિષે ઘણા ઘણા ઉલ્લેખો આવતા હતા. તારા છેલ્લા પત્રમાં તો એક નર્સનું નામ પણ તેં લખ્યું હતું. એ ખૂબ સેસા કરે છે એવું લખી જણાવ્યું હતું.’ થોડી વાર પછી યાદ કરીને એમણે એ નર્સનું નામ પણ કહ્યું.

‘હું ભૂલતો ન હઉં તો એનું નામ લલિતા છે, ખરું ને ?’ સત્યના ઢળેલા મોંને જોવા તે નીચા વળ્યા.

‘કેવો શરમાઈ ગયો તું ? “લલિતા” નામમાં કોમળ ભાવ છલોછલ લાગે છે ! પ્રેમ થાય એવો, ખરું ને.’

સત્ય હજીય અનુત્તર રહ્યો હતો એટલે ‘લેખકોનું આવું જ હોય છે, માંદા પડયા એટલે નર્સ પર વારી જાય અને સાજા થાય એટલે મા યાદ આવે. તારી મા ખૂબ ભોળી સ્ત્રી છે. એને પરણ્યા પછી દુઃખ આપવું નહીં. તારા પર એને ખૂબ સ્નેહ છે.’

‘તમને...’ સત્ય ન બોલી શક્યો.

‘મને ખબર છે હું આવ્યો હતો. તારી માને જોતાં જ મને તો થઈ ગયું આવી મા મને મળી હોત તો—’ વળી એ ઘડિયાળ જોવા ઊભા થઈ ગયા ‘લે ત્યારે, સત્ય, મારો

સમય થઈ ગયો. ઑફિસમાં હવે મારે જવું પડશે. વિદ્યાર્થીઓનાં ઍડમિશન ફૉર્મ લેવાનાં છે. હવે પછી અમારી સેવા પણ શરૂ થઈ જશે.' એ ઊભા થયા. પાછા સત્યને ખભો થાબડીને કહે :

'એ છોકરા, પેલી છોકરીનું નામ સાંભળીને ક્યારનો મૂંગો થઈ ગયો છે, મને લાગે છે પરણ્યા પછી તો તું સાવ બોલવા લાયક રહેશે જ નહીં. કેમ રે, લલિતા એટલી બધી રૂપાળી છે શું ?'

ને એ ભોળાભાવે સત્યના અ-ભાવદર્શક મુખને જોઈ રહ્યા.

'તો તું મને પાછો ક્યારે મળે છે ? મારે તને લગ્નની ભેટ આપવી છે.'

'કંઈ કહેવાય નહીં.' સત્ય આટલો જ ઉત્તર આપી શક્યો.

'વાહ, પાછો કહે છે, કંઈ કહેવાય નહીં. મને તો એમ થાય છે કે પરણ્યા પહેલાં તને વિરહનો અનુભવ થાય છે તો પછી તો-સારું સારું તું પાછો મને સાધુ કહે છે ને ! અમારે સાધુઓને એવું તેવું યાદ ન કરાવવું જોઈએ, એમ તું પાછો કહી બેસીશ. નક્કી ન હોય તો ઊભો રહે.' પ્રોફેસર અંદર ગયા.

'લે આ "શુભ સંદેશ" બાઈબલનો ગુજરાતી અનુવાદ છે. બસ ત્યારે પત્ર લખજે.'

સત્ય પ્રણામ કરીને પગથિયાં તરફ વળ્યો એટલે પાછું એમણે ઉમેર્યું :

'ઉતાવળિયો છે તું. હું ઑફિસ લગી આવું છું.'

દ્વાર વાસીને સત્ય સાથે નીચે ઊતર્યા.

'પત્ર ન લખાય તો પાછો આજની જેમ પશ્ચાત્તાપ–ક્ષમા–બમા ન માગતો. હા.'ને એમણે આશીર્વાદ આપ્યા.

બંને છૂટા પડયા.

ગમે તેમ પણ પ્રો. મૅયોને મળ્યા પછી સત્યનું હૈયું કશોક રંજ અનુભવવા મંડયું. લલિતાની સ્મૃતિ ઘડી ઘડી વાર થઈ હતી અને તેનો લગ્ન કરવાનો ઉત્સાહ ક્ષીણ થવા લાગ્યો. પ્રોફેસરની ગેરસમજ વિષે એની સ્પષ્ટતા કરવાનું ન સૂઝયું એ જ એને આશ્ચર્ય થવા લાગ્યું. કોણ જાણે લલિતાના નામને આ રીતે પોતાના નામ સાથે જોડાવાની એમની ગેરસમજને તે નકારી ન શક્યો.

કપડાં ખરીદ્યાં. મામાએ એને માટે વીંટી અને સૂર્યા માટે માળા પસંદ કરવાનું કહ્યું ત્યારે એ મૂઢ જેવો એમના ભણી તાકી રહ્યો. મામીએ સૂર્યા માટે પણ વીંટી જ લેવી એમ સત્યની હાજરીમાં જ કહ્યું ત્યારે એણે 'હા' કહીને બંને વચ્ચેથી ખસી જવામાં જ સાંત્વન મેળવ્યું હતું. લલિતા માટે હાર લેવાનો સુયોગ આવ્યો હોત તો તે મામીની ઉપરવટ જઈને પણ પસંદગી માટે બજારમાં ઊપડયો હોત.

સત્યને અમદાવાદમાં રહેવાનું ગમ્યું નહીં. એના મામાએ એની વહુ માટે હાર પસંદ કરવાનો પ્રયત્ન કરી જોયો ત્યારે 'મને એમાં ગમ ન પડે.' ને રમકડાંની દુકાન તરફ તે વળ્યો હતો. સ્ટેશન જતાં જતાંય એક વાર ફરી મામાએ વાત નાખી જોઈ પણ એનું કંઈ પરિણામ ન આવ્યું. 'સારું ત્યારે તારી મામીની પસંદગી ચલાવી લેજે ત્યારે.'

કહીને એમણે સંતોષ માન્યો હતો.

# 14

ઓચિંતો એને ઘેર આવેલો જોઈ દિવાળીને ફાળ પડી. લગ્નની પૂર્વતૈયારીઓ ઘરમાં ઊલટભેર થઈ રહી છે ને આ ધરમૂળનો હગડગ 'વિઘન' ઊભું કરી બેસશે એવો ભય પાછો ઘાસની જેમ એના મનમાં ઊગી નીકળ્યો : એરંજમાં પોતાને ટી.બી. થઈ ગયો છે, એમ ધડ દઈને કહી બેઠેલો ને ! પાછું આ તો...

'કેમ બેટા ઓચિંતો, અમે કંઈ કાગળ તો નથી લખ્યો ને !'

દિવાળીને ઊંડે ઊંડે અહેમદ ડહાપણ કરી બેસે, એમ હતું.

'મને ગમ્યું નહીં.'

પરસાળમાં રમતી સુરભિને એણે બોલાવી, એટલે એને કંઈક ટાઢક વળી.

'રમાડ એને. હું જરા ખાંડ ભરી લઉં.

એ અંદર ગયાં.

સુરભિ જોડે સત્ય વાતોએ વળગ્યો.

'બોલ જો બેટા, તારે માટે હું શું લાવ્યો હઈશ ?'

નાની બાળકી એના હાથમાંથી ખસીને સહેજ દૂર ગઈ.

'નૈ બોઉં.'

એને બચી ભરી મનાવી.

'કેમ નહીં બોલે ?'

'તમે થુલા માથીને લઈ લોથોને એટલે.'

આટલું બોલીને એ મોટા માણસની જેમ મોં ચડાવીને અવળી ફરી ગઈ.

સત્યે હસવું ખાળીને થેલીમાંથી ચાવીવાળું રમકડું કાઢ્યું. એમાં ચાવી ભરવા માંડી એટલે સુરભિનું ચંચળ મન પીગળ્યું, સૂર્યામાસીને લઈ લેવાની ધૃષ્ટતા કરનાર કાકા પ્રત્યેનો એનો રોષ પલવારમાં રમતમાં ફેરવાઈ ગયો. ઓસરીમાં મનુષ્યની જેમ બે હાથ

તાળીઓ પાડતું, છાકટું થયેલું હોય એમ આગળ પાછળ માથું ઉલાવીતું ઉન્માદમાં ગોળ ગોળ ઘૂમતું ચાવીવાળું રમકડું એને સૂર્યામાસીની તુલનામાં શ્રેષ્ઠ લાગ્યું. એને ઊંચકી લઈને તે બોલી :

'થે ને હું આ નૈ આલું. થુલા માથીને પણ નૈ આલું.'

સુરભિને રમાડવાનું એને વધારે મન થઈ આવ્યું.

'મારી છોકરી' – એને ઊંચકી લઈને તેણે બચીઓ ભરી ભરીને ગૂંગળાવી દીધી. નાનો શો જીવ સમજી ન શક્યો કે સત્ય પોતાના અંતરમાં આવી ગયેલા વિષાદને આ રીતે દૂર કરવાનો યત્ન કરી રહ્યો છે.

એણે ફરીથી સત્યને વિનંતી કરી.

'આને તમે લમાલો.'

સત્ય ચાવી ભરવા લાગ્યો. એટલામાં એની મા હાથમાં પેન લઈને આવી.

'આ તારી ઈન્ડીપેનછીલ લે બેટા, તે દા'ડે જ ભઈ, એ એ જડી'તી પણ બર્યં કંકાસમાં ને કંકાસમાં તને આપવાનું રહી ગયું તે મારાથી મૂઈ અવળે હાથે મોરસના ડબામાં મુકઈ ગઈ'તી...'

સત્ય પેનને લઈને ક્યાંય સુધી એમનો એમ બેસી રહ્યો. મા એના કામમાં પરોવાઈ ગઈ હતી. સુરભિએ કાકાને જાગૃત કર્યો.

'તાતા, આવોય તુપ થઈ ગયો. આનેય તમે ઘુનાવોને.'

સુરભિએ બીજો પ્રયાસ કર્યો.

'તાતા, આ તો નથી લમતું.'

દિવાળી એના રડવાનો અવાજ સાંભળી બહાર આવી. એણે બેત્રણ પ્રયત્ન કરી જોયા પણ સુરભિનો રંગીલો હજીયે ઘૂમતો નહોતો. થાકીને સત્યને કહ્યું તો સત્ય ચિડાયો હોય એવું બોલી ગયો, 'હું તે કેટલીક ચાવી ભરભર કરું ?'

ને એ વાડામાં આવ્યો. રમતીએ એને જોઈને બેત્રણ કૂદકા લગાવ્યા. પરંતુ એને બકરીના કૂદકા ક્યાં જોવા હતા ? ખડકી સુધી આવ્યો તોય પેલા રમકડાની યાંત્રિક ચેષ્ટા એને સંતોષી રહી હતી.

પિતાએ કંકોતરી વિશે એનો અભિપ્રાય માગ્યો – 'તારી પસંદગી પ્રમાણે કંકોતરીઓ છપાવીએ.'

પસંદગી શબ્દ એને કાળજે જઈને વાગ્યો. સૂર્યાની પસંદગી કરવામાં એને ઉતાવળ જેવું લાગ્યું.

'શું કહે છે તું ?'

'તમને યોગ્ય લાગે તેવી છપાવજો. મને પૂછશો નહીં...'

'હા, પછી રમેશની જેમ ઝઘડો કરે એ નહીં ચાલે. એ દિવસે જોને એ બોલતો હતો મારી કંકોતરીમાં ગણેશ ન જોઈએ. તમે મને પૂછ્યા વગર આ ડહાપણ કર્યું જ કેમ ?' કેટલું બબડતો'તો. દિવાળીએ સત્યની પાસે બેસતાં કહ્યું. સત્ય કંઈ બોલ્યો નહીં.

'સારું. લાવ જો તારી પેન. કંકોતરીનો નમૂનો તલાટી પાસે કરાવું.'

સત્ય પેન આપીને માબાપનાં મોં જોવા લાગ્યો. એને સમજાતું નહોતું પોતાને આમ કેમ થયા કરે છે ! હવે આવું થાય, એનો કશો અર્થ પણ શો ? ઓટલા પર લાશ થઈને એ બેસી પડયો. ક્ષયરોગ ફરીથી ઉથલાયો હોય એવું એને થઈ ગયું.

સામેથી દોડતી દોડતી મંજુ નિશાળેથી આવી. દફ્તરને ઉલાળતી સત્ય પાસે એના આનંદજનક સમાચાર સંભળાવવા લાગી. નિશાળ આજે ઊઘડી હતી એટલે તલાટીએ બાળકોને પતાસાં વહેંચ્યાં હતાં. એટલું ઓછું હોય એમ મંજુના વર્ગમાં પતાસાથીય મીઠી નવી શિક્ષિકા આવી હતી. મંજુને એની નવી બહેન ગમી ગઈ હતી. મંજુને હવે કદીય માર નહી પડે, કારણ કે કાળા માસ્તર એમની કાળી આંકણીને હવે કબાટમાં મૂકીને બીજી નિશાળમાં ચાલ્યા ગયા છે. હવે કાળા માસ્તર મંજુને નહીં મારી શકે.

'એમ ?' સત્યે મંજુના વાર્તાલાપમાં રસ લીધો.

'તાર નૈ. હવે નવાં બેન કોઈને આંકણીથી નૈ મારે. આ બહેન પણ પેલાં સંગીતબેન જેવાં જ છે.'

'આજે આવ્યાં નહીં કે !'

'હોવે. છેને સતિકાકા, નવાં બહેને એક સરસ રાજકુંવરીની વાર્તા કહી હતી. તમારે સાંભળવી હોય તો આવતીકાલે નિશાળે આવજો.'

સત્ય પાછો એની સૃષ્ટિને રવાડે ચડયો.

'આવશો સતિકાકા ?'

સત્યને હવે વાત કરવાનું રુચ્યું નહીં. મંજુને જમવાનું મોડું થશે એની યાદ અપાવી; પણ મંજુને તો એનાં નવાં બહેનનું વર્ણન કરવાની ચાનક લાગી હતી.

'નવાં બહેને છે ને રબરની ચંપલ પહેરી છે.'

રમતી તરસી હતી. એટલે સત્ય વાડામાં ગયો. મંજુ પણ સત્યની પાછળ પાછળ ગઈ. એનો ઉમંગ હજી એવો જ ચાલુ હતો.

'એંહ સતિકાકા, નવાં બહેન નિશાળમાં જ રહેવાનાં છે ?'

સત્ય રમતીના શરીર પર હાથ ફેરવવા લાગ્યો. એને આખે શરીરે ધૂળ જામેલી હતી. કાળા વાળમાં ઘાસની સળીઓ – પાંદડાં ચોંટેલાં હતાં. એને નવડાવ્યે દશબાર દિવસ થઈ ગયા હશે. વચ્ચે બે દિવસ અમદાવાદ ગયો એટલે તે નારણના હાથમાં પડી હતી. એને બકરીની શી પડી હોય ? મંજુને વચ્ચે વચ્ચે હોંકારો ભરાઈ જતો હતો એનું પણ એને ભાન નહોતું ને મંજુને એટલે તો ચાનક ચડી હતી ને !

'બહુ થયું હવે તું ઘેર જા.'

'પણ સાંભળોને. હેં સતિકાકા, નવાં બહેન તો વિધવા છે એમ કાળા માસ્તર કહેતા'તા. હેં સતિકાકા વિધવા એટલે શું હોય ?'

સત્યે બકરી છોડતાં છોડતાં એને ઉત્તર આપ્યો, 'જેને માથે વાળ ન હોય એ વિધવા કહેવાય. તને ભૂખ નથી લાગી ?'

'પણ એમને માથે તો વાળ છે.'

'તો એ વિધવા નહીં હોય. તું મારું માથું ન ખા.'

રમતીને છોડી એ વાડા બહાર નીકળ્યો એવો જ દિવાળીએ એને રોક્યો.

'બેટા, કપડાં તો બદલ, હજી આવ્યો એવો જ બકરીને લઈને ઊપડયો. તારે એવડી શી ઉતાવળ છે. ગાડીમાં ને મોટરમાં તારું મોં જોને બર્યું બીજું તો ઠીક પણ મંગળ રાતને બોલાવીને દાઢી તો કરાવી નાખ અને—'

પછી નિરાંતે, આને નવડાવી આવું.'

ને એ બકરીને લઈ તળાવે ગયો.

તળાવમાં મનુષ્યને નવડાવતો હોય એમ ચોળી ચોળીને રમતીને નવડાવી. ઓવારે પડેલા આમલીના કૂચાથી એના ગળાની પિત્તળની ઘૂઘરીઓ સાફ કરી, સૂર્યપ્રકાશમાં હલ્યા વગર નજરથી સંભળાય એવી. અને પાળ પર છોકરાં પોયણાંની માળા પહેરીને વર વહુની રમત રમતાં હતાં. એમની પાસેથી એક માળા લઈને રમતીના ગળામાં વીંટાળી. પછી એને છૂટી મૂકી દીધી. પાળ ઉપર મુક્ત રીતે કૂદતી ઠેકતી તે એની આગળ દોડી ગઈ. સત્ય કિનારા પરની લીલી વેલ જોતો, એમાં પાતળી ડોક ઉલાળીને સંવનન કરતાં સારસ પક્ષીને જોતો જોતો, આગળ વધતો હતો. પોતે નાનો હતો ત્યારે સારસીને પકડવા એની પાછળ ખૂબ દોડતો ત્યારે સારસી ઊડી જવાને બદલે પોતાને રમાડતી હોય એમ એની આગળ આગળ ઠેકડાં લેતી. એને નાનાલાલનું કાવ્ય સાંભર્યું : સારસ પક્ષીના શબ્દે જગતની રસચેતના ઝબકીને જાગી ગઈ–એવું તેવું એ કવિએ ગાયું હતું. સત્યને થયું પોતાની હૃદયગત રસચેતના સારસ પક્ષીરૂપે અત્યારે ડોક ઉલાળી ઉલાળીને મત્ત બની રહી છે. નિશાળના બારમાસી આંબા ભણી એનું ધ્યાન ગયું. એક છોકરો દોડતો આવીને એની બકરી નિશાળના બાગમાં પેસી ગયાની વાત કરી ગયો.

એ નિશાળના કમ્પાઉન્ડ તરફ વળ્યો.

એણે દૂરથી જોયું તો બકરીને બગીચામાંથી હાંકીને મંજુની નવી શિક્ષિકા ક્લાસરૂમમાં પ્રવેશતી હતી. છૂટા વાળથી છવાઈ ગયેલી શ્વેતાંબરી પીઠ જોતાં એણે હમણાં જ સ્નાન કરી લીધું હશે એવું લાગ્યું. નહાયા વગર વિદ્યાર્થીઓને એ ભણાવતી હશે એ વિચાર આવતાં સત્યને હસવું આવ્યું. એ નજીક ગયો એટલે ક્લાસરૂમમાં નજર નાખવાના કુતૂહલને ન રોકી શક્યો. કશીક ચીજ લેવા તે વાંકી વળી હતી. એની કેડમાં આંબાના મહોર જેવો પરિચય ફૂટતો દીઠો. એનાથી રમતી તરફ બુચકારો થઈ ગયો એવી જ પેલી શિક્ષિકાએ ઝડપથી પાછું જોયું. બેઉમાંથી કોઈ સાચું ન માની શક્યાં. બગીચામાંનો લાલપીળો હજારીનો ચતુષ્કલ વીંધીને સત્ય ક્યારે એની સમક્ષ પહોંચી ગયો એનું લવલેશ ભાન એને ન રહ્યું. બકરીને પોતે લેવા આવ્યો હતો તેય વીસરી ગયો.

કોઈ ચિત્રપટમાં કે નવલકથામાં બને એવું જ એને લાગ્યું. સ્વપ્નમાં પણ એને ખ્યાલ ન હતો કે આ રીતે લલિતા પોતાને મળશે. પરસ્પર....

રમતી પાછી વળીને બગીચાની ક્યારીમાં લીલોતરી ખાવા લાગી. એનો અવાજ સરખોય બેમાંથી કોઈને સંભળાયો નહીં. ને હવે-બકરીના ગળાની ઘૂઘરીઓ વાગે છે કે લલિતાના ચક્ષુપલકાર સંભળાય છે ! સત્ય ઓટલા પર ચડી ગયો. લલિતાના છૂટા વાળ પોતાના હાથમાં લઈને બબડયો :

‘તારા આટલા બધા વાળ તું કેવી રીતે જોઈ શકતી હશે ?!’ બન્ને અંદર પ્રવેશ્યાં.

લલિતા રડી પડવું કે હસવું એનો જ નિશ્ચય ન કરી શકી. સત્યની દાઢીને જોઈ રહી. કેટલાય સમય પછી તે બોલી શકી.

‘કેટલા ગંદા લાગો છો !’

સત્ય પોતાના આ પ્રસંગ-સૌભાગ્યને ન જીરવી શક્યો. એ પેટી ઉપર બેસી ગયો.

લલિતા બોલતી હતી :

‘પાછા તમે મારા વાળની પ્રશંસા કરો છો. અરે, અરે, તમે આ મર્દ થઈને શું કરો છો ? હું તો કલ્પી પણ શકતી નહોતી કે તમે મળશો. અને મળશો ત્યારે આમ ઢીલા થઈ જશો.’

લલિતા એની નજીક ગઈ. સત્યના હાથ પકડીને તેને ઊભો કર્યો.

‘આવું તે શું કરો છો ?’

‘શું કરું છું તે—?’

‘મોં કેવું કરી નાખ્યું છે, રડમસ. તે પાછા પૂછો છો.’

'હવે તને નહીં ગમે એવું કશુંય નહીં કરું.'

'ડાહ્યા બહુને, પુરુષનો વિશ્વાસ રાખવાની મને આદત નથી.'

એણે જમવા માટે શેતરંજી પાથરી. સ્ટવ પર ખીચડીની તપેલી જોઈને હવે સત્યને ભૂખ લાગી.

'તારે સ્કૂલમાં જમવાનું તૈયાર કરવું પડે છે ?'

'તો શું કરું ? તમારા તલાટીને મેં પહેલેથી કહ્યું હતું. સ્કૂલબોર્ડની ઑફિસમાં જ. તોય ઘરનું નક્કી ન કરી આપ્યું ને મારે અહીં ગામને છેવાડે રહેવું પડે છે. બે દિવસથી અહીં આવી છું'

'ઘરનું તો થઈ રહેશે. તું તારે ખાવાનું પીરસ. ખબર નથી હું ક્યારનો ભૂખ્યો છું.'

એની સામે તે જોઈ રહ્યો.

'ઓત્તારી, તું હજી ઊભી રહી છે. હજી પાણીનો કળશો પણ ભર્યો નથી.'

'તમે તો...'

'હુકમ કરું છું નહીં ?'

ને હજી તે વધારે બોલે તે પહેલાં લલિતા ત્યાં જ અશ્રુઘરમાં બેસી પડી. પીઠ પર ફરતા તરબતર પુરુષ હાથમાં પોતાનું સમગ્ર અસ્તિત્વ ઓગળી જતું હોય એવું લલિતાને એ હમણાં ઊઠીને જતા રહેશે એનો વસાવસો થયા કરતો હતો ત્યાં બારણું સહેજ સળવળ્યું. બારણાને પોતાની સોડમાં રાખીને એક કાળું ગોબરું છોકરું કુતૂહલસહજ અંદર જોતું ઊભું હતું.

લલિતા શરમથી આઘી ખસી ગઈ. નાકમાંથી નીકળી આવેલા લીંટને ખમીશની ચાળથી લૂછતા છોકરાને થોડી વાર જોઈને બન્ને હસી પડયાં. સત્યે પેલા છોકરા ભણી એકધારી નજરે સહેજ જોયું એટલે એ ક્ષોભને કારણે તે ભીંત તરફ લપાઈ ગયો. બહારથી અવકાશ અંદર આવ્યો ને સત્યને હવે જ લલિતાનો લાલ ચહેરો વધારે રૂપાળો થયેલો જોવાનો વખત મળ્યો.

'આમ શું મને ક્યારેય દીઠી ન હોય એમ તાકી રહ્યા છો ?'

પેલા છોકરાથી પાછું રહેવાયું નહીં એને ડોકું કરતો જોઈ લલિતાને છણકો કરવાનું મનેય થયું પણ પાછો કંઈક વિચાર આવતાં તે સત્ય સામુ જોઈ મંદ મંદ હસી અને ડબ્બામાંથી બે ચાર ખારી પૂરીઓ કાઢી પેલા છોકરાને આપી એને કાઢી મૂક્યો.

'મનેય ભૂખ લાગી છે.'

સત્યે એનો હાથ પકડીને પોતાની સાવ નજીક બેસાડી દીધી.

'ખાવાનું તપેલીમાં છે.' લલિતાએ સત્યની દાઢીના વાળ ચપટીમાં પકડીને કહ્યું. પાલવના છેડે થાળી સાફ કરતી કરતી તે બોલી :

'અત્યારથી આવું કરો છો, તો પછી...'

'પછી ગાઈશ. ભિક્ષા આપોને રાણી પિંગળા.'

'લલિતા. પિંગળા નહીં. અત્યારથી તો નામ ભૂલી જાવ છો.'

'લલિ, આટલો બધો સમય તેં કેવી રીતે પસાર કર્યો ?'

'કેવી રીતે ?' થાળી એની સામે મૂકીને એ ઊભી થઈ. પોતાને માટે તાસક મૂકી અને પેટી ખોલી. એમાંથી એક સફેદ ખમીશ કાઢ્યું. એને બતાવી કહે :

'જુઓ, આ રીતે પસાર કર્યો સમય.' સત્ય કંઈ કહે તે પહેલાં તો એને ચૂમીને—

'સ્રીને કશોક ને કશોક તો આધાર મળી જ રહે છે. તમને પુરુષને એની ખબર ન પડે.'

ખમીશને વ્યવસ્થિત ગડી વાળીને પાછું મૂકતાં એ પાછી બોલી.

'સ્વંય ઈશ્વર માગે ને તોય પાછું ન આપું એ.'

'હું માગું તોય ?'

લલિતાએ હોઠ પર આંગળી મૂકી કૃત્રિમ રોષની એક અભિજાત મુદ્રા પ્રગટ કરી અને તરત જ કશું ન બોલવાનો સંકેત કર્યો. બહાર કોઈના બૂટનો અવાજ સંભળાતો હતો.

થોડી વારમાં તો બારણા વચ્ચે ખાદી વસ્રધારી પુરુષ આવી ઊભો. જાડાં ચશ્માં સત્ય ઉપર મંડાયા હતા.

'આવો તલાટી.' લલિતાએ નમસ્કાર કર્યા.

નિશાળના આંગણામાં પાછી દૃષ્ટિ કરી એમણે કહ્યું :

'બેન, ભલુને લગીરે નવરો બેસવા ન દેશો. આ ક્યારીઓની શી દશા કરી મેલી છે !' ને એમણે પૂરીઓ ખાઈને હોઠ પર જીભ ફેરવતા પેલા છોકરાને ધમકાવી નાખ્યો.

'લુચ્ચા, આખો દહાડો રખડે છે ને આટલું સચવાતું નથી. હાંક પેલી બકરીને.' પછી લલિતા તરફ ફર્યા અને સલાહ દેતા હોય એવા સ્વરમાં કહ્યું :

'જો જો, આ વનમાળીના વિશ્વાસે રહેતાં. નહીં તો પાછળથી પસ્તાવું પડશે. અહીંનાં છોકરાં કંઈ ઓછાં નથી.'

તલાટી ચશ્માંના ગ્લાસને ખમીશથી લૂછતા લૂછતા જતા રહ્યા. એ આવ્યા શું ને ગયા શું એ આ બે જણને શું સમજ પડે !

# 15

સત્ય સૂર્યાને તદ્દન ભૂલી બેઠો. સૂર્યા પોતાને ઘેર આવી હતી. પોતાની સાથે એનું વાગ્દાન થયું હતું. પોતે એને....ના; કંઈ જ એને યાદ ન રહ્યું. લલિતાને પોતાને ઘેર રહેવા માટે કહી દીધું હતું – એ પોતાના જ ઘરમાં પોતાની જ સાથે રહેશે. એવા મનોરમ્ય ખ્યાલમાં તે ઘેર આવ્યો. રમતીને બાંધી એના ગળે હાથ ફેરવ્યો. બેસીને એને ચૂમી. એની પીઠ પર ન વાગે એવી હળવી ટપલી મારી, સુરભિના રમકડાંને વારંવાર ચાવી ભરી આપી, મંજુને કવિતા ગાતાં શીખવાડયું. માને ઓચિંતી 'મા' એવી બૂમ પાડી ભડકાવી અને એના હાથમાંથી સાવરણી ખૂંચવી લઈ પરસાળ વાળવા મંડયો.

'તું પરણ્યા પહેલાં જ ગાંડો થઈ જઈશ તો પછી સૂર્યા આખો જનમારો મને ભાંડશે.'

ઉમંગી માને હજી આ પચ્ચીસ-ચોવીસ વર્ષનો છોકરો પાંચમી ચોપડી ભણતા સતિ જેવો લાગ્યો. માનો આ હર્ષોદ્‌ગાર સત્યને ઇંજેક્શનની સોય જેવો લાગ્યો.

'મા, લગ્નની આટલી બધી ઉતાવળ કેમ કરે છે તું ? મારા પ્રોફેસરને મળ્યો ત્યારે એમને પણ ઉતાવળ જ લાગી. એમ કરને મા, એમ. એ થઈ ગયા પછી પરણું તો કેવું ?'

'લગ્નપડીકુંય આવી ગયું. તારા બાપુજી ઉમરેઠ કંકોતરી છપાવા ગયા. અને તું જોતો નથી આ ધમાલ બધી અનાજ, તેલ, ઘરેણાંગાંઠા – બોલ્યા, એમે થયા પછી પૈણું. ના બા મારે એવું નથી કરવું. છો બધા ઉતાવર છે એમ કહે, તને પેલા અહેમદીએ તો નથી ચડાવ્યો ને ?'

સત્યે કંઈ સાંભળ્યું નહીં.

'પણ હું...'

શું બોલવું એ એને ન સમજાયું.

# 16

નિશાળ ચાલુ હતી એટલે અંદર જવું સત્યે મુનાસીફ ન માન્યું. મનમાં એમ પણ થઈ આવ્યું કે સૂર્યાને પત્ર લખી સાફ જણાવી દેવું. પણ એમ કર્યે કંઈ ઉકેલ નીકળે એવું વિચારતાં એને ન લાગ્યું. નિશાળ છૂટવાને હજી વાર હતી. એટલે તે ભાગોળ તરફ ચાલ્યો. સામેથી બાપુજીને આવતા દીઠા.

'ક્યાં ગયો હતો ?'

નજીક આવતાં જ એમણે પૃચ્છા કરી. અને સત્યના ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર એને 'ચાલ ઘેર' કહીને લઈ ગયા. સત્યને લાગ્યું કોઈ અનપેક્ષિત રોષ માથા પર ઝઝૂમી રહ્યો છે. ઘેર જતાંવેંત બાપુજીએ રોકડું પરખાવ્યું :

'ઘરબર કોઈને આલવાનું નથી. સીધી રીતે રહે, તું કંઈ મારો બાપ નથી.'

ને હાથમાં લાકડી લઈને તે પંચાયતની ઑફિસમાં જતા રહ્યા. સુરભિનાં રમકડાંને મા ચાવી ભરી આપતી હતી. ઓસરીમાં દરજી કપડાં સીવતો હતો એની પાસે તે વાત કરવાને બહાને સત્ય તરફથી નજર ફેરવી લીધી.

બાપુજી ગયા એટલે સત્યે માને કહ્યું :

'આપણું ઇશ્વરવાળું ઘર તો ખાલી છે. એમાં ઉપર ઘાસ છે તે ભલે રહ્યું પણ નીચે છે તે નારણ પાસે કઢાવી લઈશું. પછી શો વાંધો છે ? ભાડાનો સવાલ નથી મા, બિચારીને છેવાડે બીક ન લાગે ?' મા દરજી જોડે વાતે ચડી હતી.

'એણે મને કહ્યું નથી, પણ મેં એને ઘર આપવા માટે વચન આપ્યું છે.'

'બેસ બેસ હવે વચનવાળો.' દિવાળીને સત્ય પેલી શિક્ષિકા માટે એકવચન વાપરે એ ન રુચ્યું.

'એ તારી શી સગલી થાય છે તે તારા પેટમાં આટલી ચૂંક આવે છે. એ રહી અસ્રીની જાત. વળી પાછી બામણની વરણ. કાલ ઊઠીને....ના ભઈ ના, મારે કશો ધરમબરમ નથી કરવો ને વચનેય નથી પાળવું. લોકનું મોં દાબવા જેવો મારો હાથ નથી. આ તને કહી દીધું.

આ સૂર્યા માટે તો સાંભળું છું ને પાછું....ઠીક છે કે એ તો....તું મને મરવા જેવું ના કરાઈશ ભઈ. આ તને કહી દઉં છું'

'પણ એમાં ઘાસ રહે એના કરતાં—'

'છાનો રે હવે. તું તો કહીશ એમાં ભવાયા રાખો.' સત્ય ક્યારેય આવી વિકટ પરિસ્થિતિમાં મુકાયો નહોતો.

એક વાત તો નિશ્ચિત હતી કે પોતે અત્યારે અધિકારશૂન્ય બની ગયો હતો.

બપોર થયા હતા અને તે બહાર નીકળી ગયો.

# 17

સાડીઓ ધોઈને લલિતાએ રતબાવળ પર સૂકવી. પાળ પર પડેલા કમલદંડ લઈને તેના કટકા કરતી કરતી તે માછલાં પકડતા ભીલ બાળકોને જોઈ રહી. કાલ સાંજના પ્રસંગથી પોતાની મધુસૃષ્ટિ ધૂળમાં મળી ગઈ હતી. પોતાના જીવનપંથ પર પાછળ દૃષ્ટિ કરતાં એને એટલું તો દીવા જેવું દેખાતું હતું કે આજ લગી પોતે નક્કર વાસ્તવિકતા પર પગ મૂકતી આવી હતી. કાંટાળી ધરતી પર સુંવાળપનું સ્વપ્ન ન હોય, ને હોય તો એય ટકેય કેટલું ? પોતાના નિશ્ચયને એણે મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો. જીવન વીતી જશે એ સ્પષ્ટ હતું. એણે પાછળ જોયું. પાળની બીજી બાજુ સ્મશાનભૂમિ હતી. થોડાક મહિનાઓ પહેલાં મૃત્યુ પામેલા એક મનુષ્યની રાખ હજી દેખાતી હતી. ખાસ્સાં બે મનુષ્ય સૂઈ શકે એટલો એનો પથારી–વિસ્તાર હતો.

એ સમસમી ઊઠી.

રતબાવળના છોડ પર સુકાતી સાડીના છેડાને કૂતરું પ્રાણીસહજ આનંદથી ખેંચતું હતું. ઓચિંતો ‘હડે’ શબ્દ આવતાં બપોરી એકાંતમાં બેઠેલી વિધવાની પીઠ ધ્રૂજી ઊઠી. સ્મશાનભૂમિનું ભૂખ્યું પ્રેત ભરબપોરે જાગી ઊઠ્યું હોય એવો વંટોળ ઝાડીમાંથી બહાર આવ્યો.

‘તમારો હાલ્લો ખેંચતું’તું મારું સાલું.’

લમણું ખજવાળતો રતિલાલ હીહી કરવા જતો હતો ત્યાં જ એને તમાચો મારતી હોય એમક લલિતા બોલી ઊઠી :

‘ભલે ખેંચતું. તમારા શરીર પરનો સાલ્લો તો નથી ખેંચતું ને !’ એ ઝટપટ નીચે ઊતરી પડી અને સાડીને એમની એમ વાળી લઈને ક્ષણવારમાં તો પાળ પર ચાલી ગઈ. છોભીલો પડી ગયેલો રતિલાલ એની પીઠ જોવા પણ ન રહ્યો.

*

તાળું ખોલીને એ ખંડમાં પ્રવેશી.

થોડી વાર પછી સત્ય દેખાયો.

‘તમે ?’ લલિતાને કંઈ કહેવું હતું. મૌન રહી.

‘તને હું જરૂર મારા ઘરમાં લઈ જઈશ. લલિ, તને ખબર છે મનુષ્યના હૃદયમાં જે વસ્તુ રોકાઈ ગઈ હોય તેને ઉજ્જડ કરવી હોય તો મૃત્યુ સિવાય બીજો ઉપાય નથી. મને ખબર પડી છે. મા તારી પાસે આવી ગઈ છે. અને તને સમજાવી ગઈ લાગે છે. તું મારી લલિતા હોય તો તું એમનું કહ્યું નહીં સમજે. લલિ, મારા અંતર્યામીએ અત્યારે મારી બુદ્ધિ લઈ લીધી છે. તને શી રીતે હું સમજાવું કે તારો સત્ય કદીય સૂર્યા જેવી છોકરીનો ન થઈ શકે. મને ભાભીએ, માએ, સ્વજનોએ છેતર્યો છે. લલિ, સૂર્યાએ મારી સામે પ્રેમનું છલ કર્યું છે. પ્રેમનું છલ ! તું કલ્પી શકે છે એ ? હમણાં મને અહેમદે બધી વાત કરી. લલિતા, તું સૂર્યાની વાતને સાંભળે તો તને પણ ચીતરી ચડે. એ મને એનો પતિ બનાવીને એનો માર્ગ સરલ કરવા માગે છે. નહીં તો આ લગ્ન આટલું વહેલું કેમ કરે ? તું કેમ ચૂપ છે ? તને ખબર નથી; સત્ય મૂંઝાઈ ગયો છે? મારો અહેમદ કદી અસત્ય ન બોલે. મેં લગ્નની વાત મોડી ઠેલવા કહ્યું ત્યારે ભાભીએ ઝઘડો કર્યો. એણે મને બધાના દેખતાં શું કહ્યું ખબર છે તને ? મને કહે છે, સૂર્યાને તમે પરણ્યા પહેલાં પત્ની તરીકે રાખી છે. લલિ, આ માણસો જોયાં તેં ! તારા સત્યને કેવો ચરિત્રહીન સાબિત કરવા બેઠાં છે તે ? સૂર્યાના વર્તનને સમજવાની સમજ મને કાલે–આજે જ આવી. મને એ પ્રેમ કરવા કેટલી તલપાપડ થઈ રહી હતી ? ને હું પણ...મેં પણ... તેથી શું એમ કહી શકાય કે મેં એને પત્ની તરીકે ભોગવી ? રાક્ષસો છે બધાં. ચાહવું એ કંઈ ગુનો છે ? મેં ક્યારે કોઈનો તિરસ્કાર કર્યો ? લલિતા તું ક્રૂર ન થઈશ, બોલ કંઈક તો બોલ ! સૂર્યાને મેં પ્રેમ કર્યો હતો પણ મારો ભગવાન જાણે છે કે લલિનો સત્ય અને સૂર્યાનો સત્ય ભિન્ન છે, સાવ જુદા છે. સૂર્યા આગળ મેં મારો મનોભાર હળવો કર્યો હતો, એ વર્તનને પ્રેમ કહેવાય? તને હું ચાહું છું એવો જીવતો પ્રેમ કહેવાય એવું હું નથી માનતો, ક્યારેય નથી માનતો. પણ એમ કરવામાં મારી નબળાઈ અવશ્ય છે, અને એ નબળાઈનો જ આ રાક્ષસોએ લાભ લીધો છે. અહેમદ મને બેત્રણ વખત કહેતો હતો તું મને મળ. મારે તને ખાસ વાત કહેવી છે. એની ખાસ વાત પણ કેટલી મોડી પડી, મારો હિતેચ્છુ....શું કરું ? પણ ઓ મૂંગી, મેં નક્કી કર્યું છે, તને હું મારા ઘરમાં લઈ જઈશ. તને મારા શ્વાસોશ્વાસ અર્પીશ. પણ તું ચૂપ છે એ હું સહન નથી કરી શકતો. તું ધાર કે મારી જગ્યાએ તું જ હોય તો તું શું માર્ગ કાઢે ? અહેમદ તો કંઈ બોલ્યો નહીં. મને કહે : તું મારા કરતાં એકબે ચોપડી વધારે ભણ્યો છે. મા કહે છે અમને દુઃખી ન કરીશ, માબાપ મને દુઃખી કરી શકે, નહીં ? મને સમજાતું નથી માને સૂર્યાએ શું ખવડાવ્યું છે! એણે જ મને, સૂર્યા વળગાળવા આ પેંતરો રચ્યો છે, ભાભીએ ઝઘડો કર્યો એટલે જ મને તો ખબર પડી. અને પેલો રતિલાલ ? લલિ, તું જ કહે કોઈના વ્યભિચારને હું શા માટે આશ્રય આપું? હું ઓછો ધર્મરાજ છું ? મેં તો કહી દીધું એવી છોકરીને હું નહીં સ્વીકારું. મારી સામે છલ કરીને આવે તો તો કદીય નહીં સ્વીકારું. તું નાલાયક બોલતી કેમ નથી ? લુચ્ચી....’

સત્યનો ક્રોધ ખંડ બહાર જતો હતો. એને હવે કશી મર્યાદા રહી નહોતી.

‘તારી ચૂપકીદી પણ આ દુષ્ટ જમાતને ટેકો આપે છે, ખરું ને ? મને લાગે છે મારી પરિસ્થિતિથી તું વાકેફ થઈને હવે તું પણ એનો લાભ લેવા માગે છે. પણ યાદ રાખ, તારે પસ્તાવું પડશે. તને કહી રાખું છું, મને દુઃખ થાય એવું તારું પગલું–વર્તન હું નહીં ચલાવી લઉં. તને હું બાંધીને મારા ઘરમાં લઈ જઈશ. તારે આવવું જ પડશે. તારે મારું કહેવું માનવું પડશે. તને એ પણ કહી રાખું કે હું આ કપટી લોકોની જાળમાં ફસાવા નથી માગતો. સૂર્યા મારી પત્ની હવે નહીં થઈ શકે ! એને એવો અધિકાર હોય પણ નહીં. તું ચૂપ કેમ છે ?’

લલિતા માત્ર ‘હું કમનસીબ છું’ એટલું જ બોલી. પ્રાયસમ સળગાવેલો હતો તે બંધ કરી દીધો. બારણા આગળ મંજુ આવીને ઊભી હતી.

‘કેમ આવી તું અહીં ? તને એ લોકોએ મોકલી ખરું ને ?’

સત્યે મંજુને છાછિયું કર્યું. નાનકડી બાળકી ફફડી ગઈ. ‘હોવે’ કહીને પાછી ખસી ગઈ.

સત્ય પણ એની પાછળ પાછળ લલિતાને કંઈ કહ્યા વગર ગયો.

એને તો હવે લલિતા પર પણ શક જતો હતો, માનું કહ્યું એ માની ગઈ હશે. નહીં તો એ પોતાના દુઃખને હળવું કરવામાં સાથ આપ્યા વગર ન રહે. આંગણામાં ખાટલા ઉપર વડીઓ સુકાતી હતી. એમાં બકરી મોં નાખવા જતી હતી.

‘રમતી.’ સત્યે બૂમ પાડી.

બકરી દોડતી દોડતી સત્ય સામે આવી. સત્યને વડીઓનો ખાટલો ઊભો કરી નાખવાનું મન થયું.

*

લલિતા એકલી પડી. બારણા આગળથી નિશાળનું રખોપું કરનાર માથે લૂગડું વીંટાળતો સરકી ગયો. ઊંડેથી ભયજનક આકૃતિ એની નજર આગળ તરવરી ને છાતીની ભીરુ સસલીઓ ક્યાંક નાસી જવા ઊછળી. આ ફાટેલું પહેરણ પહેરેલો પુરુષ પણ... થાંભલાનો ટેકો લઈને પોતાના બારણા આગળ બીડી ફૂંકતો હતો.

‘તમે આ નિશાળના રખેવાળ છો ને ? હેડમાસ્તર કહેતા હતા તમે બીડી ખૂબ પીઓ છો.’

એના મોં પર આનંદ પથરાઈ ગયો. આવી ભણેલી ગણેલી સ્ત્રી પોતાને બોલાવે એમાં એને એક પ્રકારનો આનંદ આવ્યો.

‘હોવ બોંન, બીડી વના અમારા લોકોને એક પલેય ના ચાલે. વચમાં તો વનમારીની

માનેય આ વેસન ચડી ગએલું. તે બોંન ઓ ચડયું ઓ ચડયું કે હું પીપીને ઠૂંઠાં નાખી દૌ એનેય એ અવરથા ના જવા દે. ને મારો પિત્તો ગયો કે છોડવું પડયું, બીજું તો મને કંઈ નહીં પણ મણી રડે એનેય ના લે એવું તે એવું વેસન એનું.'

પછી ધીમેથી કહે :

'તમે બોંન વનમારીને પૂરીઓ આલેલી તે ચાખી'તી હાંકે, બર્યું. એનો સ્વાદ હજીય દાઢમાં રહી ગયો છે.'

પાછું એને કંઈ સાંભળી આવ્યું હોય એમ, 'બેહો ત્યારે મારે જરા મધ ઉતારવા જવું છે. ગૈ કાલ આખી ઝાડી રખડયો ત્યારે કળશો હાથ આયું. એમાંથી આઠશેર બાજરી આઈ. એમાં તો બોંન શું થાય ? આજ લાટ તરફ જવું છે. એક લેંમડો ભાળમાં છે.'

ભલુ ઊભો થયો.

'તમને ખોટું ન લાગે તો એક વાત કહું, ભાઈ ?'

'ખોટું શેનું લાગે અમને ?'

'આ તમે માથે કપડું વીંટાળ્યું છે, એ મને નથી ગમતું.'

'આ હીહીહી...હીહી.' કરતો ભલું હસી પડયો.

'હું તો બર્યું હેરત પામી ગયો. બીડી તો જાણે હમજ્યા કે ધૂણીની ગંધ ના ગમે પણ—' પાછો હસી પડયો.

'પણ બોંન મારી હોનડી મને યાદ આવે છે. એને હું ખભે લાકડી મેલું એ ના ગમે. એની માને એક દા'ડો મેથીપાક ચખાડયો'તો એટલે જ મારી બેટીને લાકડી નહોતી ગમતી. કાલે જ એની હાહરીમાં જતો આયો'તો. મધ વેચવા ગયો'તો તે વચમાં વિચાર આયો કે લાવ ત્યારે આંટો મારી આવું ને રૂપિયો બુપિયો આલતો આવું. બેહો ત્યારે.' કહીને એ ચાલવા માંડયો. લલિતાએ જોયું તો માથાનું લૂગડું એણે કેડે વીટાળ્યું હતું. એને હસવું આવ્યું ને કાને ઢોલ સંભળાયું.

# 18

બીજે દિવસે ભલું બીડી સળગાવીને રોજની પેઠે થાંભલાને ટેકે બેઠો. એનું પડેલું મોં જોઈને લલિતાને દયા આવી. આ બિચારા પર શો દુઃખનો પહાડ તૂટી પડયો હશે. એટલામાં ભલુએ વાત શરૂ કરી. હું કાલે આખું ઉમરેઠ રખડયો, પણ કોઈએ મધ લીધું નહીં. એક જાડી રાંડે બોલાવ્યો. માંડ માંડ જીવ આવ્યો તો કે આ તો ગોળની ચાહણી છે. એક ચહમાંવારો છોકરો–આપણા તલાટી જેવો – કહે તારું મધ તો ડાલડા છે. હે બોંન છે કંઈ ડાલડા ? હું બાપગોતરમાં ભેગ કરું એવું તમને લાગે છે ? એ આંધળાને સસતામાં મધ પડાવવું'તું એટલે જ મધમાં વચકા પાડતો'તો. મને એવોય કે' બે અને અધેલીમાં રેડતો જા, આલવું હોય તો. અપાય કંઈ એટલામાં ? દોઢશેર જેટલું છે. મારો તો જીવ કપાઈ ગયો. ધાર્યું હોય શું અને મળે શું ? એ અન્યા કહેવાય હોં. હજુય બે અને અધેલીમાં તો ના નાંખી દેવાય. વનમારીની માએ રાતે કળશી કકળાટ કર્યો.

'ભલુભાઈ, મધ લેવામાં પાપ ન થાય ?'

'તમને શેનું પાપ ?'

'ના તમને કહું છું. ઝાડ પરથી લેવામાં પાપ ન થાય ?'

'મુદ્દલે નહીં. મારા હાથથી એકેય માંખને અજા ન આવ્વા દઉં હા. એવું પાપનું મધ હું તમ જેવાં હારાં લોકોને ન ખવડાઉં હોંકે.'

લલિતા સમજી ગઈ મધ વેચવાની એને ગરજ છે. ઘરમાં દાણો ખૂટયો હશે, નહીં તો એની વહુ ઝઘડે શેની ? પણ એ બોલી નહીં. ભલું બોલતો હતો :

'એય નિરાંતે બીડી હરગાવું. ઝાડ પર ચડું. ધુમાડીથી માખો ખસે તો ઠીક નૈ તો પછી ધેંમે રહી એમની રાણીને પકડું.' પછી ભલું લલિતા પાસે ખસ્યો.

'છે ને બોંન, એમનેય લીલી રાંણી હોય છે. એને હાચવીને ચપટીમાં ઝાલી લઉં, અજો ના આવે એમ અને હાથ ઊંચો રાખું. બધીય માંખો મારા હાથ પર બેહી જાય મારી બેટી. પછી ઢેંચણમાં કળશો દબાવતોક બીજે હાથે પુડો નેંચોવી લઉં, તોડીય લઉં. પછી કામ પતે એટલે પેલી રાંણીને મેલી દઉં. તે બધીય એની પાછળ છૂટે પછી. પણ છેને

બોંન એક વખત તાલ થયેલો. માખો વચ્ચે રાણી બેઠેલી. જેવો એને ઝાલવા જઉં, એવોજ ત્યાં એની પાંહે એનો નર બેઠેલો. ને લલિતાબોંન મધ લીધા વના એમને એમ ઠાલોમાલો ઊતરી પડેલો તે દન. હાચું કહું ? પુરુષ અને અસ્રીને છૂટાં પાડવામાં જેટલું પાપ એટલું પાપ બીજા કશામાં નથી.'

ને એ કેવારની નજીક ભીની માટીમાં સળેખડીઓથી ઘર બનાવતા વનમારીને જોઈ રહ્યો.

'ભલુભાઈ, મને એ આપી દો. હું તમને ચાર રૂપિયા આપીશ.'

'મેલડીના ?' કહેતોક હર્ષથી એ ઊભો થઈ ગયો અને પાસે રમતા વનમારીને હુકમ છોડયો :

'વનમારી, જા જોય તલાટીને ઘેર તારી મા દળવા ગઈ છે, એને ઘડી વાર બોલાઈ આય. જા હડી કાઢ.' લલિતાને સમજાયું નહીં. ભલુ એની પત્નીને કેમ બોલાવતો હશે.

'તલાટી ઉધારે દાંણા નથી આપતા બોંન. શું થાય ?' ને એ મધ લેવા છાપરીમાં ગયો. સામેથી સત્ય આવ્યો.

'લલિ, હું રાત્રે અહીં આવીશ. તારે મારી સાથે આવવાનું છે.' ને લલિતાના ઉત્તરની પરવા કર્યા વગર આવ્યો એવો તરત પાછો ચાલ્યો ગયો.

ભલુ થોડી વાર પછી હાથમાં મધનો શીશો લઈને આવ્યો.

'લોં બોંન આ—'

લલિતાએ એને ચાર રૂપિયા આપ્યા.

'તમારે ઘેર મૂકો એને હમણાં. મારે જોગશે ત્યારે માગીશ.'

લલિતાને અત્યારે દિવસનો તેજસ્વી અંધકાર ખંડમાં પ્રવેશીને ચારેકોરથી દબાવતો લાગ્યો. મનના સ્વાસ્થ્યને નિર્ણય દઢ કરીને જાળવી લીધું. બારણું બંધ કરવા તે પાછી વળી પણ તેમ કરવાનું મન ચાલ્યું નહિ.

'એમનો ગુસ્સો ભારે છે.'

સત્ય આવીને કેટલું બધું બોલી ગયો હતો. લગ્નની વાતને તે વાગોળવા મંડી. સત્ય કરેય શું ? પણ પાછી સ્વસ્થ થઈ. કેમ કરે શું ? સૂર્યા સાથેના હૃદયગત સંબંધની વાત પોતાનાથી કેમ છુપાવી ? પણ એણે છુપાવી છે જ ક્યાં ? તે ગમે તે હો. ને લલિતાએ બારણું બંધ કરી લીધું.

કેટલી રાત ગઈ. લલિતાને ઊંઘ ન આવી. ઓચિંતો પગરવ સંભળાયો. મક્કમતા સચેત થઈ. નિર્ણય દઢમૂલ બન્યો. પરવશતા કંપવા મંડી.

'હું નહીં આવું.'

બારણું ન ખોલ્યું. અંદર રહ્યે રહ્યે એણે ઉત્તર આપ્યો.

'હું સ્રી છું. મારાથી ભાગી ન જવાય.'

'...... ......'

'તમે ગમે તેટલો ક્રોધ કરો. હું કંઈ તમારી દાસી નથી. અને એટલું સમજી લો, મારા પર ક્રોધ કરવાનો તમને કોઈ અધિકાર નથી. હું વિધવા છું. તમને ભાન નથી, તમારે શરીરે પીઠી ચોળેલી છે એનું.'

'...... ......'

'હા, ચોળેલી જ છે.'

'તનેય આમ ક્યાં પીઠી ચડી નહોતી. ને તોય હું—'

બહારથી બુદ્ધિહીન અવાજ ક્રોધનો પરિવેશ ધારી આવ્યો ને અંદરથી પણ એવો જ સણસણતો ઉત્તર :

'તો પછી ચાલ્યા જાવ, કેમ આવ્યા છો અહીં ? એક નિરાધાર વિધવાને પણ બીજાની જેમ આબરૂ જેવું હોય છે. અને યાદ રાખો, સ્રીના હૃદયમાં કઈ થોકબંધ પુરુષ સંઘરાતા નથી. ચાલ્યા જાવ, ચારિત્રહીન, ચાલ્યા જાવ બેશરમ, મારી પરિસ્થતિને સમજી લઈને કૂતરાની જેમ....' જોસથી બારણું ખખડયું.

ને તે બારણા આગળ ફસડાઈ પડી.

સત્યે આવું માન્યું નહોતું. એ ત્યાં ક્ષણવાર પણ ન ઊભો રહ્યો. બારણાને એણે જોસથી લાત મારી હતી એનો પણ તેને ખ્યાલ ન રહ્યો. રાતે જાગી ગયેલો ભલું તો આ જોઈને દંગ થઈ ગયો. બારણું ખુલ્લું હોત તો 'સતિ ભૈ' લલિતાને મારી બેસત. છાપરી પાછળ આવીને ભલું ખાટલામાં બેસી આવ્યો પણ એના કાન તો નિશાળના ખંડમાં જ મંડાયા હતા. એને તો વનમારીની માનેય જગાડવાનું મન થયું ને કહેવાનું પણ કે 'જો, રાંડ માયા તો આનું નામ. કરે છે ને ડહક ડહક બચારી.' પણ એ તો એની મેળે તારાઓ જોતો, સાંભળતો પડયો રહ્યો.

# 19

મંગલફેરા વખતે કાશીએ સાળીપણું દાખવ્યું. બીજા ફેરે બાએ સત્યને વીંટી દાનમાં આપી હતી તે એને મોટી પડી હતી. મંગલફેરા હજી પત્યા નહોતા. જેવો સત્ય ઊંભો રહ્યો એવી જ કાશીએ પેલી વીંટીને ચાલાકીથી સેરવી લીધી અને દિયરને બનેવીને સ્ટીલની વીંટી પહેરાવી દીધી.

કલવા વખતે ઓસરીમાં સ્ત્રીઓ ગાતી હતી :

'કાચો પાપડ ઘીમાં તળીઓ તોયે પાપડ કાચો રે.'

ત્યારે જ એને ભાન થયું કે પોતે હવે સૂર્યાનો પતિ બની ગયો છે. આ બધું સ્વપ્નવત્ બની ગયું.

બધું પતી ગયું. થાળે પડી ગયું. ના, થાળે પડી જશે એમ માનીને બધાંયે પતાવી દીધું.

ત્રીજે દિવસે રમેશે મોટાભાઈને ખુશ કરવાનો મિથ્યા પ્રયત્ન છોડી દીધો. એણે બાપુજીને વાતવાતમાં સંભળાવી પણ દીધું :

'માણસના મન સાથે ખેલ ના ખેલાય. એમને ગમે એવું કરવું હતું ને !'

રમેશ પત્નીને લઈને પાછો નડિયાદ ચાલ્યો ગયો.

મામા ગયા, ફોઈ ગયાં.

ચોથે દિવસે કંઈક ખાધું પણ બોલ્યો નહીં. એના મુનીવરતને ગાળો દેતાં સૂર્યાવહુ પણ પિયર ચાલ્યાં ગયાં. પાંચમે દિવસે અષાઢસ્ય પ્રથમ દિવસે ઘેરાયાં હતાં એવાં અરે, એથીય વધારે વાદળ ઘેરાયાં. તે દિવસે યક્ષની અલકા નગરી આજના જેટલી દૂર નહોતી. તોય આજે વાદળ વધારે ઘેરાયાં. સત્ય ઊઠતો બેસતો – કંઈક ખાતો – ઘરમાં જતો આવતો પણ પાંચ દિવસ પહેલાં હતો એવો નહીં, લલિતાના હૃદયઆકાશમાં વીંઝાતી વીજળીઓ જેવો આમતેમ અટવાતો હતો.

હળલાકડાં રઘવાયાં થઈને સીમ ભણી છૂટી પડયાં હતાં. ઈશાનિયા પવનો સાથે

આમડવા બાવડાંનું બળ બતાવીને વર્ષભરની પતરાળી કમાઈ લેવાનો આ સમય હતો.

વૃદ્ધે હોકાની તબલથી છૂટાછેડા લીધા હતા, ડોશીએ છીંકણીની દાબડીને સાલ્લાના છેડે બાંધી હતી. છોકરે ખિસ્સામાં સેકેલા ચણા-ગોળ અને રોટલાના કટકા ભર્યા હતા. વહુ વૃક્ષ નીચે તાપણીના અગ્નિને સજીવન રાખવાનો પ્રયાસ કરતી હતી. તરફેણો નવવધૂની આંગળીઓ જેવી ખેતરમાં ફરવા લાગી. ત્યારે આ નવપીઠો જુવાન મોં પર અષાડી વાદળને ચોપડીને ભીની માટીની સોઢમને પકડવા આમતેમ વંધ્ય દૃષ્ટિને વીંઝતો હતો.

એક સાંજે માએ એને ઢંઢોળ્યો :

'બેટા, તારી આ વેંટી તો પહેરી લે. આંગળીએ નતી આવતી તે એ લોકો એ બદલી આલી છે. ને ભઈ, આ લોઢાની વેંટી કાઢી નાખ્ય.'

પુત્રે કંઈ ઉત્તર આપ્યો નહીં એટલે તે પાછી કાલાવાલા કરવા લાગી :

'ભઈ, નહણક તને આ શું થયું છે ? પેલી એના પિયેરિયાંને આ કહેશે તો તારું – આપણું ભૂંડુ દેખાશે. બેટા તને ભૂખેય નથી લાગી ? થોડીક ખીચડી વઘારેલી છે. ખૈશ ? તારી બકરીએ પણ આજ તો ધમાલ કરી મેલી છે, પાંણી પીવા મેલ્યું તેમાંય મોઢું ના નાંખ્યું. પાંચ છ દહાડાથી કાનજી મેલી ગયો છે પણ એય મૂઈ નેંગર નેંગર કરે છે. તું બેટા થોડુંક ખા. સૂર્યા કેટલું બધું રડીને ગઈ ! મને પગે પડીને કરગરી પડી બચારી કે હું તમારા છોકરાને મારા હૃદયમાં રાખીને જઉં છું. બચારી....'

સત્ય ત્યાંથી ઊઠી ગયો.

વાડામાંથી જ્યારે એ પસાર થયો ત્યારે રમતીએ ખીલેથી છૂટવા કૂદાકૂદ કરવા માંડી. સત્યને નવદશ દિવસથી એણે દીઠો નહોતો, એની પૂંછડીને સત્યે ખીજવવા ખેંચી નહોતી, એના વાળમાં સત્યનો હાથ ફર્યો નહોતો, સત્યને પગે લાડથી પોતે ગોથું માર્યું નહોતું. પરંતુ આ તો હૃદયહીનની જેમ ચાલ્યો ગયો. રમતીના અવાજનો કશો પ્રતિ ઉત્તર ન મળ્યો. રમતી, એ ગયો એ તરફ ખિન્ન મનુષ્યની જેમ જોઈ રહી. તે ખડકી ભણી એને વળી જતો જોઈને પાછા આંચકા મારવા શરૂ કર્યા.

બારમાસી આંબા નીચે સડકના માઈલસ્ટોન પર જઈને એ બેઠો. નજીક વાડમાંથી સૂકા થોર ખેંચી કાઢતો રમતુડો કોળી ગાતો હતો :

'જેંણી જેંણી મોરલીઓ વાગે છે

મારી આંખે ચોમાહું જાગે છે.

ઓ રમતુડા! સેંહો દારૂ પીવાનો વખત અવે આયો છે !'

સત્યે નિશાળ તરફ દૃષ્ટિ કરી. ક્યાંય સુધી આમ ને આમ તે બેસી રહેત પણ કોઈ એની પીઠ પસવારતું લાગ્યું. એ બેઠો થઈ ગયો.

રમતી !

શરીરનું બધુંયબળ એણે મુક્કીમાં એકત્ર કર્યું. રમતી પોતાની પ્રાણીસહજ લાગણીને વ્યક્ત કરે તે પહેલાં જ એ બેંએ...બેંએ...કરતી નીચે પડી. એની મરણતોલ તમ્મર નિઃસહાય અવાજમાં ઘુમરાતી ઘુમરાતી નિઃસીમ આકાશની અષાઢી ઘેરાશને અડકતી ડચકતી સત્યની નિર્જલ આંખોમાં સોય જેવી ભોંકાઈ ગઈ. થોડી વાર સુધી ઘુઘરીઓની હૃદય-દ્રાવક ચીસ આઘીપાછી થઈને પછી તો ક્ષિતિજો ઓળંગી ચૂકેલા એના બેઉ ડોળામાં રહી ગઈ માત્ર અચેતન રિક્તતા ! સુકા થોરિયાને રસ્તા પર નાખતોક રમતુડો દોડી આવ્યો. અને બકરીના પગથી ફેંકાયેલી ભીની માટીની નાનકડી પાળ જોઈ રહેલા સત્યને એણે હચમચાવ્યો.

‘સતિ ભઈ, આ બચ્ચારીને તમે–આ શું કર્યું ?’

‘જા અહીંથી કોળા.’

ને સત્ય રમતીના શરીર પાસે ઢગલાઈ ગયો.

પવનના સુસવાટાથી નિશાળની ખુલ્લી રહી ગયેલી બારીની ઉઘાડવાસ માત્ર શ્રુતિગોચર થતી હતી. બાકીનું બધુંય સત્યની આંખો નીચે ડુમાતા જીવમાં–છાતીના એક ઓરડામાં ભરાઈ બેઠું હતું–બહાર નીકળવાને બહાને.

# 20

પંદર દિવસ પછી સૂર્યા આવી. ભાઈ તો એના એ જ હતા. રમતીવાળા બનાવ પછી તો એ કોઈ કંઈ પૂછતું તેનોય ઉત્તર આપતો નહીં. જમીને સીધો ખેતર ભણી રવાના થઈ જતો. સૂર્યા જો અંદરના ઓરડામાં હોય તો તે બહારના ખંડમાં બેસતો. એ બહાર આવે તો સત્ય ખેતરની વાટ પકડતો. માને ગંધ આવી ગઈ જ હતી. તે ઘણીવાર ધૂંધવાતી પણ એ તે શું કરી શકે એ સિવાય.

એના બાપુજી આજે દાતરડાં કકરાવવા ગયા હતા. મા એકલી હતી. અચાનક સત્યને પેન સાંભરી. એણે મા પાસે માગણી કરી.

'હશે, જોને કબાટમાં. તે દિવસે તેં તારા બાપુને નહોતી આપી ?' કબાટ ફેંદયું. પેન તો ન મળી પણ ચાંલ્લાની નોટ મળી.

કુતૂહલવશ પોતાને કેટલો ચાંલ્લો મળ્યો છે, એ જોવાનું સત્યને મન થયું. આ લોકોએ...ને એણે ચાંલ્લાની રકમ જોતાં જોતાં એમાંથી એક કાગળ એને મળી આવ્યો. લલિતાના અક્ષરવાળો કાગળ અહીં ક્યાંથી ? તેણે વાંચ્યો. 'તમે મારા પર ખોટો – સાવ ખોટો આક્ષેપ કરો છો. હું તમારા ગામના કોઈ પણ મનુષ્યને ઓળખતી નથી. મારે કોઈ પુરુષ જોડે ઓળખવા જેવો સંબંધ નથી. હું તો માત્ર શિક્ષિકા છું એટલે મારા વિદ્યાર્થીઓને જ ઓળખું છું. નિશાળના કર્મચારીઓને જ ઓળખું છું. સત્યનું નામ મેં તમારે મોંએ જ અહીં સાંભળ્યું. એ પણ એમના લગ્નમાં તમે મને આમંત્રણ આપવા આવ્યાં એટલે, બાકી મારે–અમારે એવો કશો અજણતો કહી શકાય એવો પણ સંબંધ નથી. મેં એમને ક્યાંય જોયા નથી. એય મને ઓળખતા નથી.'

'ઓળખું છું.'

એણે કાગળ માને બતાવ્યો.

'આને હું ઓળખું છું. તમે મારા પર શત્રુનું કામ કર્યું છે. એને તમે ફસાવી છે. એણે તમારું શું બગાડયું છે ?'

'આ છલ છે; તમારું રાક્ષસી છલ.' કહીને નાના બાળકની જેમ રડી પડયો, સૂર્યા ત્યાં ઊભી હતી તે ખસી ગઈ. માએ કશો પ્રત્યુત્તર ન આપ્યો. એટલે ખાધાપીધા વગર તે ખેતરમાં જતો રહ્યો.

લીલીછમ સીમ પર સત્યને ચીડ ચડી. પગની ઠેસ મારીને એને ફેંકી-ઉશેટી દેવાનું મન થયું. પોતાની ચોતરફ અગ્નિના છોડવા ઊગી નીકળતા હોય એવું એને લાગ્યું.

'લલિનું એમણે મારા માટે શસ્ત્ર બનાવ્યું છે.'

ઠચૂક ઠચૂક ઠચૂક

હિસ્સોય ઠચ. હિસ્સોય ઠચ.

નારણ આંબા પર ચડયો હતો. રસ્તા પરની ડાળી કાપતો હતો. સત્યે નારણને બૂમ પાડી. પણ નારણ તો અત્યારે હિસ્સોય હિસ્સોય કરવામાંથી જ ક્યાં ઊંચો આવે એમ હતો. સત્ય ઊઠયો. ગયો. એણે જોયું તો સામે છેડેથી અહીં આવતાં આવતાંમાં તો રસ્તા પરની ડાળી લગભગ લબડી ગઈ હતી.

'એય લુચ્ચા, તને આ ડાળી કાપવાનું કોણે કહ્યું ? કેમ કાપી નાખી તેં ? તને એ કાપવાનો શો અધિકાર છે ? તું અત્યારે બીજી ડાળ ફૂટાડી શકે એમ છે ? તું નીચે ઊતર, કહું છું. મારી સામે ડહાપણ ના કરતો, લબાડ.'

ડાળીને બદલે નારણ જ નીચે કપાઈ પડશે એમ તે થરથરવા લાગ્યો.

સત્યનો ક્રોધ વિચિત્ર છે. ઉપર રહ્યે રહ્યે જ ધ્રૂજતો ધ્રૂજતો તે કરગર્યો.

'ભૈશાબ, મને તો બાપુજીએ કહ્યું'તું, મારો કશો ગુનો નથી.'

'તું લબાડ, નીચે મર. એ કંઈ આંબાના બાપ છે, તે તને આવો હુકમ કરે ?'

'પણ...પણ...સતિભૈ રસ્તા પર હતી...તમારી ડાળ...ભૈશાબ...રસ્તા પર...એટલે વૈશંકર છોકરાં કેરીઓ તોડી જતેલાં.' ઊતરતાં ઊતરતાં એણે લોચા વાળવા માંડયા.

'શટ અપ.'

'નૈ બોલું, ભૈશાબ. પણ તમે ક્યાં નથી જાણતા બાપુજીનો રૂવાબ.

એ કહે એટલે...'

લમણું તમતમી ગયું. એના પર હાથ ફેરવતો જતો રહ્યો. નારણ કુહાડી પણ લેવા ન રહ્યો.

ઘેર જતી વખતે સત્યે જોયું કે રસ્તો આખો કુરૂપ લાગતો હતો. આંબાની ડાળથી તે ભર્યો લાગતો હતો. શોભતો તો એવો હતો કે જાણે રસ્તો મનુષ્યની જેમ બોલશે એવો, ખેતરનો શેઢો પૂરો થાય ત્યાંથી એ પણ ગમી જાય એવો વળાંક લેતો હતો. નારણ છેટે

જઈને ઊભો હતો એટલામાં સામે શેઢે ચરતા બળદ પર ગોરિયો (બળદ) ઠેક્યો અને એના સીસોટાથી ખેતરનાં બધાંય પંખી ધ્રૂજી ઊઠ્યાં. નારણ એને પકડી શકવાની હિંમત ન કરી શક્યો. ઘેર આવ્યો ત્યારે સત્ય તાવને લઈને આવ્યો હતો. એ રાત્રે સૂર્યાએ એને માથે હાથ મૂક્યો, માથું દબાવવાનો યત્ન કર્યો; પરંતુ સત્ય જાણતો નહોતો એ હાથ સૂર્યાનો છે....અંધકાર પ્રપંચી તંદ્રામય સ્થિતિમાં સત્યે લલિતાને પાસે બોલાવી ત્યારે જોસથી એના માથા પર ફટકો લગાવીને તેની લલિતા દૂર અંધકારમાં ભળી ગઈ હતી. સૂર્યાના તિરસ્કારને હવે સીમા નહોતી રહી.

તાવ ગયો. બે દિવસ સત્યને રિબાવીને પાછો જતો રહ્યો. એને ઊંડે ઊંડે ભયનો છોડ ઊગતો હોય એવું લાગ્યું. ડૉક્ટર પટેલની સલાહ યાદ આવી. તેલનું તળેલું બહુ ખાવું નહીં. સ્પર્શને શત્રુ માનવો. 'માનીએ જ છીએ ને, પણ સ્વપ્ન શત્રુ બની બેઠું છે એનું શું ?' એણે પાછું સૂર્યાનું શરીર જોયું. તિરસ્કાર, ધિક્કાર અને ક્રોધથી તે લાલચોળ થઈ ગયો. સૂર્યાને જોવામાં એને જોઈને અહેમદની વાત સાંભરી આવતી. એ મૂર્ખ પાછો ક્ષમા આપવાનું શીખવાડે છે. હશે, ભૂલ તો બધાયથી થાય, મનુષ્ય નહીં કરે તો ઈશ્વર ભૂલ કરશે ? હશે. હશે હશે શું વળી ? સત્યે દાંત ભીડયા. ચાર દિવસ પહેલાં એક રાતે એના પેટમાં લાત મારવાનું મન થઈ આવેલું. પણ કોણ જાણે કેમ લલિતા યાદ આવતાં એને અંધારામાં બોચી પકડીને બેત્રણ ઘુમ્મા લગાવી દીધેલાં. સત્યને તે દિવસે સાંજે ખેતરમાં સૂર્યાને તમાચો લગાવી દીધો હતો તે પ્રસંગ યાદ આવ્યો. વિચારમાં ને વિચારમાં પોતે તળાવ તરફ જઈ પહોંચ્યો હતો એનુંય ભાન ન રહ્યું.

વડ નીચે શ્વાન તરફ જોઈને ઓવારા પરની સ્રીઓ પરસ્પર સમજી શકાય એવું હસતી હતી. બેત્રણ સારસ પક્ષીઓ નજીકમાં આવતા આસોનું ગીત ગાતાં હોય એમ ડોક ઉલાપી નિર્જન પાળ પર દોડયાં ગયાં. એક યુવતીનો અવાજ આવ્યો, 'અલે સતિભૈ, પેલાં કૂતરાંને ઢેખલો મારોને, જાય અહીંથી નબરાં.'

બીજી બટકબોલીએ સૂર પુરાવ્યો :

'રહેવા દે ને હમણાં જ પૈણાં છે.'

સત્યને એમની જુગુપ્સક મશ્કરીથી ત્યાં બેસવાનું ન ગમ્યું. ઊઠ્યો અને થોડેક ગયો હશે – ને ઊલટી થઈ. લોહીના બેચાર લચકા જોઈને તેની નજર ધ્રૂજી ગઈ. કેટલીક વાર પછી પેઢામાં ભારે સણકો લાગ્યો – તે બેસી પડયો. મૂત્રાશયમાં સરર સરર થતું લાગ્યું અને મોડે ઘેર પહોંચ્યો ત્યાં લગી રહ્યું અને લોથ થઈને ખાટલામાં પડયો.

# 21

છેવટે કંટાળીને પ્રોફેસર મૅયોને પત્ર લખ્યો :

પૂજ્ય,

પાછો ક્ષય થઈ ગયો છે. તાવ બે અઢી માસથી આવ-જા કરે છે. ઘરનાંને ઉથલાની ઝાઝી ખબર હોય એમ નથી લાગતું. એક રીતે કહું તો મેં એ વાત છુપાવી છે. આ વખતે મેં અને રોગે નિશ્ચય કર્યો છે; ધાર્યું કરવું. મારા માટે તમે કંઈ ઓછું નથી કર્યું ! ને એટલે જ તમારો આ રીતે આભાર માનું છું. ખોટું ન લગાડશો. તમારી ઇચ્છા વિરુદ્ધ જઈને – મેં રોગને પાછો બોલાવ્યો છે, તેમાં હું મારું ભલું ઇચ્છું છું.

તમારો સત્ય.

આજે તાવ નહોતો, પણ છાતીમાં કળતર થયા કરતું હતું. મૂત્રાશયમાં પણ એ જ રંગ હતો. સત્ય પોતાના પર રોષના તાંડવ ઉતારીને પથારીમાં પડયો હતો. સૂર્યા આવી. એને આ રીતે સુનમૂન બેઠેલો જોઈ તેને બોલવાનું મન થયું.

‘તમે પેલી વાર્તા – નવલકથા લખતા હતા એનું શું થયું ?’

સત્યે એના મોં ભણી જોઈ રહ્યો. થોડી વારે ઉત્તર આપ્યો :

‘ધરપત રાખ જરી. એ જ થાય છે. તું તારી નજરે વાંચી શકીશ.’

સત્યને વાત કરતો. જોઈને એની સાથે એ બેઠી.

‘હું સમજી નહીં.’

‘સમજાશે એ તો. માને બોલાવ.’

‘એ તો તળાવે ગયાં છે.’

‘હંઅ તો એટલે જ તમે મારી પાસે આવ્યાં છો નહીં કે !’

સૂર્યાએ બહાર નજર કરી.

‘થોડી વાર થોડી વાર, તમારી જોડે બેસીને મારે પ્રાયશ્ચિત્ત કરવું છે.’

'પ્રાયશ્ચિત્ત ?' સત્ય ખડખડ હસ્યો. બેત્રણ ઉધરસ ખાધી. પછી શરૂ કર્યું : 'પ્રાયશ્ચિત્ત તો મારે કરવાનું છે, મારે.'

સૂર્યાની નજર બહાર હતી.

'સારું ત્યારે તમારી ઇચ્છા ન હોય – તમને હું બેસું એ ન ગમતું હોય તો મોટીબેનને ઘેર જઉં છું.'

સત્ય અનુત્તર રહ્યો.

સૂર્યા બહાર આવી. ખડકી તરફ દૃષ્ટિ કરી. થોડી વાર ઊભી રહી અને પછી મનહરને ઘેર જતી રહી.

સૂર્યા ગઈ એટલે સત્યે મિત્રનો એક પત્ર કાઢ્યો. સેનોટોરિયમમાં એ હતો ત્યારે એના પર મુંબઈથી એના મિત્રે લખ્યો હતો :

'શૂન્યતાના રાક્ષસને તું પંપાળ્યા કરે છે, એ મરી જાય. તું જલદીથી સાજો થઈ જાય. પણ દોસ્ત, હું તને ઓળખું છું, તું એને પણ પંપાળવાનો મોહ નહીં ત્યજે. મને તો લાગે છે મનુષ્યનો મોટામાં મોટો શત્રુ હોય તો તેની સ્વભાવગત નબળાઈ. આપણને આપણામાંની કોઈ ને કોઈ નબળાઈને વારે વારે ચૂમ્યાં જ કરવાનું મન – વ્યસન રહેતું હોય છે. કોઈ ગરીબીને બચીઓ ભરે, તો કોઈ દુરાચારી બૈરીને આખો દિવસ ધિક્કાર્યા કરે, ન મળેલી ઇચ્છાને મૂર્તિમંત કરી એને ચાટ્યા કરે, કોઈ ખૂબ પૈસાને સંભોગે, નહીં તો પછી કોઈ નબળાઈ હાથે કરી ઊભી કરે અને એને ગળે વળગાડે. તું કદાચ તારા ટી.બી.ને વ્હાલ કર્યા કરતો હશે. why do you identify yourself with your disease ? દોસ્ત, એમ કરવામાં માલ નથી. તું મારી પ્રકટ જાત કરતાં પણ વધુ વિસ્તરેલો છે. અને એ વિસ્તારને ગમ્ય કરવાને બદલે જો તું રોગની મર્યાદાઓમાં જ રહીશ તો પછી તારો જ ભગવાન તને હસશે. તારો ભગવાન તું જ. તું જ વિસ્તરીને રહ્યો છે. પણ ભઈલા, તું તારો સ્વીકાર નહીં કર તો તારો કોઈ અર્થ જ નહીં રહે. હું તો એમ કહું છું, તું તારા ભવિષ્યને મુઠ્ઠીમાં બાંધી દે. ભૂતને લાત મારીને પેસેફીક મહાસાગરમાં ઉશેટી દે, વિષમતાઓને ચાવીને થૂંકી નાખ;' અને બચુ, તારા શ્વાસ પર સત્તા મેળવ. શ્વાસોશ્વાસનો રાજા બનીને તારી ઇચ્છાને મેળવવા યત્ન કર. એય ન કર, હું તો કહું છું. એની મેળે તારી પાસે આવશે. બસ ત્યારે, હું આણંદ તરફ આવીશ, હુંય તારી પાસે આવીશ. મારે તને બચી કરવી છે.'

સત્યની આંખ ભીની થઈ ગઈ. જોયું તો પાસે લલિતા ઊભી હતી.

'કેમ આવી ?'

'રજા વગર નથી આવી. તબિયત કેમ છે ?'

'......'

'આમ જોયા શું કરો છો ? હું કંઈ તમારી દુશ્મન થોડી છું.'

‘તું જતી રહે. હું તને મારી બેસીશ.’

‘બસ ? મને તમારો ભય નથી લાગતો. પણ કહું, તમે જાણી કરીને શા માટે આમ દુ:ખી થાવ છો ? તમારે ન જીવવું હોય પણ કોઈ બીજાને તો સુખ થાય એમ રહો ને.’

‘તું ડાહી ન થા. મેં બહુ સાંભળ્યું. જતી રે’ કહું છું. વિશ્વાસઘાતી, દુષ્ટા, રાક્ષસી, નાલાયક....’

‘સત્ય મને આવું બધું ન કહેવાય. મારી સહનશક્તિ બહારનું છે આ બધું.’

‘તું જતી રે લુચ્ચી.’

એક વેધક પણ અસહાય દૃષ્ટિ ફેંકી લલિતા વીજળીની જેમ ચાલી ગઈ.

સત્ય વિવેકબુદ્ધિ ખોઈ બેઠો હતો. એણે પોતાનો આત્મઘાત કરવા જેટલો રોષ પોતા પર ઉતાર્યો હતો.

એના બાપુજીએ દવાખાનાની વાત કરી તો દુશ્મનની જેમ કતરાતી દૃષ્ટિએ એમના ભણી તાકી રહ્યો અને પછી માથાવાઢ જેવું થોડુંક બોલ્યો :

‘તમારા દવાખાનામાં જ છું. પરણાવ્યો છે ત્યારનો.’

‘મર ત્યારે’ કહીને એના બાપુજી પોતાને કામે વળ્યા. કેટલુંક કહે ત્યારે. નાનો થોડો છે

આખું અઠવાડિયું તાવમાં ગયું. સત્ય હજી બદલાયો નહોતો. એની મા ઘરગથ્થું ઔષધ કરી કરીનેય થાકી. રડયે, સમજાવ્યે કંઈ આ જિદ્દી માનવાનો નથી. સૂર્યાને તો એ સામે ઊભી પણ રહેવા ક્યાં દેતો હતો કે સેનેટોરિયમ જવાની એ વાત કરી-સમજાવી શકે. પ્રોફેસરનો ઉત્તર નહોતો. ભલુને ગઈ કાલે પત્ર આપ્યો, તેનોય જવાબ ન આવ્યો. સત્ય બે વર્ષનો મંદવાડ લઈને બેઠો હોય એમ ઉદાસીન મુખે બેઠો હતો. મંજુ દોડતી દોડતી આવી. એણે સમાચાર આપ્યાઃ

‘સતિકાકા, દિવારીબા, તમારે ઘેર કોક ભુરાભટ આવે છે.’

થોડીવારમાં તો પ્રોફેસર મૅયોની પાતળી ઊંચી દેહયષ્ટિ ઘરમાં વંકાઈ પ્રવેશી. સત્ય ‘આવો’ કહેતાં લગભગ ખાટલામાંથી ઊતરી પડયો. પ્રોફેસરના પગ આગળ પુત્રને ઢળતો જોઈ દિવાળીને યાદ આવ્યું :

‘આ તે દહાડે આવ્યા’તા.’

દિવાળીને આશા બંધાઈ, સત્ય સાધુ જેવા પુરુષનું કહ્યું માનતો હશે.

‘તેં કેટલી બેદરકારી બતાવી છે, તારા પ્રત્યે ?’ ને એમણે ખિન્નતા બતાવી માથું હલાવ્યું. ખાટલાની ધાર પર બેસી ગયા. અને સત્યની માને કહેવા મંડયા :

'તમે બેન, આ તમારા છોકરાની બિલકુલ કાળજી લીધી નથી. એને ખૂબ કામ અને જવાબદારી સોંપવી જ ન જોઈએ.'

પાછા સત્ય તરફ વળી કહે :

'અને તું ભણ્યો છે, પણ ગણ્યો નહીં. પોતાના જીવન પર ક્રૂર રહે એ ન ચાલે ભાઈ, આ જીવન તારું નથી, તારા એકલાનું જ નથી. એમ પણ આ પૃથ્વી પર તારી આસપાસ જીવીએ છીએ, એનો તો ખ્યાલ રાખવો જોઈએ. તું ઈશુને સમજી શક્યો જ નથી. બીજાના આત્માને દુ:ખી કરવાનું એ સંતે નથી શીખવ્યું કંઈ. તારી જંદિગી પર અત્યાચાર ગુજારવાનો તને મુદ્દલે અધિકાર નથી. કાપેલી ડાળને તું ચોંટાડી શકે છે ? આ તારું સ્વાસ્થ્ય....કંઈ નહીં તારે મારી સાથે અત્યારે જ સેનેટોરિયમમાં આવવાનું છે. બોલ શું કહે છે?' સૂર્યા પાણી લઈ આવી. એ પણ બોલતા બંધ થઈને તે જોઈ રહ્યા.

'આ ?' સત્ય સામે જોઈને તેમણે પ્રશ્નસૂચક દૃષ્ટિ કરી.

'એની માએ ઉત્તર આપ્યો :

'એની વહુ છે.'

પાણીનો ગ્લાસ હાથમાં લેતાં કહે :

'એમ !' પછી અમદાવાદમાં પરણ્યા પહેલાં સત્ય પોતાને મળેલો તે પ્રસંગને યાદ કર્યો.

'તમારું નામ લલિતા ને ?'

પ્રોફેસર સ્મિત કરવા જાય ત્યાં જ વિદ્યુત ઝબકારો થાય એવું બેઠેલામાં થઈ ગયું. સત્યના ઉદાસીન મોં તરફ સૂર્યાએ નજર કરી સાસુ તરફ વાળી લીધી.

'ના એનું નામ તો સૂર્યા.'

પ્રોફેસર પોતાના સંક્ષોભને ગળી ગયા. પોતે આવી ભૂલ કરી બેઠા તે બદલ સત્ય સામે જોઈ હસ્યા અને 'સૂર્યાબેન ? પણ સત્ય તું તો– કહેતો ખરો, તેં શો વિચાર કર્યો ?' પછી તેમણે દિવાળીને સલાહ આપી, 'કંઈ નહીં, બેન ઉદાસ થવાની જરૂર નથી. એને આજે જ સેનેટોરિયમમાં દાખલ કરી દઈએ.' સત્યને રડી પડતો જોઈને તે જ સાવ ઉદાસ થઈ ગયા. એના માથા પર હાથ મૂકી 'કેમ રડે છે તું ? તને ખબર છે, આપણા માથા પર એક વ્યાપક ઔષધ લહેરાય છે. એની પ્રાર્થના કર. તારામાં એનું અવતરણ થાય એવી....'

સૂર્યા ઘરમાં પેસી ગઈ હતી. પ્રોફેસર મૅયોને હજીય પેલો સંકોચ અનુભવ થયા કરતા હતો. એમણે સત્યના મોટાભાઈને માંડીને વાત સમજાવી. ખેતરમાંથી એના બાપુજીને બોલાવ્યા અને :

'જુઓ ભાઈ, જેમ બને તેમ જલદી એને સેનેટોરિયમમાં દાખલ કરી દો, નહીં તો

પસ્તાશો : ચલો, હું પણ સાથે આવું છું.’

અત્યાર સુધી હાથમાં મધનો શીશો લઈને પડાળીઆ નીચે ઊભેલો ભલુ પણ હવે તો સીસો હાથમાં લઈને પાછો જવાનો વિચાર કરતો જોઈ રહ્યો. તે છેક સત્યને ગાડામાં બેસાડયો ત્યાં લગી.

# 22

ડૉક્ટર ગોખલેએ X-Ray જોયો અને કંઈ બોલ્યા વગર ટેબલ પર મૂકી દીધો.

પ્રોફેસર મૅયો સત્યની ઓળખ આપવા ગયા—

'આ....'

'ઓળખું છું પ્રોફેસર, પહેલાં પણ એ આ સેનેટોરિયમમાં આવી ગયા હતા. મિ. પટેલે મને ઓળખાણ કરાવી હતી. પરંતુ disease પાસે તો સૌ સરખા; વ્યક્તિ ગમે તે હોય; રોગ એ રોગ છે. એઓ શરીર પ્રત્યે બેદરકાર છે. મટયા પછી પણ એ અહીં આવ્યા હતા. એ ખૂબ લાગણીશીલ છે. મેં એમને સલાહ આપી હતી. Mind well still you are patient, this is not the time of love, but the time against T.B. તે સમજ્યા નહીં. We are helpless.' પછી ડૉક્ટર સત્યના બાપુજી તરફ ફર્યા.

'જુઓ કાકા, સેનેટોરિયમમાં બે અઢી માસ રાખી જુઓ કદાચ ઑપરેશન કરાવવું પડે.'

'ઑપરેશન !' સત્યના પિતાજી ટેબલ પર બેસી ગયા.

પ્રોફેસર મૅયો સત્યને હિંમત રાખવાનું કહી સ્ટેશન જવા રવાના થઈ ગયા. ડૉક્ટર ગોખલેએ સેનેટોરિયમમાં જવા માટે સત્યના બાપુજીને ચિઠ્ઠી આપી. આણંદથી દોઢેક માઈલ દૂર લીલાં ખેતરોની વચ્ચે રૂગ્ણાલય આવ્યું હતું.

સેનેટોરિયમમાં ગાડું આવ્યું. સત્ય નીચે ઊતર્યો. વૉર્ડની બહારનો બગીચો ખાસ્સો વધી ગયો હતો. ગુલાબના છોડ પર ભરચક ફૂલ બેઠાં હતાં. એટલામાં આંબાના ઓટલા પર બેઠેલો કૂતરો ઓચિંતો આ અજાણ્યા લોકોને જોઈને ભસવા મંડયો. છેક સત્ય પાસે દોડતો આવ્યો–એ લંગડાતો હતો. સત્યની પાસે જઈ ઊભો. ભસવાનું ભૂલી જઈને સત્યના મોંની ઉદાસીનતાને જોવા મંડયો. સત્યના બાપુજી એ એને જોસથી પરોણો ઝાપટી દીધો ને એના લંગડાતા પગને સંભાળતો વાઉંઉંઉં વાઉંઉંઉં કરતો તે આંબા તરફ જતો રહ્યો. ભીની આંખને કૂતરા પરથી ઊંચકી લઈ સત્ય સામેના પીળચટા ડાંગરનાં ખેતરોના વિસ્તારને જોઈ રહ્યો.

સત્યની દૃષ્ટિ હવે થાકી ગઈ હતી. આંબા નીચેના ઓટલા પર જઈ બેઠેલા પેલા લંગડા શ્વાન સુધી જ તેની નજર પહોંચતી હતી. પીળચટી ભૂમિના વિસ્તારને જોવામાં હવે એને રસ રહ્યો નહોતો. એને હવે ક્યાં કોઈ વાર્તાનું પાત્ર શોધવું હતું. કૂતરો હજીય પોતા તરફ કશીક પરિચયતાથી નિહાળી રહ્યો હતો.

'હેંડ ભઈ, ક્યાં લગી અહીં ઊભો રૈશ ?'

*

સત્ય પલંગ પર સૂતો. એને ફરી વાર આવેલો જાણી દર્દીઓ એનું નામઠામ પૂછતા ચોતરફ વીંટળાઈ વળ્યા. નર્સ ઈંજેક્શન તૈયાર કરીને આવી. એણે વહાલભર્યો પરિચય તાજો કર્યો.

'આટલા દિવસ ધ્યાન ન આપ્યું તેં ? તું કંઈ બીજા દર્દીઓ જેવો અભણ નથી.'

નર્સની નજરમાંથી, મોંમાંથી સંજીવની વાણી નીતરતી જોઈને સત્યને જીવવાનું મન થઈ આવ્યું.

'ડૉક્ટર પટેલ ક્યાં છે, બેન ?'

'બરોડા, પણ તું હવે બહુ બોલ બોલ ન કરતો.'

સત્ય આંખો મીંચી પડયો રહ્યો...થોડી વાર પછી એને થયું બાપુજી પોતાને આમ આંખો મીંચેલો જોતા હશે ને? એટલે તે સામેના ખાટલાઓ પર સૂતેલા, બેઠેલા, વાતે વળગેલા, પોતાને કુતૂહલપૂર્વક જોતા દર્દીઓના મોં જોવા લાગ્યો.

ગયા વખતે પોતે સામેની લાઈનમાં હતો, પેલા 10 નંબરના ખાટલા પર. અત્યારે તો તે ખાલી છે....સત્યને એના પર સૂવાની ઇચ્છા થઈ આવી. ગયા વખતની જેમ પોતે વર્તી શકે તો કેવું ! એણે ગયા વખતની જેમ બધા દર્દીઓને જોવાનો એક દૃષ્ટિપ્રયાસ કરી જોયો. પોતે જે ખાટલા પર સૂતો છે એનાં પર તો રામાકાકા હતા. આખે શરીરે વલુર ઊપડી હતી. એમને પોતાને આ વખતે ઇંજેકદશનનું રિએક્શન ઊપડશે તો ? એ ઘરડો મનુષ્ય જબરો સહનશીલ હતો— તોય...મહેતરાણી પેશાબ લેવાની બાટલી મૂકી ગઈ. ઈશ્વરને યાદ કરી એણે પ્રાર્થના કરી :

'સાજા નરવા માણસને આવે એવો પેશાબ આવવો શરૂ થઈ જાય.'

બાપુજી પોતાના ભણી ગરીબડું જોઈ રહ્યા છે. એણે એક વખત સ્વસ્થ મનુષ્યની જેમ ખોંખારો ખાધો. ત્યાં જ છાતીમાંથી ગરમ ગરમ વછૂટયું. રક્તવમન.

'બાપુ—'સત્યની આંખ ભીની ભીની થઈ આવી.

મહેતરાણીએ પોતું કરી, ચાદર બદલી, સત્યના ખાટલા નીચે ટબ લાવી મૂક્યું.

ટબ જોતાં જ તેનાથી બોલાઈ ગયું.

‘ટબ કેમ લાવી ?’

‘ઊલટી થાય છેને.’

પોતાને માટે આમ ટબ લવાય એ એનાથી સહન થયું નહીં. એ ટબ મૂકી ગઈ એનો અર્થ તો એ જ થયો કે પોતાને ફરી વાર પણ ઊલટી થવાની જ. ને એ પણ....પણ હવે ઊલટી ન જ થવી જોઈએ. હવે ખોંખારો ખાવાની મૂર્ખાઈ ન કરવી. એને જન્નુ યાદ આવ્યો. એ ઘોડાની જેમ ખોંખારો ખાતો હતો.

સત્યે જન્નુવાળા ખાટલા ભણી નજર કરી. એના પર અત્યારે એક મૂંછાળો સૂતો હતો. પડયો પડયો એ મૂંછો આમળ્યા કરતો હતો. ક્યાંય સુધી એ જોઈ રહ્યા, ત્યારે એણે બીક લાગે એવા ડોળા પોતાના તરફ ફેરવ્યા. એને પાંપણો હલાવવાની આદત નહોતી. એટલે સત્યને જોવાનું ન ગમ્યું. સત્યને એના પ્રત્યે ખીજ ચડી. નર્સ ટેમ્પરેચર માપવા આવી.

‘બેન, જન્નુના સમાચાર મળે છે કે ?’

‘એ તો ગયો.’

‘જાય જ ને, ઓછો અહીં પડયો રહે.’

‘એય ગયો હોત તો સારું જ ને; એટલા ખાતર તો મારે પેલી નંદાડીને પણ કાઢવી પડી. એ કંઈ ઓછી બીડીઓ ન’તો પીતો– તે તારી જેમ સાજો થઈને ઘેર જાય. બિચારો.‘ કહીને નર્સ થર્મોમિટર જોવા લાગી.

સત્યે મનોમન ઇશ્વરને પ્રાર્થના કરી. બે મિનિટ પછી એણે આંખ ઉઘાડી ત્યારે પેલો મૂંછાળો ગાતો હતો :

‘જીયા બેકાર હૈ, છાઈ બહાર હૈ

આજા મોરી બાલુમા તેરા અન્તેજાર હૈ.’

સત્યે બાપુજીને એ આમ મોટેથી રાગડા ન તાણે એમ કહેવા કહ્યું.

‘છોને ગાય, તારા બાપુનું શું જાય ?’

સત્ય એમના મોં સામે જોઈ રહ્યો. એને થયું, બાપુજી પોતાના બિછાના આગળ બેસી રહે એ પોતાની અતિ માંદગીનું સૂચક છે.

‘બાપુજી તમે હવે જાવ. જરૂર પડશે એટલે માત્ર લખીશ.’ આમ બોલીને ગયા વખતે પણ પોતે એકલો જ પડયો રહેતો હતો એ યાદ કરી રહ્યો.

‘કાલે જઈશ. નાયણાને ગાડું લઈને પાછો મોકલી દીધો છે. તું ચિંતા ન કર.’

સત્ય બાપુજીના શીળીના ચાઠાવાળા મુખને જોઈ રહ્યો. બધા કહે છે, પોતે બાપુજી

પર પડયો છે. સત્ય ઘણી વખત આયનામાં જોઈને એ નક્કી પણ કરતો. ફેર એટલો પોતાનું મોં સુંવાળું અને મા જેવું ઉજળું છે અને બાપુજીનું મોં શીળીવાળું અને મોટાભાઈ જેવું કાળું છે. પોતે બાપુજીથી ડરતો હતો એનું કારણ આજે સમજાયું. ઘણા લોકો કહે છે; છોકરો બાપ પર પડે, અને છોકરી મા પર પડે. બેન હોત તો મા પર પડી હોત.'

'જીયા બેકાર હૈ, છાઈ—'

સત્ય ધૂંધવાતો હતો. ગાતાં ન આવડતું હોય તો ડોળાળો ગાતો કેમ હશે ? જન્નુ બિચારો સારો હતો આના કરતાં તો. એની મેળે પત્તાં ટીચ્યા કરતો ને કંટાળતો ત્યારે બીડી. ને સત્ય પાછો મનમાં મૂંગો થઈ ગયો.

પાછો એ ખાટલા જોવા માંડયો. ગયા વખતે જોતો હતો એમ પોતાનો ખાટલો હજીય ખાલી કેમ હશે ? બીજો દર્દી આજ સુધીમાં ત્યાં આવ્યો જ ન હોય ? નં. 11 પર એક તરવરિયો છોકરો બેઠો હતો. એ ઓશીકા પર આયનો મૂકીને પાંથી પાડતો હતો. પોતે અહીં આવ્યો ત્યારે બધા દર્દીઓ જમતા હતા ને આ છોકરો દાળ પીરસતો હતો. દર્દીએ શ્રમ શા માટે કરવો જોઈએ ? પ્રોફેસર મૅયો પાસે રહ્યો હોત તો પોતે ક્યારેય રોગી ન બન્યો હોત. સ્ટૂલ ખાલી હતું. બાપુજી બહાર ગયા હતા. પોતાની (પુત્રની) પાસે બેસવાનું એમને સૂગભર્યુ લાગતું નહીં હોય ?

'જુઓ શીવાકાકા, મારું મોં કેવું લાગે છે, હવે ?'

પેલા છોકરો માથા વચ્ચે પાંથી પાડી શીવાકાકાને બતાવતો હતો.

'છોડી જેવો લાગે છે.'

'શીવાકાકાની વહુ જેવો' બીજો દર્દી હસ્યો.

પેલો છોકરો ખાટલા પરથી નીચે કૂદી પડયો. અને શીવાકાકાના ખાટલા પાસે જઈ ગાવા મંડયો :

'ઝટ જાવો ચંદનહાર લાવો

ઘૂંઘટ નૈ ખોલું રે...'

સત્ય અવળો ફરીને સૂતો. એને ક્રોધ ચડયો હતો. આ દુષ્ટોને ક્ષય તો થયો છે. પણ મનની વિકૃતિઓનો પણ રોગ વળગ્યો છે સૌને, સૂર્યાએ પોતાને કેટલીય વખત કહ્યું હતું :

'તમારાથી કંઈ નહીં થાય.'

ને અત્યાર સુધીની બધીયે રાત્રિઓ સત્યની માંદી આંખમાં બહાર તાર પર સૂકવેલાં ક્ષય રોગીઓનાં વસ્ત્રોની જેમ ફફડવા લાગી.

વૉર્ડમાં લગભગ બધાય સૂઈ ગયા હતા; કેટલાક તૈયારીમાં હતા. સર્વદમન લંગડાતું લંગડાતું વૉર્ડમાં આવતું હતું એણે બહાર જોયું : આંબા નીચે ઓટલા પર એક વૃદ્ધ દર્દી

બેઠો હતો. ગયે વખતે પોતે...બહાર બેસી રહેવાનું જ એ પસંદ કરતો હતો !

એણે આંખ મીંચી. સર્વદમન પણ આંખમાં આવી ગયું. થોડી વાર પછી ફરી આંબા નીચે દૃષ્ટિ કરી તો બે સ્ત્રીઓ વાતોએ ચડેલી : સ્ત્રીઓ...સેનેટોરિયમમાં પણ સ્ત્રીઓ ! પહેલી વખત પોતે અહીં દાખલ થયો ત્યારે એ દર્દીઓની સભામાં બોલેલો.

પોતે સ્પર્શ ઉપર ભાર મૂકીને રોગના પરાજયની શક્યતા સમજાવી હતી; પોતાનું ઉદાહરણ આપીને. એને યાદ આવ્યું :

વાર્તાસંમેલન પ્રસંગે મુંબઈ જવાનું થયેલું. અભિનવ કવિ બાદશાહ પણ પોતાની સાથે હતો. અત્યારે અમદાવાદની એક કૉલેજમાં તે ગુજરાતીનો અધ્યાપક છે. પોતાની જેમ એ પણ લ્લેરી – સ્પર્શની બાબતમાં – એટલે વાર્તાને સંમેલનમાં મોકલી બન્ને જણ સાગર તટ પર રાત પડે એની રાહ જોવા ગયેલા ચાલતા. આખો દિવસ બેય જણાએ મળીને એક કામ કર્યું. પાગલોની ગણતરી કરવાનું. ફૉકલેન્ડ પરથી નીકળ્યા ત્યાં સુધીમાં એણે 17 પાગલ ગણી બતાવ્યા અને પોતાને એમાં ઉમેરીને ઓગણીસ પાગલોની ગણતરી કરેલી.

બહારથી પવનનો સુસવાટો આવ્યો. નર્સ ફરીથી ટેમ્પરેચર માપી ગઈ. સર્વદમનને પણ ભડકાવે, હરાવે એવો શ્વેતશ્વાન પવનમાંથી નીચે ઊતરી પડયો. કામરુ દેશની કોઈ રૂપગર્વિતા શ્વાનરૂપે આવે એમ આમ્રમંજરી જેવું એનું પુચ્છ વારંવાર હલતું હતું. પીળચટાં-લીલાં ખેતરો પરથી પવન આછે આછે ધક્કે અહીં ક્ષય વૉર્ડમાં આવી પડયો હોય એવો તે શ્વેત શ્વાન પોતાના ખાટલાને સુંઘવા લાગ્યો. પોતાને એનો ઘ્રાણસ્પર્શ થયો કે તરત ખેતરો એની દૃષ્ટિમાં ઓગળી ગયાં. પવન હલેસું બની ગયો. આમ્રમંજરી નાવ બની ગઈ. એમાં લથપથ ઉમ્મરખયામની મદિર આંખો અને એક નાજુક સુગંધશિલ્પા રુબાઈઆત. માત્ર ચોમેર સ્ત્રીઓની લિસ્સી સાથળો ઘૂઘવતી હતી. કેવળ ઓચિંતાની પાતાળવાસી તક્ષક કન્યા નાવમાં ઊછળી પડી. એક છાલક. બીજી. ત્રીજી. ચોથી....ને આકાશ ચિરાયું, ચંદ્ર ખરી પડયો. ઉપરનીચે ઘૂઘવતી હતી દરિયાવ સાથળોની લિસ્સી સપાટી. ગુફાઓ. અસંખ્ય ગુફાઓ એકસામટી પ્રસવવા મંડી, અંધકારની ખારીલુશ છાલકોમાંથી ગુફાઓની ગુફાઓ અવતરી રહી. નાવમાં બેઠેલી મદિરલોચના રુબાઈયાતને પોતાના બાહુમાં સાહી લીધી. એને બચાવવા માટે દોલાયમાન નાવમાંથી શ્યામસ્થિર રિક્તતામાં હળવાશથી મૂકી દીધી. મૂકી દીધી ? પોતે એક ફૂલકુંવરીને મૂકી દીધી ? પશ્ચાત્તાપ, સંતાપ, તોબાહ, એ પુષ્પકાયા ક્યાં ગઈ ? ક્યાં ગઈ એ સુગંધશિલ્પા નિરાશ્રિતા ? ચંદ્ર તો ક્યારનોય ખરી પડયો, વિદ્યુતના ઝબકારામાં એને ખોળવી ને છાલકના શાસ્રને હાથમાં પકડવું બેય સરખું છે. તારો ખર્યો, તારા ખર્યા, અસંખ્ય નિહારિકાઓ ખરી પડી, ગ્રહ-નક્ષત્રો ચૂર્ણ-વિચૂર્ણ થઈને ખરી પડયાં; સતત તેજવર્ષા, કેવળ દૃષ્ટિક્ષેત્રમાં વીંઝાતું રહ્યું લિસોટાતું શ્વેત આકાશ.

સત્યની આંખ ખૂલી ગઈ.

પેલો મૂંછાળો ગાતો હતો :

'કાંનજી કુંજગલનમાં ક્યાં ગયા ?

કાંનજી, રાધાની પગલી આ રહી

કાંનજી જુમના નીરમાં ડૂબકી ગયા !

કાંનજી હરતા ફરતા ડૂબી ગયા.'

આ મૂર્ખનું ફેફસું દુખતુ નહીં હોય ! સત્ય ચિડાયો. બપોરની ઊંઘને અત્રતત્ર પડેલી તે જોઈ રહ્યો. તંદુરસ્તીની પ્રતીક્ષા કરતાં–પડી રહેલા વિલાસી અગ્નિવર્ણ રાજાનાં અસંખ્ય સ્વરૂપો...ગયે વખતે પોતાને મળ્યો હતો – તે ખાટલા પર અત્યારે સર્વદમન નિરાંતે સૂતું હતું.

'ઊઠ...ઊઠ...સર્વદમન.' ને એને ઉધરસ સાથે લોહી બહાર નીકળી આવ્યું. કપાળે મોંએ પરસેવો બાઝી ગયો. વાંસા પર બાપુજીનો હાથ ફરતો હતો.

'ભઈ, ગભરૈશ નૈ. હું છું.'

'બા—' સત્યની આંખોમાં પાણી આવ્યું.

'જોઈએ છે તારે કંઈ ?'

સત્યે દીર્ઘ નિસાસો નાખ્યો.

'હા.'

ટબ નીચે મૂકી એના બાપુજીએ પ્રશ્નસૂચક દૃષ્ટિથી પુત્ર સામે જોયું.

સત્ય હવે બોલ્યો :

'મારે સહારો જોઈએ છે. સહારો આપી શકો છો? ક્રૂર રીતે હસ્યો અને પછી શરૂ કર્યું. 'તમારા ગજા બહારની વાત છે, વડીલ મને સહારો કોઈ નહીં આપી શકે. કોઈ નહીં. કોને મળ્યો ? કોણે માગ્યો ને એને તે મળ્યો ? દરેક પોતપોતાનો સહારો ઇચ્છે છે; ઝંખે છે. કોઈક જ સદ્ભાગી હોય છે. અસંખ્ય મનુષ્યોથી ભરીભરી આ સૃષ્ટિ પર ક્યાંક તો એ હશે, જે મને...સાવ સીધી વાત છે, વડીલ મનુષ્ય ઘર જેવો છે. ઘરને ટેકો તો જોઈએ જ. ટેકા વગરનું ઘર ચિત્રમાંય ઊંભું રહેતું નથી જોયું. ટેકો ખસી જતાં તે તૂટી પડે છે. મારી જેમ. પછી ભલેને એ ન તૂટયા જેવું લાગે. પણ સરવાળે જીરો.

વડીલ તમે શૂન્યમાં સમજો છો કંઈ? સરવાળામાં મીંડું એટલે અચેતન હાજરી. અત્યારે મારું હોવું–ન હોવું મીંડા જેવું છે. મારા જેવાં જમીનપરસ્ત મકાન આ માટી પર–આ પૃથ્વી પર અસંખ્ય છે.'

'ભૈ હું છું ને.'

સત્ય હસ્યો.

'તમે ? વડીલ, તણખલાના ઘરને લોખંડના ટેકાની જરૂર નથી હોતી.'

'બેટા !' નિરાધાર ઉદ્‌ગાર.

'બેટાફેટાની વાત ન કરો. વડીલ, ટેકાની વાત કરો, ટેકાની. ટેકા વગર મનુષ્ય કેટલી ક્ષણો શ્વાસ લઈ શકે ? અહીં પંચાયત ડહોળવાની વાત ન ચાલે; સંબંધ બાંધવાની વાત વ્યર્થ છે, એવું નાટક તો મેં ઘણાય પહેલાય ભક્તોને મોંએ–વર્તને જોયું છે.'

'ભઈલા તું બોલીશ નૈ.'

'તમે મને ન બોલવાનું કહેનાર કોણ ?'

'કયા અધિકારે મને ચૂપ રાખી શકો છો ?'

'હું ગરીબ છું, તું—' એ તો શું બોલે બિચારો જીવ !'

'ગરીબ તો હુંય છું. માત્ર આપણી ગરીબી જુદી છે.'

'કૂતરો ભસ્યો.

નર્સ વજન કરવા આવી.

115 રતલ.

વજન નોંધીને નર્સ ઑફિસમાં ગઈ. ગયે વખતે 100 હતું. 15 રતલનો વધારો ? અશક્ય સારું વજન જોઈને બાપુજી ખુશ થવા લાગ્યા. 'પણ આ કંઈ સાચું વજન નથી.' એ મનમાં બબડયો. સૂર્યા એક દિવસ કહતી : 'તમારું મોં હવે લાલશ પકડે છે.' એના કહ્યા પછી પગના ભારથી પગ પર પડેલા ખાડાને તે જોઈ રહેતો એ યાદ આવ્યું. આજે પણ એવા જ–એનાથી પણ વધારે સોજા હશે,

એટલામાં નારણ આવ્યો. ઘેર જઈને તે સૂર્યાને લઈને આવ્યો હતો.

સૂર્યાને દીઠી એટલે સત્યના બાપુજી બહાર ગયા. 'કેમ આવી' પણ ન પૂછયું. પૂછવાનું ન સૂઝયું. ને સત્ય પત્નીના મોંને જોઈ રહ્યો. સહેજ ઊપસી આવેલા એના પેટને.....સ્ટૂલને ખાટલા નીચેની ખેંચી એ સ્ટૂલ પર બેઠી. સત્યે એના મોં પર આવેલા દૈન્યને જોયું.

'તમને જરૂર સારું થઈ જશે.' ક્યારેક રહી એ બોલી.

'હા. થઈ જશે.'

'હું અહીં રહું ?'

'ના.'

'મને કંઈ રોગ નહીં લાગુ પડે.'

'નહીં પડે.'

'તો પછી રહેવા દોને.'

'...... ......'

સત્યના માથા પર હાથ મૂકીને એણે શરૂ કર્યું :

'મને તમારી સેવા કરવાની તક આપો ને !'

સત્યે સ્મિત કર્યું.

સૂર્યા પોતાના વાળ પર હાથ ફેરવતી હતી.

'મને તમે તમાચો મારો. હું એટલે જ અહીં આવી છું.'

'સેવા કરવા તો નહીં જ ને ? તારે મારા હાથનો માર ખાવો છે,

વિચિત્ર છે !' હસ્યો.

સૂર્યાના મોં ભણી નજર કરી તો તે રડતી હતી.

'હું તને જરૂર મારીશ. જા. પણ હમણાં નહીં.'

'તમને મોંએ સોજા –' ને એણે મોં વાળી લીધું.

થોડી વાર પછી વાત કાઢી :

'તમે લલિતા પર પત્ર લખ્યો હતો, તે મારી પાસે છે.'

'તારી પાસે ?'

'હા. ભલુ પાસેથી મેં લઈ લીધો હતો. હું એ લલિતાને આપવાની હતી, પણ એ તો—'

'શું ?'

'એ તો રતનપુરા ગઈ. ગામ લોકોએ–બાપુજીએ એની બદલી કરાવી. હું એને પત્ર પહોંચાડી દઉં ?'

'ના. જરૂર નથી. તારી પાસે રાખ.'

'મારી પાસે ? સાચું કહો છો–હું એ પત્ર મારી પાસે રાખું. સત્ય, મેં તમને ખૂબ અન્યાય કર્યો છે.'

કબજામાંથી પત્ર કાઢી સત્યની છાતી પર મૂકી દીધો : 'લો, એને તો અહીં જ રાખો.'

સૂર્યા આવી હતી એટલે સત્યના બાપુજીને ઘેર એકલા જવાનું ન ગમ્યું, ને નારણને સત્ય પાસે મૂકી તે ઘેર ગયા.

રાત્રે પત્ર કાઢી સત્ય વાંચવા મંડયો.

'વ્હાલી લલિ,'

મને પરણ્યે આખો એક યુગ વીતી ગયો. તને મળી શકાયું નહીં. ક્ષમા આપજે. તારા પર રોષ કર્યો છે, એ બદલ, ખાસ તો હું ક્ષમા માગું છું. તું હવે રડીશ નહીં, દુઃખી થઈશ નહીં. ભલુ સાથે આ પત્ર મોકલું છું. તબિયતને લીધે ત્યાં ન આવી શકું એ તું સમજી શકે એમ છે.

તું આવી હતી. તારું અપમાન મારાથી થઈ ગયું એથી જ તને દુઃખ થયું છે ને ? ગાંડી, હું તારા પર રોષ કરું ખરો ?

તને મેં નિશાળમાં પ્રથમ જોઈ ત્યારે હું લગભગ કિન્નર બની ગયો હતો. હું આ પૃથ્વીને તદ્દન મૃતાત્માની જેમ વીસરી ગયો હતો. તે સમયે હું ચોમેર અનુભવતો હતો, માત્ર મારી લલિતામય ઉપસ્થિતિ. મને ત્યારે સમજાતું નહોતું હું શી પ્રવૃત્તિ કરી રહ્યો છું. મારી પ્રવૃત્તિ તે વખતે સાવ સમજનિરપેક્ષ હતી. કહેવું હોય તો કહેવાય કે 'મારું હોવું' નો મને અખ્યાલ સતત થયા કરવો એ જ જાણે મારી પ્રમુખ પ્રવૃત્તિ હતી. આ જે અત્યારે તું વાંચે છે, એ તો તે વખતના મને–તારા સમગ્રમાં સેળભેળ થઈ ગયેલા–મને સમજવાનો બૌદ્ધિક પ્રયાસ કરું છું.

ભલુ કહે છે, તું ખૂબ રડયા કરે છે, ખાતી નથી, રાત્રે પણ તારા ખંડની બત્તી બળ્યા કરે છે. ગાંડાની જેમ વાત કરે છે, એ બિચારો મને બીજું કહેય શું ? તેં તારા સત્યને કરોડ કરોડ યુગોથી જોયો નથી. તે યુગો પણ કેવા–કાળમીંઢ. તારી દૃષ્ટિ મારી દૃષ્ટિ સુધી લંબાયેલો એ કાળમીંઢ યુગ–સેતુ અત્યારે તને બચકાઈ ગયેલો લાગે છે, ને એટલે જ તું રડી લે છે.

મેં તો તારા પર રોષ કર્યો; પણ તું ક્યાં એમ કહી શકે એમ છે ? લલિ, તને કહું, રોષનો ડંખ મારવાની મારી વૃત્તિ જ તારા-મારા પ્રણયને પ્રગાઢ કરે છે. તને શી ખબર પડે, સર્પના ડંખની એ તો આવેગમય ચૂમી છે. તું એને રોષ નામ આપે તો આપ, મારી કંઈ ના નથી.

થોડાક દિવસ પહેલાં હું ખેતરમાં ગયેલો. સાંજ હતી, બેસવાનું ગમેલું. એટલામાં મારી નજર નજીક સર્પયુગલ પર પડી. બન્ને પરસ્પર ક્રિડામય સ્થિતિમાં હતાં. થોડી વાર ચૂપ થઈને પડી રહે. પાછાં ઊંચાં થઈ થઈને એકમેકને ફેણની ઝાપટ લગાવે. જો એ ઘડીએ મેં એમાં વિક્ષેપ નાખ્યો હોત તો ? તને કહી દઉં : હું ગરોળીથી ખૂબ ડરું છું. સર્પને મારું સ્વરૂપ માનું છું. એટલે એને જોવો મને વિશેષ ગમે છે. એની કાળી-સુંવાળી ત્વચાનો માદક – તું એને વિષલસ્પર્શ કહેશે એ હું જાણું છું. એ સ્પર્શ આ રોગ પહેલાં હું ઘણી વાર માણી ચૂક્યો છું. તું સ્ત્રી છે, સમજી શકશે. સ્ત્રી છે, એટલે જ નહીં, મનુષ્ય એટલે. પ્રત્યેક સજીવ પંડિનો એ સ્વભાવ છે, રસ છે. તનેય કદાચ. સાજો થવા દે એક

વાર પછી તને ભોળવીને એક વાર-માફ કર મારી લલિ, તને આવું કહેવા જતાં મારું મન અત્યારે ભાન ભૂલી ગયું છે; તને આમ કહીને દુઃખી ન કરવી જોઈએ મારે. એ દિવસે મેં પેલા સર્પયુગલને છંછેડયાં હોત તો એ મને કરડી નાખત. મારી અવસ્થા પણ અત્યારે એ જ છે. મને કોઈએ છંછેડયો છે, આપણને કોઈએ અલગ કર્યાં છે. આપણને એકબીજાને કરડતાં કરી નાખ્યાં છે કોઈએ.

લલિ, તને હું આ રીતે ડંખ દઈને તારી વેદનાને મારી વેદનામાં સંભારી દઈ એને એકત્વ સમર્પું છું. તારી વેદના મારી વેદનાથી સહેજ પણ વિભિન્ન થઈ જાય એ હું ક્ષણાર્ધ માટે ન સાંખી શકું. એ મારી વેદના છે. મારી લલિની વેદના મારી જ હોય. એ અલગ પડી છે એવું મનમાં થતાં હું તક્ષકની જેમ ડંખ મારું. મને–તને–અને સર્વને વળી. અન્યને ડંખવાનું વ્યસન, તને ડંખું એનાથી લગીરે જુદું નથી. મેં હમણાં જ તને ન લખ્યું ? સર્પો કંઈ અમથા નથી ડંખતા. એ બીજાને ડંખતા હોય એવું તો તટસ્થને દેખાય છે– લાગે છે. પણ ખરેખર તો એ સ્વયંડંખી છે. સજીવ પંડિ સ્વયંડંખી જ હોય–થાય ત્યારે એને પ્રેમ-વિરહ જે કંઈ કહેવું હોય તે કહેવાય. મારે મારી વેદનામાં મારી પોતાની વેદના ઉમેરવી છે, સમાવવી છે. અલગ વેદનાથી જીવાતું નથી. એવું લાગે ત્યાં સુધી તો ક્યારેય જીવાતું નથી.

સૂર્યાને પ્રથમ રાત્રિએ કહ્યું હતું : 'તું મારી લલિતા છે.' ત્યારે પણ એણે મારો તિરસ્કાર કર્યો હતો. મારી હાજરીને એના વસ્રની જેમ દૂર ફેંકી દઈ તે ખસી ગઈ હતી. એમ કરીને એણે લલિતાના સત્યની અવમાનના કરી હતી. એટલું જ નહીં એણે અજાણતાં જ લલિતા તરફ મને ફેંક્યો હતો. લલિતા એના સત્યને લલિતા સુધી જ ફેંકી શકે ને ? સાચું કહું, એ રાત્રે મારું સર્પસ્વરૂપ પ્રકટ થયું હતું પણ સૂર્યા લલિતા ન બની શકી. ને મારા સર્પત્વને સ્વપ્નનો આશ્રય લેવો પડેલો. આ પત્ર લખું છું–ત્યારે હું એવી સ્થિતિમાં પડી ગયો છું કે લલિ, અત્યારે સૂર્યા લલિતા બનીને આવે, તું સ્વયં મને જગાડવા આવે તો પણ હવે એ શક્ય નથી. તને કહું, મારા મૂત્રાશયમાં પણ રોગ પ્રવેશી ચૂક્યો છે, હવે તો. ગયે મહિને જ એક રાત્રે હું જાગતો સૂતો હતો. બપોરે ઓવારા પર એક શ્વાનયુગલને રતિસ્થિતિમાં જોઈને મેં તક્ષકનું સ્મરણ કરેલું. પરંતુ વ્યર્થ. સૂર્યાએ એ રાત્રે મને શું કહેલું– લખું તને ? તને દુઃખ ન થાય તો–જો. એણે મને કહેલુંઃ 'મારા પિયરમાં તમારી નાતના રહે છે. એમના થાબોટાનો અવાજ અહીં મને સંભળાય છે.' તને સમજાયું ? પણ હું શું કરું ? એ માને છે...એ સત્ય છે. છ સાત દિવસથી તો આલ્બ્યુમીન ખૂબ જતું હોય એમ લાગે છે. હું કોઈ પણ સગીને લાયક...

મને હવે લાગે છે, અહીં રહેવાને બદલે હું અમદાવાદ જતો રહ્યો હોત તો પ્રાફેસર મૅયો મને બચાવી લેત. એમનો સ્પર્શ સંજીવની છે. તેં એમને નથી જોયા. પણ ખબર છે, મેં એક વખત સેનેટોરિયમમાં એમનો પત્ર સંભળાવેલો. એમણે લખેલું : મનુષ્યનાં બે વિભિન્ન પાસાં છે, અને તે પરસ્પરનાં પૂરક છે. ત્યારે તો મારી જોડે બેસી ગયેલી અને હસી પડેલી. પરંતુ કહું તે વખતે તને હું મારી લલિતા તરીકે નહીં ઓળખી શકેલો. મને

તો લાગ્યું હતું તું મારી મશ્કરી કરે છે. સૂર્યા પર હજીય મને ચીડ ચડે છે. પણ તું આવી ત્યારે પેલું કહેતી હતી, ‘રજા વગર નથી આવી.’ મને લાગે છે સૂર્યાએ જ તને મારી પાસે બોલાવી હતી. ખરું ને ?

તને હું દુ:ખી નહીં કરું.’

નારણ સ્ટૂલ પર બેઠો બેઠો બીડી ફૂંકતો હતો. ભાઈ કાગળ વાંચીને આંખ ભીની કરી રહ્યા છે, એ જોઈને એણે બીડી પગતળે દબાવી ઓલવી નાખી.

# 23

રમેશ, બાપુજી, મોટાભાઈ, ભાભી, મા, પ્રોફેસર એક પછી એક ખબર લઈ ગયાં. સૂર્યાનું સીમંત ઊજવી એને પિયર મોકલી દીધી એ સમાચાર સાંભળીને સત્ય અહેમદ તરફ જોઈને હસી પડેલો. અહેમદ દિવાળીની વાતનો સેનેટોરિયમમાં એની પાસે જ હતો.

કારતક-માગશર જૂના દર્દીઓની જેમ સાજા થઈ થઈને ગાતા ગાતા જતા રહ્યા. પણ સત્યની ઊલટીઓ કેમ કરી ઓછી થતી નહોતી. ગયે મહિને વડોદરા ડૉક્ટર પટેલ પાસે 15 દિવસ રહી આવ્યો : અમદાવાદ વાડીલાલમાં બે દહાડા જઈને વ્હીલે મુખે પાછો ફર્યો. ડૉક્ટર ગોખલે સેનેટોરિયમમાં દાખલ કરવાની ના કહેતા રહ્યા ને અહેમદે દાખલ કરાવ્યો. એ સત્યની નજીક બેસીને ગીતા-વાચન કરતો, ક્યારેક ગઝલ, કવિતા સંભળાવી એનું મનોરંજન કરતો. હજી લલિતા દેખાતી નહોતી. જિજીવિષા પણ હવે રોગની જેમ વળગી હતી.

સાજા માણસની જેમ વોર્ડમાં લટાર મારવાની ઇચ્છાઓને મારી નાખવી પડતી એ એને આત્મઘાત કરવા જેવું લાગવા માંડયું. એ પડયો પડયો 10 નંબરના ખાલી ખાટલાને જોઈ રહ્યો હતો. એટલામાં પેલા મૂંછાળે રાગડો તાણ્યો :

‘વાગે છે રે વાગે છે વનરાવન મોરલી વાગે છે.

તારી તે મોરલીને હીરે જડાવું.’

નર્સે એને છાનો રાખ્યો. ત્યારે ડોળા કાઢતો એના ભણી જોઈ રહ્યો. સત્યે જોયું તો એ મૂંછો આમળતો હતો, અહેમદ બેઠો હતો.

‘અહેમદ, પેલા ડોળાળાને કહે, બહુ મૂંછો ન આમળ્યા કરે.’

‘કહીશું.’

‘ના. અત્યારે જ કહે. ભલે ઝઘડો થાય તો. આપણે કંઈ બાયલા નથી.’

‘તું વિચિત્ર છે, એને તારા કરતાંય વધારે રોગ છે. ગાવા દે ને બિચારાને !’

અહેમદ આમ કરીને પોતાને શું કહેવા માગતો હતો ? એ જ ને કે એ પોતાના

કરતાં વધારે ગંભીર દર્દી છે. અને એનું મૃત્યુ પોતા કરતાં વહેલું...'

એને બેઠો થતો જોઈને અહેમદ સૂવા માટે કરગર્યો.

'ના, ભઈ, મને ઊઠવા દે. મારે—'

'લે હું કહી દઉં છું એને.' અહેમદ પેલાને મૂંછો ન આમળવા માટે અમસ્તો અમસ્તો કહેવા જતો હતો ત્યાં સત્યે એને રોક્યો.

'એને કંઈ જ નથી કહેવાનું. મારે ડૉક્ટરના રૂમમાં જવું છે.'

'શું કામ છે ?'

'આલ્બ્યુમીન વિષે વાત કરવી છે. એ બંધ થાય કે નહીં ?'

'થાય. ધરપત રાખ. તું આમ ઊઠબેશ કરીશ તો ન થાય.'

'એટલે મારે બોલવું પણ નહીં. કેમ ?'

'બોલ. પણ ઊઠીશ નહીં, તારે આરામ કરવાનો છે.'

'તું આરામવાળી ચૂપ મર. હું કહું એમ કર. ડૉક્ટર છે, જોઈ આવ જો.'

અહેમદ ગયો.

સેનેટોરિયમનો માળી ખભે કોદાળી મૂકી વોર્ડમાં રહી બગીચા તરફ ગયો, કાળું ખડક જેવું એનું અંગ પાંપણ વાસીને ભીંસી દીધું. એને ગળતેશ્વરની શિલાઓ યાદ આવી. પોતે કૉલેજમાં હતો ત્યારે ગળતેશ્વર પ્રવાસે ગયો હતો. 'પ્રો. મૅયો પણ સાથે આવ્યા હતા. પોતે તે વખતે કેટલો બધો તંદુરસ્ત હતો. ગળતેશ્વરની મહીસાગર નદીમાં સાગર નહોતો એટલે ઊંચી ટેકરીની શિલા પર બેસીને દૂર દૂરથી વહી આવતો કાળો પથ્થરવિસ્તાર આંખમાં ભરી ભરીને નીચેના ભાગમાં કેડ લગીના જલપટામાં એક તરફ છોકરાઓ ન દેખે એમ સ્નાન કરતી કન્યાઓની ઘઉંવર્ણ – ગોરી ત્વચા પર ઢાલવી દેતો હતો. તે વખતે બીજી તરફ સ્નાન કરતા પ્રો. મૅયોએ પોતાને કેટલો આગ્રહ કર્યો હતો પણ તે 'હાથપગ ધોવાય' એટલા પાણીમાં સ્નાન કરે કે ! પોતે તો નવડાવાનું શીખ્યો છે, શરીર પલાળવાનું એને ન ગમે કે ! પ્રો. મૅયો નદીને અંજલીમાં લઈને મસ્તક પર પુણ્ય ચડાવતા હતા. તે જોઈને પોતે એમની મશ્કરી પણ કરેલી :

'સંત, સુનો પૂર્વે ભારતવર્ષમાં એક ઋષિ થઈ ગયા. અગસ્ત્ય એમનું નામ. તમે એમની જેમ ન કરતા નહીં તો આ બિચારીઓને પથરાઓમાં શરીર ઘસીઘસીને જલસ્નાનનો લહાવો લેવા વારો આવશે.' એમણે તે વખતે 'પાપી' કહીને પોતાના તરફ અંજલી છાંટી હતી. સત્યની વાસેલી દૃષ્ટિ આગળ અસંખ્ય પથ્થર ઊંડવા લાગ્યા. પથ્થરનો વંટોળ ક્ષણે ક્ષણે પોતાના ચેતસકેન્દ્ર તરફ ધસી આવતો હોય એવી વિભીષણ અનુભૂતિ એને થઈ આવી. આણંદ તાલુકા જેવડું ગરુડ હાઝવુશ હાઝવુશ કરતું પોતાના મસ્તક પર ચકરાવો

લેતું; ચિચિયારીઓ પાડતું લાગ્યું. એ ભયથી દોડી જવા લાગ્યો.

વડોદરા હૉસ્પિટલમાંથી પોતાને અહીં લાવવામાં આવ્યો ત્યારે સ્ટેશન પર ચક્કર આવ્યાં હતાં એવાં ચક્કર આવ્યાં. પગ ઊપડયા નહીં. પગ પર ચાદર પડી હતી. એનો પણ એને ભાર લાગતો હતો. ચાદર કોઈ ઊંચકી લે એમ ઇચ્છા થઈ. પણ પોતાની આ અશક્તિને એ ન રચ્યું. પગનાં તળિયામાં ગોળ ગોળ ફરવું શરૂ થયું. પછી ઢીંચણથી પગ મરી પડયાનો વિચિત્ર અનુભવ થયો. સળગેલી દિવાસળીનો અર્ધભાગ આગળથી પડી જાય એમ પગ-બન્ન્ પગ ખરી પડયા. એક સણકો આવ્યો અને હોળીમાંથી નાળિયેર વેગળું ગબડે એમ મસ્તક છૂટી પડયું...ક્યાંક ક્યાંક....માત્ર છાતીથી પેઢા સુધીનો ભાગ તપી ગયેલી પથારીમાં પડયો રહ્યો હતો. ભયંકર વિચારસ્વપ્નથી તેના મુખમાંથી ચીસ નીકળી પડી. પરસેવાથી રેબઝેબ શરીરને અહેમદે લૂછવા મંડયો.

‘શું થયું ?’

‘અહેમદ, સૂર્યાને પત્ર લખ. મારી તબિયત સારી છે.’

‘લખીશ.’

‘ના લખીશ લખીશ એમ નહીં. લખ’

અહેમદ ‘પેન નથી’ કરીને ઊભો થયો. સત્યને પોતાની પેન સાંભરી. બાપુજીને કંકોતરી લખવા માટે આપી હતી ત્યારની પાછી મળી નથી.

‘સારું પછી ડૉક્ટર પાસેથી...માગીને...’ પણ સત્યનું મન ક્યાંક બીજું જ બોલવા જતું હતું.

‘એ ન આવે. ક્યાંથી આવે ? એને આવવા જેવું....’

પાછો સૂર્યાના વિચારે ચડયો એને આ કેટલામો મહિનો જતો હશે ! છી આવો વિચાર ? પણ એમાં શું ? એને છોકરી આવશે કે છોકરો ? છોકરી આવે તો એના જેવું જ મોં આવશે. ને છોકરો હશે તો....

મહેતરાણી આવી.

આજનો પેશાબ સત્યે શીશીમાં લીધો નહોતો.

ખાલી શીશી પડેલી જોતાં તે બબડી.

‘હજી શેંહું ભર્યું નથ્ય.’

અહેમદે શેર સંભળાવ્યો :

‘ફૂલ મુરઝા ગયે તો ક્યા ગમ હૈ

ખિલનેવાલી કલીકી બાત કરો.’

સત્યે ફરી વાર સાંભળવા ઇચ્છા બતાવી. આજે જમતી વખતે સર્વદમન ન આવ્યો. કેટલાય દિવસોથી જાણે એ ન આવતો હોય એવું સત્યને લાગ્યું.

'અહેમદ સર્વદમન કેમ નથી આવ્યું ?'

'સર્વદમન ? એ વળી કોણ ?'

નર્સ આવી.

'હજી તેં પેશાબ કેમ નથી આપ્યો ?' પછી અહેમદને એ ભાંડવા મંડી.

'તમેય ભૂલી ગયા ? એટલું તો યાદ રાખવું જોઈએ. થોડું મને એવું બધું યાદ રહે. તમે લોકો સાથે ન હો તો અમે લખી લખીને પણ યાદ રાખીએ. ડૉક્ટર એક વખત પૂછી ગયા, હમણાં ગંગાએ ફરિયાદ કરી, આ તો પહેલેથી આવો જ નફકરો છે. એને જો બધું યાદ રહેતું હોત તો અહીં આવત ખરો કે ? મારો છોકરો હોત તો હું એને—' પાછી સત્યને ખભે હાથ મૂકીને કંઈ પણ બોલ્યાચાલ્યા વગર નર્સરૂમમાં જતી રહી.

અહેમદે બાટલી હાથમાં લીધી. સત્યને ખુરશીમાં બેસાડી બાથરૂમમાં લઈ ગયો.

શીશીમાં પેશાબ ઝીલતી વખતે સત્યને શરમથી મરવા જેવું લાગ્યું. અહેમદે કેટલું સમજાવ્યો ત્યારે તે લેંઘાના બટનને ખોલી શકેલો. અહેમદની હાજરીમાં આ રીતે પોતાનો પેશાબ આપે એ હકીકત એને માથાવાઢ જેવી લાગી.

'એમાં રડે છે શેનો ? પરિસ્થિતિનો સ્વીકાર કરી લેવાનો વળી.'

'ના, ના બને. હું અશક્ત છું. અહેમદ તું અત્યારે ને અત્યારે સૂર્યાને પત્ર લખી દે, એ કશી ચિંતા ન કરે.'

એને કહેવું હતું તો બીજું જ કંઈ પણ 'એ કશી ચિંતા ન કરે.' એમ કહીને પેશાબની શીશી અહેમદને આપી દીધી.

ડૉક્ટરે યુરિનટેસ્ટ કર્યા પછી અહેમદને બોલાવ્યો.

'ઊલટીઓ હજીયે એટલી જ થાય છે ને ?'

'હા' અહેમદે ટેસ્ટટયુબને જોતાં ઉત્તર આપ્યો. એમાંના પ્રવાહીનો રંગ જોતાં એ પણ ધોળો ફગ બની ગયો.

'હવે એને ઘેર લઈ જાવ. તમે સમજુ છો. God may... I cant say, what even God can do in this case.'

અહેમદ ખિન્નવદને પાછો સત્ય પાસે આવ્યો. કંઈ બોલ્યો નહીં. સત્ય એના મોંને સાગરમાં પડેલા મરજીવાની જેમ તરણું પકડવાની મસે તાકી રહ્યો.

'ઘેર કાગળ નહીં લખીએ તો ચાલશે, રમેશભાઈ આવે છે. 'અહેમદે ખેતરમાં નજર

કરી કહ્યું.'

'રમેશ આવે છે ?'

'હા.'

'અહેમદ, જા દોડ તું. એને અહીં લગી આવવાની તસ્દી ન આપ બિચારાને. કહે, સત્ય મરી ગયો. એ હવે તારી સાથે બોલી શકશે નહીં. જા. ઊઠ દોડ ભાઈ.'

અહેમદની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

તે દિવસે સત્ય એકનો બે ન થયો તે ન જ થયો. ઘેર જવાની વાત હવે નહીં જ. કહીને એ રમેશ સામે રાતી આંખે તાકી રહેલો.

બીજે દિવસે ટેમ્પરેચર વધી પડયું હતું. ડૉક્ટર રાઉન્ડ મારવા આવ્યા ત્યારે અહેમદને પ્રાર્થના કરવા કહ્યું. ગીતા વચન કરતી વખતે અહેમદ બોરબોર આંસુથી રડી પડયો.

'મૂર્ખા રડે છે શું ? કાલે તો મને શીખવતો હતો, પરિસ્થિતિનો સ્વીકાર કરવાનું, કરને, માસ્તર મોટો. એ તો સ્વીકાર કરવાનો સમય આવે ત્યારે જ શક્તિ-અશક્તિની પરીક્ષા થાય છે. રડતાં તો મારી લલિતાનેય આવડે છે. સૂર્યા પણ બે મહિના પર તારી જેમ આંસુ દેખાડી ગઈ. તમે બધા....'

અહેમદ પોતાના મિત્રના હોલવાઈ જવાની અણી પર આવેલા દીવાની જ્યોત જેવા મુખને સજલનેત્રે ક્યાંય લગી તાકી રહ્યો. એ પત્ર લખવા જેટલો સ્વસ્થ થયો એટલામાં તો સત્યના ખાટલા સમક્ષ લલિતા આવી ઊભી.

'તું આવી પહોંચી!' સત્ય ખાટલામાંથી ઊઠવા ગયો.

'સૂઈ રહો.' લલિતાએ એને પાછો સુવાડી દીધો. અને પાસે બેઠી, કપાળે હાથ મૂકીને. અંદરથી પાંદની જેમ કંપી ઊઠી.

'આ વખતે તને મારી બીક ન લાગી ? '

'ના. ધમકાવીને પાછી ન કાઢશો. એટલું કહી રાખું છું.'

'ધમકાવીને ? હા. એમ કરીને તને પાછી મેલું ? તને ડર ન લાગે ? નથી લાગતો ?'

'ના. એવું તમે નહીં કરો. તમે મને વિશ્વાસ નથી આપ્યો ? હું હવે તમારા ઘરમાં રહેવા આવી છું. નિશાળનું હવે મને લપ નથી.'

'તો એમ કહે ને મારું લપ સ્વીકારવા આવી છે.' ને તરત મોંમાંથી વિષાદજન્ય ઉદ્‌ગાર નીકળી પડયો, નોકરી છૂટી ગઈ...

'હવે ?' ને એણે લલિતાનો હાથ પોતાની છાતી પર મૂકી જોરથી કહ્યું :

'કંઈ નહીં–હું છું ને !' પછી સૂર્યાના સીમંત–સમાચાર આપ્યા.

'હું જાણું છું. ભલુએ કહ્યું હતું–તમે...'

'હા. ગાંડી, એમાં ખચકાય છે શું ? અહેમદની શરમ ન રાખતી. એમાં સંકોચ શેનો ? એને નથી તો પછી આપણને કેમ હોઈ શકે ? હું બાપ બનવાનો છું. ફાધર. પિતા. અન્ડરસ્ટેન્ડ ! પણ છોકરીનો બાપ બનીશ. સૂર્યાને છોકરી આવશે. એની મા જેવું રૂપાળું ગોળમટોળ મોં હશે એને, હું એને ખૂબ ભણાવીશ. તારી જેમ શિક્ષિકા નહીં થાય એ સમજી ? ડૉક્ટર થશે ડૉક્ટર. નોકરી છૂટવાનો તો ભય નહીં ને !'

ને પછી સત્યે ઉપરાછાપરી બે પાંચ ઉધરસ ખાધી. પછી અહેમદને ઉદ્દેશી કહેવા માંડયો :

'આવોય ક્યારનો શું લખે છે અરે, મૂર્ખ, આ લલિતા આવી. તું ઘેર કાગળ લખતો હોય તો લખી દે, સત્યે લલિતાને પણ....'

હસ્યો.

'લખાવી દઉંને ?' એણે લલિતા તરફ જોયું.

'હવે પૂછો છો શું ?'

અહેમદના મોં તરફ જોઈને એણે કહ્યું.

'આ પણ એના પૂર્વજન્મમાં તારી જેમ મારી પ્રિયતમા હતો. નહીં તો આમ ક્યારનો રડે નહીં. એય, સૂર્યાને પત્ર લખી દે કે સત્યજીત અબ બડે આરામમેં હૈ. ચિંતાબિંતા ન કરે. અને છોકરી આવે તો જલદી કાગળ લખે.' પછી એ ધીરે ધીરે ગાવા માંડયો :

'ફૂલ મુરઝા ગયે તો ક્યા ગમ હૈ

ખિલનેવાલી કલીકી બાત કરો.'

અહેમદ હજી એવી જ રીતે લખ્યે જતો હતો. લલિતાને થયું સત્ય હજી કંઈક બોલશે, પરંતુ જે સત્ય હોય છે તે કંઈ વારંવાર બોલે નહીં. એ તો માત્ર હોય છે.

